ોનાં શરીરની સંભાળ રાખવી; સ્ત્રીઓને કેળવણી આપવી; મને હરવાફરવાની યોગ્ય છૂટ આપવી; મા અને સ્ત્રી ાસે તરફ સમભાવ રાખવો; બાળવિધવાઓને પરણાવવી મથવા વિધવાઓ તરફ તિરસ્કારની નજર ન રાખવી; શૂદ્રો તરફ દયાભાવ રાખવો અને તેમને પણ તેમનું જીવન સુધા-ર્વા વિદ્યા આપવી; એ ખાસ જરૂરનું છે. નબળા શરીરવાળા અને અજ્ઞાની માણસો વિચાર કરી શકતા નથી. સ્ત્રીઓને પડદામાં રહેવું પડે છે તેનું ખરું કારણ પુરુષોની ખોટી દૃષ્ટિ છે. સ્ત્રીઓએ વધારે હિંમત રાખવી જોઈએ અને પુરુષોએ તેમના તરફ માનની દૃષ્ટિથી જોવું જોઇએ. સ્ત્રી જગતની શક્તિ-નો અંશ છે અને તેને પડદામાં રહેવું પડે તો જીવનમાં ખરી શક્તિ આવશે નહિ. જીવનમાં કળા લાવવી જોઇએ. પુરુષો પણ સ્ત્રીઓના શરીરમાં ઉત્પન્ન થતા હોવાથી, સ્ત્રીઓના જીવ-નમાં સૌંદર્યની જરૂર છે. તેથી જ સ્ત્રીઓને સારાં કપડાં, ઘરેણાં, દેખાવ વગેરે પુરુષો કરતાં વધારે ગમે છે. જ્યાં સ્વચ્છ-તા, સુઘડતા અને નિર્ભયતા હોય છે, ત્યાં પ્રભુ વસે છે. આ બાબતો જરૂરી છે. પણ તે છતાં યુરોપની પેઠે માત્ર બહાર-નું જીવન સુધારવામાં જ મનુષ્યજીવન પૂરું કરવામાં આવે, તો અંતર્જ્ઞાનને વિકાસ પામવાની જગ્યા રહેતી નથી, તેને માટે પૂરતો વખત પણ રહેતો નથી. મન નિરંતર બહારની વસ્તુઓના વિચારમાં ભમ્યા કરે, આત્મા જેવી કોઈ વસ્તુ હોય જ નહિ એમ માની માણસ બેદરકાર રહે, તો તે પણ બીજી જાતનો સુધરેલ પશુ જ બને. કળા જરૂરની છે તેમ વિદ્યા પણ જરૂરની છે; એટલું જ નહિ પણ જો એમ માનીએ કે, શરીર કરતાં આત્મા વધારે ઉપયોગી છે, તો કળા કરતાં

પરદેશો, મહાન મહાન સુન્દરીઓ અને રાજ્યવિસ્તારો ઉત્પન્ન કરી દેશે.

ધન ધાન્યની વિપુલ સંપત્તિ, સુંદર આરોગ્ય, દીર્ઘ આયુષ્ય, સુદૃઢ બાંધાના પશુ અને માનવો, સુસંગઠિત સમાજો–મંડળો, સુવ્યવસ્થિત રાજ્યો, દીર્ઘદૃષ્ટિવાળા બુદ્ધિપુંગવો, અને તત્ત્વાન્વેષી આચાર્યો: આ વિપુલ સામગ્રીના જોરથી, અવકાશ અને સાધનોની બિનડખલ અનુકૂળતાને લીધે બુદ્ધિ વૈભવી અનેક નર–નારીઓ ધીમે ધીમે પણ પૂર્ણ મક્કમતાથી એવા તો આગળ ધપી રહ્યા છે કે–આજની આ તૈયારી સેંકડો નહીં, પરંતુ હજારો વર્ષ સુધી આર્ય સંસ્કૃતિનો, અને પ્રજાના વ્યક્તિત્વનો દીપક નિઃસંશય દીપતો રાખશેજ. તો પછી મિત્ર ! તમારો શું એવોજ અભિપ્રાય છે કે–મારે પણ એજ વિષયોમાં ગતાનુગતિકતા જ કર્યે જવી ? ”

“ વાહ ! વાહ !! ધન્ય કુમાર ! ધન્ય !! ” આ ઉદ્ગાર એકાએક સભાજનોના મુખમાંથી સરી પડ્યો.

“ પ્રિય વર્ધમાન ! કઇ અગમ્ય સાધનાના મનોરથો તમારા ચિત્તને આટલું દર્પણ જેવું અવદાત બનાવી રહ્યા છે ? બહુ વિચારને અંતે પણ તે લેશમાત્ર અમે કળી શક્યા નથી. તમારી વિશદાક્ષરી મધુર વાણી દ્વારા સ્પષ્ટીકરણ જાણવા ઉતાવળું મન તલપી રહ્યું છે. ” મહારાજ નંદિવર્ધને આશ્ચર્યથી પ્રશ્ન કર્યો.

કરવાની રીત બહુ સારી છે. પણ ચોખ્ખાઈના વિષયમાં બધી રીતે યુરોપની નકલ કરવામાં ફાયદો નથી. જે ગરમ પાટલૂનો યુરોપિયનો પહેરે છે તે ઘણા દિવસ સુધી ધોવાતાં નથી. હિંદુઓનાં ધોતિયાં રોજ ધોવાય છે. યુરોપિયનના જમવામાં વપરાતા કાંટા-ચમચા દરેક માણસના મોઢામાં જાય છે. વળી જમ્યા પછી તેઓ મોઢું પણ ધોતા નથી અને હમેશાં નાહવાની રીત પણ તેઓ આ દેશના માણસો પાસેથી શીખ્યા હોય તેમ લાગે છે. કુદરતી હાજતે જતાં પાણીને બદલે કાગળનો ઉપયોગ અહીંની દૃષ્ટિએ સુઘડ લાગતો નથી અને મડદાને બાળવા કરતાં દાટવામાં પણ તેમની રીત સારી લાગતી નથી. નાકમાંથી ખરાબ પદાર્થ નીકળે તે રૂમાલમાં લઈ તે રૂમાલ તેઓ ખિસ્સામાં મૂકે છે અને અહીંના કેટલાક માણસોએ પણ તે રીત સ્વીકારી છે. વગર વિચારે તેઓના સંસ્કાર સ્વીકારવાથી જીવન કઢંગું થશે અને અહીંની સારી રૂઢિઓ નષ્ટ થશે.

જ્યારે વેપારી સંસ્કારનું જોર હોય છે ત્યારે ફુરસદનો વખત પણ વધારે પૈસો મેળવવામાં વપરાય છે, સારાં પુસ્તકોનું વાચન કે આત્મવિચાર સૂઝતો નથી. ફુરસદને વખતે શું કરવું તે ઘણા માણસોને સૂઝતું નથી; તેથી વર્તમાનપત્રો હાથમાં લઈ તેમાંથી ઉપયોગી અને બિન-ઉપયોગી બાબતો ઉપર મનને દોડાવે છે. પોતાની ટૂંકી જિંદગીમાં શો પુરુષાર્થ કરવાનો છે તેનો સાચો વિચાર સૂઝતો નથી અને જિંદગીના અંતે પણ તે જ દશા રહે છે.

મનમાં અશાંતિ ચાલુ હોય છે. પોતાની પાસે હોય તે

શ્રી વર્ધમાનકુમારે ક્ષણ વાર મૌન ધર્યું. ચક્ષુઓ બંધ કરી પ્રણિધાનભરી એક દ્રષ્ટિ અંતરમાં ફેંકી. ચક્ષુઓ ઉઘાડી, આશ્ચર્યચકિત સ્તંભિત જેવા ઉત્સુક સભાજનો તરફ એક દષ્ટિ ફેંકી, અને બીજી, વડિલ ભ્રાતાની ઉદ્વિગ્ન મુખમુદ્રા તરફ પણ વિનય નમ્ર, દૃઢતાસૂચક, દયામય, પ્રસન્નતાભરી અને ગંભીર દૃષ્ટિ ફેંકી. ફરી મૌન ધારણ કર્યું, અને પછી ધીમે ધીમે નીચેના અક્ષરો મુખમાંથી સેરવ્યા.

" આર્ય ! માતા–પિતાના સ્વર્ગગમન સાથેજ મારા નિશ્ચયનો અવધિ આવી પહોંચ્યો છે. "

" શી બાબતનો નિશ્ચય ? વ્હાલા ! "

" સર્વસ્વના પરિત્યાગનો– "

એકાએક દેવશ્રી નંદીવર્ધનની આંખમાંથી અશ્રુ-પ્રવાહ ચાલ્યો. એકાએક મૂર્છિત જેવા થઈ ગયા.

" શાંત થાઓ ! મહારાજ ! શાંત થાઓ. " શ્રી વર્ધમાનકુમારે સ્વહસ્તેજ ઉત્તરીય પલ્લવથી વાયુ વીંજ્યો.

થોડી વારે ચેનના વળી એટલે એકાએક કુમારશ્રીને મહારાજ ભેટી પડ્યા. મસ્તક પર હાથ ફેરવતાં ફેરવતાં માત્ર મહાકષ્ટે નીચેના—

" કુમાર! શો આ દાઝ્યા ઉપર ડામ ! ! " એ શબ્દો ઉચ્ચાર્યા કે સભાજનોની પણ આંખમાં ઝાકળનાં બિંદુઓ ફૂટ્યાં.

જીવન ધર્મથી ઘડાયેલ, બધાં માણસો ઈશ્વરને માટે જ જીવે, ધર્મ અને મોક્ષ માટે બહારનું જીવન ત્યાગ કરવાને તૈયાર, અર્થ અને કામ માટે બેદરકાર, ભગવો રંગ; સાદું જીવન, અને અંદર જ્યોતિર્મય આત્માનો અનુભવ પ્રાપ્ત કરી, સિદ્ધ ભાગવત, યોગી અને મુક્ત થવામાં જ માન લેવાય. આ જીવન યુરોપને વિલક્ષણ લાગ્યું, સમજાયું નહિ; પણ પોતાના સ્વાર્થ માટે અનુકૂળ લાગ્યું.

મનુષ્યજીવનનું સાફલ્ય સમજવામાં હિંદે બિલકુલ ભૂલ કરી નથી. આત્માનો અનુભવ મુશ્કેલ છે. કરોડો જન્મની મહેનત પછી મળે છે, પણ છતાં જરૂરનો છે. તે બાબત સમજવી, તે પ્રમાણે જીવન ગોઠવવું, તે પ્રમાણે સમાજની વ્યવસ્થા કરવી એ હિંદની વિદ્યાકળાનો મહિમા છે. તે વ્યવસ્થાનો ઇતિહાસ રામાયણ અને મહાભારતમાંથી મળી આવે છે.

છતાં એવી વ્યવસ્થામાં કોઈ કોઈ ખામી જણાય એ સ્વાભાવિક છે. આત્મપ્રાપ્તિમાં એક જ જાતની વ્યવસ્થા પૂરતી નથી. બધા કાળમાં તે વ્યવસ્થા સારી રહે તે પણ બનવું મુશ્કેલ છે. એવો એકે દેશ નથી કે જેની વિદ્યાકળા ખામી વગરની હોય, કે જે બધા કાળમાં ખામી વગરની રહી શકે અને આત્મપ્રાપ્તિમાં સહાયભૂત થાય. હિંદમાં તે માટે ઘણો વિચાર થયેલો અને આખરે સમાજ ઠીક રાખવા માટે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણ અને વ્યક્તિના સંસ્કાર માટે બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ એ ચાર આશ્રમ; અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ નક્કી થયા.

પદેશકો, મહાન મહાન મુત્સદ્દીઓ અને રાજાધિરાજાઓ ઉત્પન્ન કરી દેશે.

ધન ધાન્યની વિપુલ સંપત્તિ, સુંદર આરોગ્ય, દીર્ઘ આયુષ્ય, સુદૃઢ બાંધાના પશુ અને માનવો, સુસંગઠિત સમાજો-મંડળો, સુવ્યવસ્થિત રાજ્યો, દીર્ઘદૃષ્ટિવાળા મુનિપુંગવો, અને તત્વાન્વેષી આચાર્યો : આ વિપુલ સામગ્રીના જોરથી, અવકાશ અને સાધનોની બિનડખલ અનુકૂળતાને લીધે બુદ્ધિ વૈભવી અનેક નર-નારીઓ ધીમે ધીમે પણ પૂર્ણ મક્કમતાથી એવા તો આગળ ધપી રહ્યા છે કે— આજની આ તૈયારી સેંકડો નહીં, પરંતુ હજારો વર્ષ સુધી આર્ય સંસ્કૃતિનો, અને પ્રજાના વ્યક્તિત્વનો દીપક નિ:સંશય દીપતો રાખશેજ. તો પછી મિત્ર ! તમારો શું એવોજ અભિપ્રાય છે કે-મારે પણ એજ વિષયોમાં ગતાનુગતિકતા જ કર્યે જવી ? ”

“ વાહ ! વાહ !! ધન્ય કુમાર ! ધન્ય ! ! ” આ ઉદ્ગાર એકાએક સભાજનોના મુખમાંથી સરી પડ્યો.

“ પ્રિય વર્ધમાન ! કઇ અગમ્ય સાધનાના મનોરથો તમારા ચિત્તને આટલું દર્પણ જેવું અવદાત બનાવી રહ્યા છે ? બહુ વિચારને અંતે પણ તે લેશમાત્ર અમે કળી શકયા નથી. તમારી વિશદાક્ષરી મધુર વાણી દ્વારા સ્પષ્ટીકરણ જાણવા ઉતાવળું મન તલ્પી રહ્યું છે. ” મહારાજ નંદિવર્ધને આશ્ચર્યથી પ્રશ્ન કર્યો.

મનુષ્યના સ્વભાવ પ્રમાણે તેના જુદા જુદા માર્ગ થયા છે. તેમાં એક માણસ બીજાને હરકત કરે તો તે માણસ પોતાનો જીવ આપવા તૈયાર થાય છે. બીજાને પણ પોતાના ધર્મની તેટલી જરૂર છે, એમ સમજીને બીજાને હરકત કરવી ન જોઇએ, એટલી સમજણ પણ ન રહી એ યુરોપની વિદ્યાકળાનું પરિણામ છે. યુરોપની વિદ્યામાં ધર્મ પ્રત્યે માન નથી અને એ વિદ્યા શીખેલા લોકો એ માન ભૂલી ગયા છે. મંદિરો કે મસ્જિદો મોક્ષ આપે તેમ નથી, પણ મોક્ષ તરફ લઈ જવાનાં સાધન છે. તે દૃષ્ટિએ બન્ને સરખાં ઉપયોગી છે.

ધર્મનું ઝનૂન હોય, અભિમાન હોય તેથી વિદ્યાકળાની ખામી જણાતી નથી. ઊલટું તેથી તેનું મહત્ત્વ સિદ્ધ થાય છે. યુરોપમાં જેમ વેપારની અભિવૃદ્ધિમાં જે માણસ અભિમાન લે તે વિદ્વાન ગણાય છે, તેમ હિંદમાં ધર્મમાં અભિમાન લેનાર વિદ્વાન મનાય છે અને જો હિંદની વિદ્યાકળા હિંદમાં અપાતી હોત તો હિંદુ એમ માનત કે, મસ્જિદમાં મુસલમાન જે બંદગી કરે છે તે મારા પ્રભુની સ્તુતિ કરે છે અને તેથી તેને અડચણ ન આવે તેમ મારે વર્તવું જોઇએ. મુસલમાન એમ માનત કે, મંદિરમાં જે ઘંટાનાદ થાય છે તે ખુદાને પોકારવાની બાંગ છે. ગાય ખુદાની કામધેનુ છે અને તેથી ગાય પગે લાગવાને યોગ્ય છે. વળી ગાય તરફથી દૂધ, દહીં, છાશ, ઘી અને બળતણ માટે છાણ મળે છે એ કાંઈ ઓછો લાભ નથી. આવી જાતના રાષ્ટ્રીય શિક્ષણની જરૂર છે.

હિંદનો ધર્મ તે જ ઈશ્વરને માને છે, કે જેને કાળ નથી,

૨

તુલના.

" અહો ! પરિચારકો અને પરિચારિકાઓ ! સાવધાન જુઓ, ચોઘડીયાં સંભળાય છે. મંત્રણા મંદિરની સભા વિસર્જન થઈ જણાય છે. કુમારશ્રી હમણાંજ પધાર્યા સમજો. સાંધ્ય કૃત્યોચિત સર્વ સેવા સામગ્રીની તૈયારીમાં લાગી જાઓ " વૃદ્ધ કંચુકીએ આજ્ઞા ફરમાવી. તાલીમબદ્ધ પરિચારકગણ પોતપોતાને કામે લાગી ગયો.

* * * * *

" પધારિયે કુમારશ્રી ! આ સર્વ સામગ્રીથી સજ્જ

અને જીવનનો હેતુ ભુલાવા લાગ્યો. આપણે કયાં છીએ અને કયાં જવાનું છે તે યુરોપનાં ચશ્માંથી જોવામાં આવે છે અને તેથી આપણને તેના જેવા થવાનું મન થાય છે. શિવાજી કરતાં ક્રોમ્વેલ સારો લાગે છે. શંકરાચાર્ય કરતાં લ્યુથર ઉત્તમ જણાય છે. સીતા અને દ્રૌપદી કરતાં કલીઓપેટ્રામાં ગુણ વધારે લાગે છે.

યુરોપની નજરે રામ અને સીતાનું જીવન નકામું લાગે છે. રામે કોઈ જાતનો વેપાર કર્યો નહિ; સાવકી માને ખુશ કરવા અને પિતાનું વચન પાળવા ભરતખંડનું રાજ્ય છોડી દીધું; પણ હિંદની દૃષ્ટિએ તે ઈશ્વરનો અવતાર હતા. તે દૃષ્ટિએ સ્વચ્છંદી જીવન કરતાં સંયમી જીવન સારું ગણાય છે. તે હજી યુરોપને શીખવાનું છે. રામચંદ્રજી વનવાસ ગયા ત્યારપછી જ્યારે ભરત પોતાના મામાને ત્યાંથી પાછા આવ્યા અને રામચંદ્રજીને અરણ્યમાં મળવા ગયા, ત્યારે ભરતજીએ રામચંદ્રજીને કહ્યું કે, 'મારે ધર્મ, અર્થ, કામ કે મોક્ષ કાંઈ જોઈતું નથી. હું તો જન્મોજન્મ શ્રીરામચંદ્રજીમાં પ્રીતિ રહે તે જ માગું છું.' ઉત્તરે શ્રીરામચંદ્રજીની આજ્ઞા મળ્યા પછી ભરતજીએ રાજ્ય કર્યું. જે વિદ્યાથી ધર્મને ખાતર હિંદનું રાજ્ય છોડનાર મહાપુરુષો ઉત્પન્ન થયા અને અર્થને ખાતર પોતાનાથી ઓછી બુદ્ધિવાળા મતદારોના મત માગતા ભિખારી જેવી સ્થિતિના પારાસભાના સભાસદો જે વિદ્યાથી ઉત્પન્ન થયા, તેની તુલના સહજે કરી શકાય તેમ છે.

યુરોપની કળાથી તૈયાર થયેલાં ચિત્રો અને પૂતળાં જુઓ અને હિંદની કળાથી થયેલ મૂર્તિઓ જુઓ. યુરોપનાં

આપણા રાજમ્હેલની ચિત્રશાળા." આગળ આગળ ચાલતા કલહંસકે નિવેદન કર્યું.

"જય જય ભદ્ર ! ચિરંનંદ !" પરિચારકોએ જયઘોષ કર્યો.

શ્રી વર્ધમાનકુમારે ઈષદ્ હાસ્યથી સર્વની સંભવના કરી પ્રસન્નતા બતાવી.

"પ્રફુલ્લક ! અસીમ ગામ્ભીર્યના સાગર અને સમયોચિત સર્વ વ્યવહારમાં કુશળ કુમારશ્રીની મનોદશા કળવી મહા મુશ્કેલ છે; પરંતુ કહે કે ન કહે–આજે હમ્મેશ કરતાં કંઈક પરિવર્તન અવશ્ય જણાય છે. મધ્યાહ્ન સમયે પણ એવાંજ કંઈક ચિહ્નો જણાયા હતા. ખરૂં કે નહીં ?" પ્રિયંવદકે પ્રફુલ્લકના કાનમાં ધીમે ધીમે આટલા અક્ષર કહ્યા ન કહ્યા, તે પહેલાં તો શ્રી વર્ધમાનકુમાર ભદ્રાસન પર બિરાજી ચૂકયા હતા.

* * * * *

ત્યાર પછી સર્વ સાંધ્ય કૃત્યોથી નિયમ પ્રમાણે પરવારી, સર્વ પરિજનોને એકઠા કરવાની કલહંસકને આજ્ઞા કરી.

કલહંસકે સંજ્ઞા કરી, કે એકાએક સૌ પોતપોતાના કામકાજ છોડી કરી એકઠા થઈ ગયા ! !

"શું છે ? શું હશે ? આજે વળી આ શું ? શું

હતી, તો આટલી પરાધીનતા શા માટે? એ વાત સાચી છે કે, યુરોપના જેવું ઉદ્યોગી જીવન, કારખાનાના ધુમાડા, પાર્લામેન્ટના સ્વાર્થી ઠરાવ વગેરે હિંદમાં થયેલ નથી, પણ તે દષ્ટિએ હિંદને જોવાનું નથી. યુરોપમાં અર્થ અને કામ એ બે પુરુષાર્થ મનાતા હોવાથી મૂડીવાળા અને મજૂરીવાળાની બે જ્ઞાતિ બંધાયેલ છે. હિંદમાં અર્થ, કામ, ધર્મ અને મોક્ષ, એ ચાર પુરુષાર્થ મનાતા હોવાથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ ચાર જ્ઞાતિ બંધાયેલ છે. અર્થ અને કામ કરતાં ધર્મ અને મોક્ષ ઉત્તમ હોય, તો હિંદની વિદ્યાકળા યુરોપ કરતાં ઉત્તમ માની શકાય. મનુષ્યની અંદર રાજસિક અને તામસિક વૃત્તિ સારી ગણાય તો યુરોપને સંસ્કારી દેશ કહેવો જોઇએ અને સાત્ત્વિક અને ધાર્મિક વૃત્તિ સારી ગણાય તો હિંદને સંસ્કારી દેશ ગણવો જોઇએ. જે દેશની વિદ્યાકળા મનુષ્યના સારા સ્વભાવને ખીલવે, તે દેશ ઉત્તમ કહેવાય.

હિંદી રાજ્યતંત્રમાં ઋષિને ખાસ જગ્યા હતી. તેની સલાહને માન અપાતું. ધર્મ, નીતિ અને રાજ્યના કાયદા તેની સલાહથી બંધાતા. હવે તે કામ યુરોપની પદ્ધતિ પ્રમાણે લેજિસ્લેટિવ કાઉન્સિલ કરે છે. તેઓ યુરોપના જેવું રાજ્યતંત્ર માગે છે અને યુરોપની માફક અર્થ અને કામ એ બે પુરુષાર્થ સિદ્ધ થાય એવા કાયદા બાંધે છે. ઇંજિલ્લાઓમાં ઋષિની જગ્યાએ 'કલેકટર', એટલે 'પૈસા ભેગા કરનાર' દાખલ થયેલ છે.

મહાત્મા સાદું જીવન માગે છે કે જે જીવન ધર્મ અને

થશે ? કોણ જાણે શું યે થશે ? ચાલોને, જોઇએ તો ખરા, શું થાય છે ? જે થવાનું હશે તે થશે. શું વળી થઇ જશે ? ” આમ પરસ્પર છાના છાના ગણગણતા, એક બીજાના મ્હોં સામું જોતા જોતા છેવટે 'શ્રી વર્ધમાન-કુમાર શું કહેવાના છે ? ' તે સાંભળવાને ઉત્સુક ચિત્તે શાંત-પણે વિનય નમ્ર ચ્હેરે સૌ ઉભા રહ્યા.

“ કલહંસક વિગેરે સર્વ પરિજન ગણ ! પરિજન શબ્દ મારી દૃષ્ટિમાં વ્યવહાર માત્ર જ છે. મેં કદી કોઇને વસ્તુતઃ પરિજન માન્યા જ નથી. સર્વ સત્ત્વોમાં સદા જાગતી સમનતાબુદ્ધિ એમ શી રીતે માનવા જ દે ? તોપણ આજ સુધીનો આપણો બાહ્ય વ્યવહાર સેવ્ય-સેવક તરીકેનો રહેતો આવ્યો છે. તેમાંથી પણ આજથી તમને સર્વને મુક્ત કરૂં છું. એટલે કે—ન હું સેવ્ય, ન તમે સેવકો— ” ત્યાં તો એકાએક—

“ નયનામૃત કુમારશ્રી ! અમે પણ નથી જાણ્યું કે-સેવ્ય તથા સેવક એટલે શું ? કડકડતી ઠંડીમાં અગ્નિની માફક આપના સહવાસની હુંફમાં રહી માત્ર આત્માને કૃતાર્થ કરીએ છીએ. ચંદ્રની ચંદ્રિકા જોઇ કુમુદની માફક પ્રફૂલ રહીએ છીએ. આપની અમૃતમય પ્રસન્ન દૃષ્ટિથી સદા છંટકાતા અમે અન્ય સર્વ ભાવોને ભૂલી, કેવળ આપમાં જ તન્મય બની રહીએ છીએ.

આપશ્રીજ અમે નદા નનાથતા, નનંધુના, નનુખાભાત

છે તે અને 'વિષ્ણુસહસ્રનામ'માં વિષ્ણુનાં જે નામો આપવામાં આવેલ છે તે લગભગ સમાન છે. આવી હકીકત લોકો પાસે મૂકી લોકોમાં સમભાવ લાવવો જોઈએ.

સમાજસેવા કરવી એ પહેલી ફરજ છે, એમ માની અંધકારમાં ભમતા સમાજને વધારે વિષયો આપી સમાજને વધારે અંધારામાં નાખવો જોઈએ નહિ. અંધારામાં ભમતા સમાજને વધારે 'અજવાળા'ની જરૂર છે, જ્ઞાનની જરૂર છે, માત્ર શરીરસેવાની જરૂર નથી. પ્રકાશ હશે તો સૌ પોતાને જોઈતું હશે તે શોધી લેશે.

અંગ્રેજ સરકારે દશ રૂપિયાની નોટની પાછળ છાપ્યું હતું કે 'હેવન્સ લાઈટ, અવર ગાઇડ' એટલે આત્માનો પ્રકાશ અમને માર્ગ બતાવશે. એ વાક્ય પણ દશ રૂપિયાની નવી નોટમાંથી કાઢી નાખ્યું છે.

પ્રાચીનકાળમાં એશિયાના મહાત્માઓએ જગતને સ્વર્ગનો પ્રકાશ આપ્યો હતો અને તેથી યુરોપની દૃષ્ટિ એશિયા તરફ વળી છે. તેથી જ કદાચ ઈંગ્લૅંડ અને હિંદનો સંબંધ કુદરતે કરી આપેલ છે; કારણ કે એશિયાનું એશિયા હિંદ છે.

યુરોપની વિદ્યાકળામાંથી પણ ઘણું શીખવાનું છે; પણ વગર વિચારે તે સ્વીકારવાથી તેના સારા ભાગ સાથે તેનો ખરાબ ભાગ પણ આવી જાય છે અને અહીંના જીવનને વધારે બગાડે છે. રજોગુણની વૃદ્ધિ થાય ત્યારે તમોગુણ સુધરે છે, પણ સત્ત્વગુણ દબાઈ જાય છે અને તે દબાઈ જવાથી આત્મજ્ઞાન મંદ થાય છે.

અનુભવિએ છીએ ! પરંતુ, નાથ ! શો અપરાધ ? શેણે આમ એકાએક પરિત્યાગ ? " સર્વેની વતી કલહંસકે આમ વિનવ્યું, ને જવાબની આશાએ અંજલિ જોડી કુમારશ્રીના મુખ–ચંદ્ર સામે ચકોરની માફક દૃષ્ટિ સમર્પીને ઉભો રહ્યો.

" નહિં, નહિં, કલહંસક ! તમારો જ માત્ર પરિત્યાગ કરવાનો છે, એમ ન સમજજો, પણ સર્વસ્વનો પરિત્યાગ મને ઇષ્ટ છે.

અથવા, પ્રેમની ક્ષેત્ર મર્યાદાનો વિસ્તારજ માત્ર કરવા ઇચ્છું છું, એમ કહું તોપણ ચાલે. આજે કુટુંબ કબીલો અને. પરિજનોમાં જ જે પ્રેમ મર્યાદિત થઇ રહ્યો છે, તેને સમસ્ત પ્રાણિ વર્ગ સાથે બંધુભાવ અનુભવવા ને નિરવધિ–વિશ્વ-વ્યાપિ બનાવવા ઈચ્છું છું.

પરંતુ, કલહંસક ! આ અમારા મનોરથો હજુ વડિલ બંધુશ્રીના અનુરોધથી માત્ર મનોરથો જ છે. તોપણ આવતી કાલથીજ વનમાં પ્રસ્થિતને યોગ્ય જીવનનો અનુભવ લેવાને એકાંત સેવવાની શરૂઆત કરવાનો અમે ત્યાંસુધી દૃઢ નિશ્ચય કર્યો છે, કે જ્યાંસુધી અમારા મનોરથોને અતિપ્રતિબંધકપણે વડિલ બંધુશ્રીની મનોવૃત્તિનું વલણ ન રહે. "

" શું અમારી સ્વામિની યશોમતી દેવીનો, અને પ્રિય-પુત્રી પ્રિયદર્શના સુદ્ધાંનો પરિત્યાગ કુમારશ્રીને સુશકય છે ? "

" અમારો પ્રયત્ન તે પરિત્યાગને પણ તદ્દન સુશકય

માનવાનું નથી; પણ માણસનું જીવન તેનાથી વધારે સંયમી, સરળ, ઉત્તમ ભાવના આપે તેવું થાય તેમ છે કે નહિ તેનો વિચાર કરીને કરવા જોઈએ.

જાપાને યુરોપની નકલ કરી છે અને કેટલીક કળામાં તો તે યુરોપથી પણ આગળ વધી ગયું છે, પણ તેથી ત્યાં આત્મવિદ્યા કેટલી મંદ થઈ ગઈ છે તે પણ સમજવું જોઈએ. બહારનું જીવન કળાવાન કરવું અને તે જ સાથે અંદરનો વિકાસ બિલકુલ અટકે નહિ એ કામ સહેલું નથી. જે વખતે જે જગ્યાએ વૃત્તિ અને પ્રાણ બહાર જાય છે, તે વખતે તે જગ્યાએ તે અંદર જઈ શકતા નથી અને જ્યારે અંદર જાય છે ત્યારે બહાર જઈ શકતા નથી. બન્ને બાબત ધ્યાનમાં રાખીને હિંદની વિદ્યાકળા પ્રમાણે સમાજવ્યવસ્થા થઈ હતી અને થોડીક ખામી છતાં તેનાથી જીવન ઠીક ચાલતું હતું. પણ છેલ્લાં સો વર્ષથી થયેલ સાયન્સની નવી શોધોથી પશ્ચિમના લોકોને મળેલ નવી શક્તિથી થયેલ હુમલા સામે હિંદની કળા ટકી શકી નહિ; કારણ કે હિંદની કળાનો હેતુ વિદ્યાનો વિકાસ કરવાનો હતો, લડાયક સ્વભાવ ઉત્પન્ન કરવાનો નહોતો. હિંદમાં 'અહિંસા' એ પરમ ધર્મ મનાય છે. અહિંસક વૃત્તિથી સાત્ત્વિક ગુણ વધે છે, તેનાથી જ્ઞાન વધે છે. જેઓને આત્મજ્ઞાનની જિજ્ઞાસા છે, તે તો સમજે છે કે, જે વસ્તુ આ પૃથ્વી ઉપર ક્યાંય મળે તેમ નથી, તે હિંદમાં મળે તેમ છે. તે હિંદની અધ્યાત્મવિદ્યા છે, તે હિંદનું ધન છે. તે દૃષ્ટિએ હિંદ હજુ પણ સંસ્કારી દેશ છે, સુધરેલ છે અને બીજાને સુધારી શકે તેમ છે.

કરી મૂકે તેવો જ છે. મંદારિકે ! તું તેઓને આ અમારી પ્રવૃત્તિ સંભાળપૂર્વક વિવેકથી નિવેદન કરી શકે છે. ”

“ સ્વામિન્ ! શો આ ઉત્પાત ? ” કહી મંદારિકા ચાલી ગઈ.

“ આ ઉત્પાત નથી મંદારિકે ! પરંતુ અમારા જીવનની એ તો સ્વાભાવિક સ્થિતિ છે. ”

“ એ સ્વાભાવિક સ્થિતિ માણવાને કુમારશ્રી ! અમારૂં યે મન તલસે છે; નહીં કે પ્રાણાંતે પણ આપનો સહચાર છોડવાને. ”

“ કલહંસક ! બાપુ ! અતિ વિકટ માર્ગ છે એ. અતિ સમર્થ પુરુષોનાં યે હૃદયો, એ કંપાવી નાંખે છે.

આ મ્હેલવાસી રાજકુટુંબીજનોનો સહચાર એજ હજુ તમારે યોગ્ય કર્તવ્ય છે, ને હમ્મેશની માફક હજુ પણ તેજ બજાવ્યે જાઓ. ”

“ આપનું એકાન્ત નિવાસસ્થાન પણ આ જ મ્હેલ રહેશે કે ? ” આશ્વાસન પામી કલહંસકે પૂછ્યું.

“ નહીં, નહીં. આને એકાન્ત સ્થાન કેમ કહી શકાય ? અમારો એકાન્ત વાસ તો રાજગઢના અંત પ્રાંત ભાગના વિરલ જન પ્રચારવાળા કોઈ મકાનમાંજ નક્કી કરી લેવામાં આવશે. જ્યા કોઈ પરિજનની પણ અપેક્ષા નહિ રહે ”

ાહ છોડવા જ પડશે. આ વાત પશ્ચિમના મહાત્મા જેકબ
હમી, એડવર્ડ કાર્પેન્ટર, વૉલ્ટ વીટમૅન વગેરે પણ સારી રીતે
મજી શકયા છે. છતાં આવા મુશ્કેલ પ્રશ્નોના ઉકેલમાં
ૂલો થવાનો સંભવ રહે છે. પ્રાચીનકાળમાં ઋષિમુનિઓ ભૂલો
ુધારી રસ્તો બતાવતા. સંસારી લોકો પોતાની ટેવો ધીરે
ધીરે સુધારી શકે અને સમજી શકે તેવી વિદ્યા તેમને મળે
તે માટે પુરાણો રચાયાં છે. અધિકાર પ્રમાણે આત્મવિકાસને
માટે જગ્યા કરેલી છે. આત્મવિકાસ તરફ મુખ્ય દૃષ્ટિ રાખવી
એ જરૂરનું છે કે નહિ તે સુધારકોએ વિચારવાનું છે.

એક વખત હિંદના નાયબ વજીરે પાર્લામેન્ટમાં જણાવ્યું હતું કે, 'હિંદના લોકો આ જીવન ક્ષણિક માની તે સુધારવા તરફ બેદરકાર રહે છે. સરકારની સત્તા તેમના રીતરિવાજ ઉપર ચાલતી નથી. યુરોપના રીતરિવાજ ઉપર યુરોપની સત્તા ચાલે છે તેથી તે પ્રજાનું જીવન સરકાર સુધારી શકે છે. પણ હિંદમાં તેવું નથી.'

યુરોપની સરકારે ત્યાંની પ્રજાનું જીવન કેવું બનાવ્યું છે તે હવે અજાણ્યું રહ્યું નથી. ત્યાંની પ્રજા હવે કોઈ નવો માર્ગ શોધે છે તે વિષે શંકા નથી. ધર્મ એ ઢોંગ છે, આત્મા જેવી કોઈ વસ્તુ નથી, મોક્ષનો વિચાર નકામો છે-એ કહેવું સહેલું છે, પણ માણસ પોતે છે તેટલો જ રહી શકતો નથી. યુરોપની વિદ્યાકળાથી મનુષ્યત્વ પૂરતું ખીલતું નથી. માણસનું માણસપણું બૂટ અને ટોપીની વચ્ચે સમાઈ જતું નથી.

હિંદમાં મહાત્માઓ જ હતા એમ નથી. હિંદમાં સારા કવિઓ, વેપારીઓ, રાજ્યકર્તાઓ, યોદ્ધાઓ, વીરો વગેરે થયા

" તો પછી અમારે અહીં રહી શું કરવું ? "

" તમારે રાજકુટુંબ અને રાજમાન્ય આપ્તજનો જે ઇચ્છે તે કરવું. અમારી તો માત્ર દૂરથીજ સંભાવના કરવી."

" છતાં આપની કંઇક તો અમારે સેવા કરવી જ જોઇશે. માત્ર તેનો પ્રકાર જણાવવાની આપ કૃપા કરશો. "

" અમારો જીવન ક્રમજ જુદી જાતનો હશે. જેમાં સહાયક વર્ગની કશી અગત્ય જ નહીં રહેવાની. સ્વયમેવ સ્વામી અને સ્વયમેવ સેવક, અર્થાત્ પ્રવૃત્તિઓનોજ સંકોચ રહેવાનો. આવશ્યક પ્રવૃત્તિ પણ સ્વયં જ કરી લેવાની. કલ્પ્ય આહાર અને પ્રાશુક જલાદિનો યોગ્ય યોગ જાતે જ મેળવી લેવાનો રહેશે. વખતનો ઘણો ભાગ મૌન અને ધ્યાનાવસ્થામાંજ વીતશે, એટલે વિનોદાદિકને અવકાશ પણ કયાં રહ્યો ? કોણ કોનો પરિજન ? પરિજન બુદ્ધિજ વિલય પામ્યા પછી પરિજનની શી જરૂર ? કલહંસક ! "

" સ્વામિન્ ! શું સાંભળીએ છીએ; અને આ બધું શું થઇ રહ્યું છે ? તેમાંનું કશું અમે કળી શકતાજ નથી. શું કરીએ ? કયાં જઇએ ? કોને કહીએ ? સર્વથા નિરૂપાય બની હતાશ થઇ જઇએ છીએ.

આપની આજ્ઞા અમૃત સિંચન તુલ્ય જણાય છે. ત્યારે આપના સહવાસનો ત્યાગ બીજું મૃત્યુ લાગે છે. નાથ ! અમે અનાથો કોને શરણે જઇશું ? આપના મનોરથો સાં-

લોકોના મનમાં અશાંતિ રહ્યા કરે છે. તેથી જ લડાઈના સાધન માટે અખૂટ ધન વાપરવું પડે છે. જેમ અર્થપ્રાપ્તિ અને કામતૃપ્તિ એ પુરુષાર્થ છે, તેમ ધર્મવૃત્તિ અને મોક્ષસિદ્ધિ એ પણ પુરુષાર્થ છે. મનુષ્ય પોતાના આત્માનો અનુભવ ન કરે, ત્યાં સુધી મનુષ્યજીવન નકામું જ સમજવાનું છે. પણ બધા મનુષ્યના સ્વભાવ સરખા હોતા નથી, બધાને અનુકૂળ સંજોગો મળતા નથી; તેથી મળેલ સંજોગો સુધારવામાં જ વિદ્યાકળાની મહત્તા છે. બહારનું જીવન સુધરે ને અંદરનું પણ સુધરે એમ રહેવું મુશ્કેલ છે, છતાં એવા પ્રકારનું જીવન જે મનુષ્ય ગાળી શકે તે જ ખરો પુરુષાર્થી કહી શકાય. મુશ્કેલી-ના પ્રસંગોમાંથી નવા રસ્તા કાઢી શકે તે જ ખરી વિદ્યાનું ફળ છે. તે વખતે જ જીવનમાં કળા દેખાય છે. કળા એટલે જીવનમાં નવીનતા લાવવી, આત્માનો વિકાસ કરવો અને આટલું કામ જે વિદ્યાથી થાય તે જ સારી કહી શકાય. પશ્ચિમમાંથી તે માટે મળે તે લેવું, હિંદમાંથી જે સારું હોય તે ગ્રહણ કરવું અને બન્નેની અસરથી વિદ્યાવાન અને કળાવાન થઈ પોતાનું જીવન બીજાને દૃષ્ટાંતરૂપ થાય તેમ રહેવું જોઈએ. તેમાં જ હિંદની ઉન્નતિ સમાયેલ છે.

ખરી કળા ભોક્તાનો આત્મા જાગ્રત કરી આપે છે અને ખરો ભોક્તા કળામાં પોતાનું સ્વરૂપ જોઈ શકે છે. કળા ગમે તેવી સારી હોય તોપણ ભોક્તા વિના કળાની કાંઈ કિંમત નથી. પુરુષ વગર પ્રકૃતિની કાંઈ કિંમત નથી. પણ સંસારના સુખમાં પુરુષ ભોક્તા મટીને ભોગ્ય બની જાય છે અને કામ અને ક્રોધ તેના ભોક્તા બને છે.

ભણી અમારાં મુખ નિર્વાક્ થઇ ગયાં છે, પરંતુ માનસિક રણરણાટ હજારો પોકારો ઉઠાવી રહ્યો છે !

આપના ઉદ્ધારક ચરણોને વળગી પડીએ ? કે એ ચરણોમાં બાળકની માફક આળોટી પડીએ ? કે આપના મુખ–ચંદ્રની જ્યોત્સ્નાનું ચકોરની માફક સામે બેસીને પાનજ કર્યા કરીએ ? શું કરીએ ? કશું સુજતું નથી. આટલી હદ સુધી અમૃત પીરસી હવે એકાએક— ”

“ કલહંસક ! ખેદ પામવાની કશી જરૂર નથી. જગત્‌માં સંયોગ–વિયોગ અનિવાર્ય છે. આવા પ્રસંગોમાં મનોવૃત્તિનું સમતોલપણું જ ફાયદાકારક છે. તેથી તેનો જ આશ્રય લેવાની મારી સલાહ છે; અને સર્વ પરિજન વર્ગને છેવટે એટલું જ કહેવાનું છે કે—

ગમે તેવા ઉલટસુલટ જીવનના પ્રસંગોમાં મનોવૃત્તિનું સમતોલપણું ન તજવું અમે પણ કદી કોઇના પ્રત્યે સ્વામિત્વના અભિમાનથી, પ્રમાદથી કે બીજા કોઇ પણ કારણથી મનનું સમતોલપણું ખોઇ બેઠા હોઇએ; અને કદી કોઇના મન રૂપી સ્વચ્છ આકાશમાં કલુષતાની કાળી વાદળી છાઇ હોય, તેને વરસાવી વિખેરી નાખજો. ”

“ અહો ! સ્વામિન ! સૂર્યમાંથી અંધકારનો વરસાદ કેવો ? ચંદ્રમાંથી અગ્નિની ઉત્પત્તિ કેમ થાય ? ”

તેથી કેવા પ્રકારની કળાથી કેવા પ્રકારની ભાવના ઉત્પન્ન થાય છે, તે તરફ ખાસ ધ્યાન રાખવું જોઈએ. જે વસ્તુ સારી હોય તે ગમે છે એવો નિયમ નથી, પણ જે ગમે છે તે સારી લાગે છે. તેથી આપણને જે વસ્તુ ગમે તે નિત્ય રહે તેવી હોય, તો જ ખરું સુખ મળે છે અને ટકે છે.

ખરો ભોક્તા કળામાં પોતાના આત્માને જોઈ શકે છે અને ખોટો ભોક્તા કળા પાસે પશુ જેવો બની જાય છે. જ્યારે આપણો આત્મા બહારની વસ્તુઓમાં, બીજાનાં શરીરોમાં રહેલો દેખાય ત્યારે ખરું સુખ અને સૌંદર્ય મળે છે. બાળકને માની અંદર, મિત્રને મિત્રની અંદર, વેપારીને ગ્રાહકની અંદર, સ્ત્રીને પુરુષની અંદર અને પુરુષને સ્ત્રીની અંદર કાંઈક અંશે એકતાનો અનુભવ થાય છે; જાણે કે બે શરીરમાં એક આત્મા હોય તેવું જણાય છે અને તેથી ઘણા માણસોને કુટુંબનું સુખ બહુ ગમે છે, પણ ત્યાં માત્ર પ્રેમની શરૂઆત છે અને પ્રેમની ભુલવણી છે.

ખરી કળાનાં મુખ્ય ત્રણ લક્ષણ છેઃ એકસૂરતા, અખંડપણું અને સુખ. તેથી ભોક્તામાં પણ એ ત્રણ હોવાં જોઈએ. જ્યારે ભોક્તામાં અખંડપણું વગેરે ન હોય ત્યારે તે બહારના જગતને પોતાનું કરી શકતો નથી. તેથી જે જીવન આપણું લાગતું નથી તે વારંવાર આપણા વિરોધમાં રહે છે. જ્યારે બધા આપણા આત્મારૂપ લાગે અને આપણે તે પ્રમાણે વર્તીએ, ત્યારે જ આપણા વિરોધમાં કોઈ રહેતું નથી. તે જ ખરી કળા છે અને તે પ્રાપ્ત કરવા માટે ખરી વિદ્યા પ્રાપ્ત કરવી જોઈએ. બધા સાથે એકતા કરવાની વિદ્યા સુરૂપ અને

(સવૈયા-એકત્રીસા)

દિવસે ઉશ્કર્યા જન સાગરને નિદ્રા દેવી શાંત કરે;
ચંદ્રિકાની ઝભઝૂબર્ડું આ વિશ્વ-નિવાસ એકાંત બને;
માત્ર સુધાકર ગગને ચડિયો, સ્વતંત્રપણે જ વિહાર કરે;
ચંદ્રકવાણું અંબર ધરતી નિશા વધૂ પણ સાથ ફરે.

" અહો ! શું શયન વેળા થવા આવી ? ચાલો. સૌ પોતપોતાના કામમાંથી પરવારીને સુઈ જાઓ. " કલહંસકે આજ્ઞા કરી.

" અરે ! આજે ઉંઘવાની તો વાતજ કેવી ? " એમ બોલતા બોલતા, સૌ પોતપોતાનું કામ કરીને ચાલ્યા જવા લાગ્યા. શય્યાપાલિકાઓએ શયનીય સ્થાનની સંપૂર્ણ વ્યવસ્થા કરીને ' અહો ! દેવી યશોમતી યે પધાર્યા. ' એમ બોલતી બોલતી પોતપોતાને સ્થાને ચાલી ગઈ.

" કેમ પ્રફુલ્લક ! આજ સાંજનું મારૂં અનુમાન બરાબર હતું કે નહીં ? "

" બરાબર હતું ભાઈ ! " પ્રફુલ્લકે જવાબ આપ્યો, અને બન્ને વાતો કરતા કરતા ધીમે ધીમે ચાલતા થયા.

*   *   *   *   *

" જય ! જય ! આર્યપુત્ર ! " બોલતા દેવીએ વિલાસભવનમાં પગ મૂકયો.

માટે જગતમાં ધાર્મિક પુરુષો વધવા જોઈએ અને તે વધે તેટલા માટે અધાર્મિકનો નાશ પણ થવો જોઈએ. જ્યારે ચોર વધે છે, ત્યારે ધનવાન શાંતિથી રહી શકતા નથી. જ્યારે અજ્ઞાની વધે છે, ત્યારે જ્ઞાની માણસો શાંતિથી રહી શકતા નથી.

ભવિષ્યમાં જે પ્રજામાં નીતિ, સાધુતા અને સત્ય હશે તેને બીજી પ્રજા માન આપશે, માત્ર પૈસાવાળાને માન મળશે નહિ. ધનમાં શક્તિ છે પણ વિદ્યામાં તેથી વધુ શક્તિ છે.

વિદ્યા એ એવી આકર્ષક વસ્તુ છે કે તે હાડકાંને જીવતાં કરે છે, પણ વિદ્યાનું તત્ત્વ બરાબર ન સમજાય તો જીવતાંને હાડકાં જેવા કરે છે. સાચી વિદ્યા એ એકતા કરનાર તત્ત્વ છે. જ્યારે જીવને ખોટી વિદ્યા મળે છે, ત્યારે તે અસતની ઉપાસના કરે છે. તે સુખ મૃગજળના જેવું છે.

જ્યારે જ્યારે કોઈ નવું સુખ, નવી શક્તિ, નવું સૌન્દર્ય આપણા અનુભવમાં આવે છે, ત્યારે વિદ્યાના એક અંગનો સ્પર્શ થાય છે, પણ જ્યાં સુધી આત્મવિદ્યાથી ઈશ્વરે માણસમાં મૂકેલ પ્રેમ આખા જગત સાથે એકતા નહિ કરે, ત્યાં સુધી જીવનને પૂરો સંતોષ થશે નહિ. અવિદ્યાનો મહિમા એટલો વિચિત્ર છે કે એક ક્ષણમાં અજ્ઞાની માણસ અનંત સૃષ્ટિની કલ્પના કરી બેસે છે અને વિદ્યાનો મહિમા એટલો મોટો છે કે એક ક્ષણમાં બધાને એકરૂપ બનાવી દે છે. જેમ માણસ દીવીના દરમાં સમાઈ શકતો નથી, તેમ બ્રહ્મજ્ઞાની માણસના શરીરમાં સમાઈ શકતા નથી.

એક ૪૫ વરસના કુંવારા અંગ્રેજને કોઈએ પૂછ્યું કે, "તમે હજુ કેમ પરણ્યા નથી?" એટલે તેણે જવાબ આ

" દેવીને સ્વાગત. " કહી શ્રી વર્ધમાનકુમારે હાથ લંબાવ્યો. એટલે બાજુએ સામે પડેલા ભદ્રાસન પર દેવીએ આસન લીધું.

હસ્ત સંજ્ઞાથી આજ્ઞા થતાં અવદાતિકા પણ લગભગ રાણીની સામે જ ભોંય પર બેઠી.

ક્ષણવારે શાંત મૌન વિસ્તરી રહ્યું.

થોડી વારે અવદાતિકા બોલી—

" સ્વામિન્ ! દેવી અત્યન્ત અસ્વસ્થ દશામાં છે. અંતઃપુરમાં ચર્ચાતી આપના સર્વસ્વ ત્યાગની વાત સાંભળી, હારી જતા હૈયાને ' મહારાજ નંદીવર્ધન દેવના અનુરોધથી આપે વિલંબ કર્યો છે. ' એટલા આશ્વાસન માત્રથી જ ધારી રાખ્યું છે. "

" હા અવદાતિકા, અમારા સર્વસ્વ પરિત્યાગ અને પ્રવ્રજ્યા સ્વીકારને હજુ વિલંબ છે. છતાં ત્યાગી યોગ્ય જીવનની શરૂઆત તો અમે આવતી કાલથી જ કરવાના છીએ. આ સમાચાર પણ મંદારિકા દ્વારા દેવીને પહોંચ્યા જ હશે. "

" આર્યપુત્ર ! કમલિનીવને શી આ વ–જ્ર–પ્ર–હા–ર–ની ચે–ષ્ટા–આ— ? " બોલતા બોલતા દેવીને અસ્વસ્થતા જણાવા લાગી.

અવદાતિકાએ ઉભા થઈ વસ્ત્રાંચળથી પવન નાંખ્યો.

તે માટે આપણે ભૂતકાળમાં કેવા હતા, હાલ કેવા છીએ અને ભવિષ્યમાં કેવા થવાનું છે, તે બરાબર સમજવું જોઈએ. ભૂતકાળના ઋષિઓ તરફથી મળેલ આત્મવિદ્યામાં શ્રદ્ધા જોઈએ, પણ સમાજની રૂઢિઓથી કરોડો લોકોને અસ્પર્શ્ય માની તેમના જીવન તરફ બેદરકાર રહેવાની ભૂતકાળની ભૂલ ફરીથી કરવી જોઇએ નહિ. અસ્પર્શ્ય લોકોને અસ્પર્શ્ય માનવાનું મુખ્ય કારણ એ છે કે, સારા સંસ્કારવાળી જ્ઞાતિઓ ખરાબ સંગમાં આવે નહિ. પણ હાલના કાળમાં વર્ણાશ્રમ ધર્મની પદ્ધતિ તૂટી ગઈ છે. સારા સંસ્કારવાળી જ્ઞાતિઓમાંથી ઘણા દુરાચારી નીકળે છે અને અસ્પર્શ્ય ગણાતી જ્ઞાતિઓમાં ઘણા સદાચારી નીકળે છે. તેથી હાલના કાળમાં એટલું ધ્યાનમાં રાખવું જરૂરી છે કે જેમણે સારા સંસ્કારનું પાલન કરી આત્મજ્ઞાન મેળવ્યું હોય તેમણે કામી કે ક્રોધી કે વિષયી માણસોનો સંગ કરવો ન જોઇએ. વર્તમાનકાળમાં યુરોપના સાયન્સથી થયેલ જે શોધો આત્મજ્ઞાન તરફ વાળે તે સ્વીકારવી; પણ વર્તમાનકાળમાં ચારે તરફ ફેલાતી વેપારી બુદ્ધિ સમાજના જીવનમાં દાખલ થાય નહિ તેની સંભાળ રાખવી જોઇએ. વળી અહીંના સારા સંસ્કારની અસર બીજા દેશો ઉપર પાડવી હોય તો બીજા દેશો પણ કેવા હતા, હાલ કેવા છે અને કેવા થવા પ્રયત્ન કરે છે તે પણ સમજવું જોઇએ.

માણસની ફરજ છે કે પોતાના કુટુંબના ભરણપોષણ માટે ધન કમાવું. તેમાં ઘણા તો નીતિ કે અનીતિનો વિચાર કરતા નથી. જેમને નીતિ, ધર્મ અને આત્માનું સુખ જોઈએ છે, તેઓને ભટ્ટ કસોટીમાંથી પસાર થવું પડે છે. અને જ્યારે

" હર્ષસ્થાને શો આ દેવીનો ખેદાવેશ ? શું આ ઉચિત છે દેવિ ! ઉત્કૃષ્ટ આર્યત્વવતી આર્ય બાળાને ? જગતમાં આર્યત્વના વિશ્વવ્યાપી વિજય માટે થતા ઉજ્જવળ પ્રયત્નોમાં વિજયી અને પ્રખર આર્યો સાથે પ્રાણને તૃણ સમાન પણ ન ગણતી આર્યરમણીઓની તેજસ્વિતાને દેવિ ! તમે યાદ કરો. " શ્રીવર્ધમાનકુમારે ગંભીર અને ઉત્સાહપ્રેરક તેજસ્વી વાણી દ્વારા સ્વસ્થચિત્તે દેવીના ખેદાવેશની હવા ઉડાડવા માંડી.

" આર્યપુત્ર ! આપની સાથે રહીને તો હું કંઇ પણ કરવાને તૈયાર જ છું. શી આજ્ઞા છે આપની ? "

" આ આજ્ઞા માગવામાં દેવીનો મુખ્ય શો આશય છે ? તે પ્રશ્ન રહે છે.

કોઇ પણ સાહસ ખેડવું, એ આશય મુખ્ય છે કે, ગમે તે જોખમ ખેડીને અમારો સહવાસ ન છોડવો, એ ? પ્રથમ પક્ષ જો મુખ્ય હોય, તો પ્રતિબંધ ન કરતાં તેમાં ઉત્તેજન આપવા જ અમારે પ્રયત્ન કરવો જોઇએ.

જો બીજો પક્ષ મુખ્ય હોય, તો અમે સલાહ આપીએ છીએ કે એ સાહસ દેવીએ હાલ ન ખેડવું. જે માર્ગે અમારે જવાનું છે, તે અતિવિકટ અને મહાસાત્વિક પુરુષોને પણ દુઃસાધ્ય છે. તે માર્ગમાં અમારી સાથે આવતાં લાંબો વખત

નડે છે. બ્રહ્મચર્ય પાળવાની ઇચ્છાવાળાએ સંગમાં બહુ ધ્યાન રાખવું જોઈએ. બને ત્યાં સુધી તેણે સ્ત્રીઓનો સંગ અને સ્ત્રીઓના સંગીનો સંગ કરવો ન જોઈએ. જેમ પાયખાનામાં રહીને ફૂલની સુગંધી ન મળે, તેમ માયાના સુખમાં રહીને આત્માનો આનંદ મળી શકે નહિ. પૈસા ઓછા થવાથી જે દુઃખ થાય છે, તે કરતાં વધારે દુઃખ આત્માને ભૂલવાથી થવું જોઈએ. અંતઃકરણની શુદ્ધિ માટે પહેલાં વ્યવહાર શુદ્ધ કરવો જોઈએ. વ્યવહારમાં જે સંયમ અને નીતિ રાખી શકે છે, તેમને આત્મસાક્ષાત્કાર માટે યોગ્ય બુદ્ધિ પ્રાપ્ત થાય છે. સંસારના સુખમાં જે વૃત્તિ જાય છે, તે વૃત્તિ આત્મા તરફ વળી શકતી નથી. સમાજસેવા કરતાં કરતાં પણ ઘણીવાર અનાત્મભાવ વધી જાય છે અને લોકોના વખાણની અસરથી તે ભૂલની તરત ખબર પડતી નથી. હાલના કેટલાક માણસો તો જાણે આ પૃથ્વીમાં નવા પ્રાણી થઈને આવ્યા હોય તેવું લાગે છે. તેઓને જીવનના લક્ષ્યની ખબર પડતી નથી. એક પણ ખોટી ઇચ્છા મનને નિર્બળ કરી નાખે છે. જે માણસ પોતાના મનનો નિગ્રહ કરવાને સમર્થ છે, તે જ બીજાને એ કામ શીખવી શકે તો તેનો ઉપયોગ જેવોતેવો નથી. પ્રાચીન કાળમાં નીતિ અને ધર્મનું શિક્ષણ આપવાવાળા અને તે પ્રમાણે રહેવાવાળા સમાજમાં ઘણા હતા તેથી હાલની માફક કોર્ટની, વકીલોની અને પોલીસોની જરૂર પડતી નહોતી. માણસના જીવનનું કેટલુંક આયુષ્ય રાત્રે નિદ્રામાં, કેટલુંક નાની ઉંમરે બાલક્રીડામાં, કુમાર અવસ્થાએ અભ્યાસમાં, જુવાનીમાં વિષયભોગમાં, વૃદ્ધાવસ્થામાં રોજગી, ચિંતાથી, દીકરાના અને તેના દીકરાના વિવાદ કરવામાં, નાના નાના બાળકોની કાલી કાલી

ટકી રહેવું ભારે મુશ્કેલ છે. એટલું જ નહીં, પણ ઉલટ પક્ષે વિચાર કરતા, અમારા માર્ગમાં વિઘ્નભૂત થઇ પડવાનો વિશેષ સંભવ રહે છે. "

" આપના સહવાસથી પ્રથમપક્ષની અમારી તૈયારી સુદૃઢ થશે; અને આપને, આપના પ્રયત્નોમાં આગળ વધવામાં વ્યવહારૂ અનુકુળતાઓ કરી આપવી, એ પણ અમારૂં મુખ્ય કામ રહેશે. "

" પ્રથમપક્ષનો દેવીનો તૈયારીની ભાવનાને અમે પ્રશંસીએ છીએ, પરંતુ હાલ તેને મુલતવી રાખવી, એમ અમારી સલાહ છે. યોગ્ય અવસર આવ્યે, એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના દેવીએ એ માર્ગનું અવલંબન જરૂર કરવું. આજે યોગ્ય અવસર નથી. પહેલા અમે માર્ગ તૈયાર કરીએ, પછી દેવીએ તે માર્ગે ચાલવું "

" અમે પણ સાથે સાથે જ અમારો માર્ગ તૈયાર કરવાની શરૂઆત કરીએ તો શું ખોટું ? આર્યપુત્ર ! "

" કશું ખોટું નથી. પરંતુ દેવિ ! આ માર્ગ વ્યક્તિગત તૈયારીનો છે. તેમા કોઈ કોઇને સહાય ન કરી શકે. વ્યક્તિની જેટલી પૂર્વ તૈયારી અને ઉત્કટ સ્વતંત્ર પ્રયત્ન, તેટલા પુરતું જ તે આનન્દ લઇ શકે છે. સમુદ્ર ભર્યો હોય, છતાં જેવડું પાત્ર, તેટલું જ પાણી ભરી શકાય, એ સીધી વાત છે.

એટલે અમે તમને મદદ ન કરી શકીએ, તમે

પણું ટકી શકશે. નહિ તો અનાર્યપણું–અનાડીપણું દાખલ થશે, ધર્મની ગ્લાનિ થશે ને તે દૂર કરવા કલ્કીને આવવું પડશે.

કલ્કીને માટે શક્તિવાન ઘોડાની જરૂર પડશે. હાલ હવાઈ વિમાન જેવી યાંત્રિક શોધોની શક્તિ 'હોર્સ પાવર'થી મપાય છે. અમેરિકામાં એક એવી ટ્રેનની શોધ થઈ છે કે તેમાં બેસીને ટ્રેનને કહીએ કે 'ચાલ' એટલે ચાલવા માંડે છે અને કહીએ કે 'ઊભી રહે' એટલે ઊભી રહે છે. ને વીજળીની શક્તિથી ચાલે છે; પણ કલ્કીની શક્તિ–ત્રણ હજાર વર્ષ પહેલાં ઇજિપ્તમાં મોઝીઝે આત્મબળથી ઇજિપ્સનું લશ્કર સ્થિર કર્યું હતું તેમ–આત્મબળથી જીવતાં લશ્કરોની ગતિ કુંઠિત કરશે. જ્યારે કલ્કીનું આત્મબળ કામ કરશે ત્યારે લશ્કર ઉપર કાટ ચડશે. આર્યોના સંસ્કારમાં કલ્કીનું ગુપ્ત આત્મબળ રહેલું છે. તે જાગ્રત કરવાથી હિંદની વિદ્યાકળાનો મહિમા પ્રગટ થશે. તે બળને વેદના વખતમાં 'અશ્વ' કહેતા હતા. તે ઘોડા ઉપર બેસીને કલ્કી આવશે. વ્યક્તિમાં–સમષ્ટિમાં જ્યારે એવું દુઃખ આવે છે કે તે ભગવાન વિના કોઈ દૂર કરી શકે નહિ ત્યારે અવતાર થાય છે. હિરણ્યાક્ષ, હિરણ્યકશિપુ, રાવણ, દુર્વાસા, કંસ કે શિશુપાલ જેવી વ્યક્તિઓ ઉત્પન્ન થાય, ત્યારે સમાજનું જીવન એટલું બગડે છે કે અવતાર સિવાય તે સુધરી શકતું નથી. આવા અવતારની શક્યતા વસુદેવ અને દેવકીજી જેવાં દરેક સંસ્કારી સ્ત્રીપુરુષોના આત્મામાં હતી, છે અને રહેશે. તે શક્યતા પ્રગટ થાય ત્યારે આર્યોના સંસ્કારનું તેજ માનવજાતિને મળી શકે અને ત્યારે જ ખરો પુરુષાર્થ સિદ્ધ કર્યો કહી શકાય.

અમને સહાય ન કરો. એમ તટસ્થતા જાળવવામાં આવે, છતાં જો બન્નેની સમાન યોગ્યતા ન હોય, તો આગળ જતાં અંતર વધતું જ જાય; અને છેવટે સાથ તો છોડવો જ પડે દેવિ ! ”

“ અમે સ્ત્રીજાત કશું નજ કરી શકીએ. અમારામાં કશી યોગ્યતા જ નથી. એવો શું આપનો અભિપ્રાય છે ?”

“ નહીં નહીં દેવિ, સર્વ પ્રાણીઓમાં અનંત શક્તિનો ભંડાર ભર્યો છે, તેથી સર્વમાં સર્વ જાતની યોગ્યતા હોય છે; પરંતુ તેની ખીલવટ ક્રમે થઇ શકે છે. તમારી ખીલવટ ઘણે અંશે ચોક્કસ થઇ છે; પરંતુ એ વિકટ માર્ગમાં અત્યારે પ્રવેશ કરવા જેટલી ખીલવટ ન ગણી શકાય. જ્યારે તદ્યોગ્ય ખીલવટ થશે, ત્યારે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના, અને અમારા સહવાસની પરવા કર્યા વિના જ દેવિ આ માર્ગે વેગબંધ તમે આગળ વધશો જ વધશો. એ પણ ક્ષણ જરૂર આવશે. ”

“ ત્યાંસુધી નાની મોટી વ્યવહારૂ અનુકુળતાઓ કરી આપી, આપનો માર્ગ વધારે સરળ બનાવી અમારી યોગ્યતા કેળવવાનું સદ્ભાગ્ય ઇચ્છીએ છીએ. ”

“ દેવિ ! એવી અનુકુળતાઓની એ માર્ગમાં કશી કિંમત નથી, એટલું જ નહીં, પણ તેનો ત્યાગઃ એ જ એ માર્ગની સાધનાનું સ્વયંસિદ્ધ સાધન છે.

માની બેસે છે. આ માયા છે; તેથી જ દેખાતું જગત પૂર્ણ લાગતું નથી. દરેક ક્રિયા અલ્પ, અપૂર્ણ હોય છે; છતાં તે દરેકની અંદર અંતર્યામી તેનો સ્વભાવ ચલાવતા હોય છે. તે અંતર્યામીનો સ્વભાવ જે વખતે અનુભવમાં ન આવે તે વખતે કોઈ ક્રિયામાં પૂર્ણ સુખ મળતું નથી. તેથી તેમાં રહેલું અગમ્ય તત્ત્વ શોધવાની જરૂર પડે છે. તે શોધમાં દરેક ક્રિયામાં કામ કરતાં નવાં તત્ત્વો મળે છે અને ખબર પડે છે કે, જેમ આપણે સંજોગોને અધીન છીએ, તેમ સંજોગો પણ આપણા ઉપર આધાર રાખે છે. નવાં તત્ત્વો શોધવાં, સંજોગો ફેરવવા, પોતાની નવી શક્તિઓ ખીલવવી, તેમાં સાહસ અને જોખમ રહેલું જ છે. તે જોખમ ખેડ્યા વગર જીવનો જીવભાવ પૂરો ખીલતો નથી. જીવને જીવભાવ મૂકવો ગમતો નથી; તેથી નવો ભાવ પ્રાપ્ત કરતાં દુઃખ થાય છે, આખું જગત પ્રભુની ઈચ્છા પ્રમાણે ચાલતું હોવાથી જીવની ઈચ્છાને વારંવાર આઘાત પહોંચે છે. આવા સંજોગોમાં જીવ-નો અલ્પ સ્વભાવ વારંવાર હારી જાય છે. પણ હારની દરકાર કર્યા વગર પોતાનો સ્વભાવ દુઃખ ખમીને પણ તે જીવ સુધારે તો દરેક સંજોગ જીતવાની શક્તિ પણ જીવમાં રહેલ અંતર્યામી તેનામાં પ્રગટ કરે છે. તે વખતે ખબર પડે છે કે, જ્યાં સુધી જીવભાવ પ્રભુની ઈચ્છાને તાબે ન રહે ત્યાં સુધી તે સુખી થઈ શકતો નથી. પ્રભુ તેનો અંતરાત્મા છે. તેના તરફ બેદરકારી રાખવાથી સુખ મળે નહિ. માત્ર જીવરૂપે એટલે અલ્પ સ્વભાવે જીવવાથી જીવનો કાંઈ ઉપયોગ નથી.

જીવભાવ ઓગાળવામાં અને પ્રભુભાવ પ્રગટ થવા દેવામાં

અમારા માર્ગમાં અનુકૂળતા જ કરવા જો દેવી ઇચ્છતાં હોય, તો હાલ અમારા સહવાસની જ વાત છોડી દેવી. એટલો સંયમ કેળવવાથી યે અમારા માર્ગમાં દેવીકૃત–અનુકૂળતા જરૂર થાય છે.

આર્ય પ્રજાની મહાન્ મહાનસાધનાઓમાં આર્ય રમણીઓનો અસાધારણ ફાળો છે, એ ક્યાં દેવીથી અજાણ્યું છે ?

એક આર્ય રમણી તરીકે તમને હું કહું છું, કે દેવિ ! વિચાર કરો. જગત્કલ્યાણીની આ આર્ય પ્રજાની મહાન સાધનાઓમાં આગળ વધવા, વ્યક્તિગત ફાળામાંથી આજે એક પણ આર્ય પુંગવ અને આર્ય બાળા પાછી પાની કરે તેમ છે ? જો નથી, તો આ મુખ્ય ધ્યેયની તુલનામાં કૌટુંબિક પ્રેમ કે જીવનની વ્યાવહારિક જરૂરીયાતોનો શો હિસાબ છે ?

પ્રસિદ્ધઆર્યકુલોત્પન્ને દેવિ ! તમારૂં ધ્યેય એ નથી, એમ કોણ કહી શકે તેમ છે ?

એ ધ્યેયને જીવનસર્વસ્વ ગણનાર આર્ય રમણીઓમાંના એક ' ઓ ' દેવિ ! આવા પ્રસંગ પ્રાપ્ત થાય, એ હર્ષનો વિષય છે કે ખેદનો ? આવા પ્રસંગને વધાવી લેવો જોઇએ કે જતો કરવો જોઇએ ? અમારી સાધના એવી જ કોઇ ભવ્ય સાધના હોય, તો આ પ્રસંગને હસતે મ્હોંએ વધાવી લેવાના. અને તે ખાતર બીજા પણ જે જે સંજોગો આવી પડે તેને સ્વીકારી લેવાના. દેવિ ! તમારી જ સ્વાર્થસિદ્ધિ

દરેક માણસને સ્વાર્થ પસંદ છે. પણ સ્વાર્થ શામાં છે, તેનો ઘણા વિચાર કરતા નથી. જીવના અલ્પજ્ઞાનથી જે સ્વાર્થ મનાય છે, તે બીજા માણસના સ્વાર્થની આડે આવે છે. કેટલીકવાર બીજાનું બૂરું કરવાથી પોતાનો સ્વાર્થ સધાય છે, પણ જ્યારે જીવમાં ધાર્મિક બુદ્ધિ ઉત્પન્ન થાય છે, પ્રભુતા તરફ તેનું મન વળે છે, ત્યારે તે બીજાના સ્વાર્થને અગાડ્યા વગર પોતાનો સ્વાર્થ સિદ્ધ કરી શકે છે. તેથી એકંદરે સમાજજીવન ઉત્તમ થાય છે અને વિધાકળાના ખરા નમૂના પ્રત્યક્ષ દૃષ્ટિએ પડે છે.

પણ મને જેવી લાગણી થાય છે તેવી બીજાને કેમ થતી નથી? અને બીજાને થાય છે તેવી મને કેમ થતી નથી? તેનું ખરું કારણ પોતાની માની લીધેલી ભાવના છે. આપણી પોતાની લાગણીનું આપણે ઉત્પન્ન કરેલ બંધન જ બીજાની લાગણી જાણવામાં આડું આવે છે. આપણે પોતાનો માનેલો સ્વાર્થ, પોતે માનેલું તે જ સાચું, બીજાનું ખોટું, આવી વૃત્તિથી બીજા માણસોથી આપણે આપણને દૂર કરીએ છીએ. એટલું તો કૂતરા પણ સમજી શકે છે કે, પોતાના ધણી ઉપર કોઈ હુમલો કરે ત્યારે પોતે ધણીના દુશ્મનને-હુમલો કરનારને કરડે છે. તે વખતે તે પોતાના સુખદુઃખનો વિચાર કરતો નથી. પોતાની લાગણીમાં એટલે પોતાના શરીરના સુખમાં જ મન રાખીએ તો સમભાવ થઈ શકતો નથી. આવી લાગણી ખોટો ભાવ પ્રગટ કરે છે, મન-ની પાછળ રહેલ આત્માની અનંત શક્તિઓ દાબી દે છે, તેથી પોતાની પ્રભુતા પ્રગટ થતી નથી. બીજાને મદદ થાય

છે–તમારી જ સાધના છે. નહીં કે અમારી અનુકુળતા ખાતર એ કષ્ટ સહન છે. ” શ્રી વર્ધમાનકુમારે આબાદ-સફળ અને વાસ્તવિક આ છેવટની દલિલ, એવી તો સચોટતાથી આગળ કરી, કે દેવીના અંતરમાં પ્રકાશ પડ્યો. ખેદાવેશનો અંધકાર એકાએક નાસવા લાગ્યો. મ્હોં પર પ્રસન્નતાનો અરુણોદય પ્રકાશવા લાગ્યો.

“ સર્વશક્તિસંપન્ન ! આર્યપુત્ર ! આપની સામે વાણીના વિલાસમાં અમારા શા ભાર ? પરંતુ ત્યાગ શબ્દ-માત્રના શ્રવણ ક્ષણથી જ ઝણઝણી ઉઠેલી રોમરાજીમાંનું એક પણ રોમ હજુ રણરણાટનો આવેગ ઓછો કરવા તૈયાર જ નથી. ”

“ દેવિ ! આ કેવળ વાણીવિલાસ નથી. વાણીના વિલાસ માત્રથી હું તમને આંજી નાંખવા નથી માગતો, વાસ્તવિક વિચાર કરવાને તમારે માટે માર્ગ ખુલ્લો કરૂં છું.

પરંતુ દેવિ ! હું જાણું છું, એ તમારો સ્નેહાવેગ છે; પ્રેમપરવશતા છે. પરંતુ કર્તવ્યપાલન ખાતર સ્નેહનો ભોગ આપવાને પ્રસંગે જરા યે પાછી પાની ન કરવી, એ પ્રત્યેક માનવનો નહીં, પણ પ્રત્યેક પ્રાણીનો વાસ્તવિક ધર્મ છે. આ ધર્મ ન બજાવી જાણનારના જીવનમાં શો સારાંશ હોઈ શકે ?

દેવિ ! સર્વસ્વ પરિત્યાગને માટે આ ક્ષણેજ અમારી સર્વથા તૈયારી હોવા છતાંયે વડિલ બંધુશ્રીના આગ્રહથી કંઇક

તે વખતે ભેદદૃષ્ટિ મંદ પડે છે અને અંતે નાશ થાય છે. કાર્યસિદ્ધિ અમુક રીતે જ થવી જોઈએ એવો નિયમ નથી. એક મકાન બાંધવામાં અનેક માણસો અનેક રીતે ઉપયોગી થાય છે; તેથી અમુક પ્રકારનું જ એટલે તેમના સ્વભાવ પ્રમાણે મકાન થવું જોઈએ એવો નિયમ નથી. મકાનનો કોઈ પણ ભાગ કોઈ પણ માણસના સ્વભાવ સાથે સરખાવી શકાય નહિ; તેવી જ રીતે જગતની વિવિધ ક્રિયાઓમાં અનેક માણસ અનેક રીતે કામ કરી શકે છે અને એકબીજાના કામની એકબીજા ઉપર અસર થાય છે.

પણ આપણે બીજા માણસ સાથે એક ન હોઈએ તો આપણે આપણી સાથે પણ શા માટે એક થઈને રહેવું જોઈએ? આપણો ભૂતકાળનો સ્વભાવ આપણા વર્તમાનકાળના સ્વભાવ કરતાં ઘણો જુદો અને દૂર હોય તેમ લાગી શકે અને આપણા વર્તમાનકાળનો સ્વભાવ બીજા માણસના વર્તમાનકાળના સ્વભાવ સાથે વધારે અનુકૂળ અને નજીક પણ લાગી શકે. આ દૃષ્ટિએ જોતાં જેમ આપણું આગલું અને પાછલું જીવન આપણું કરીએ છીએ, તેમ બીજાનું જીવન પણ આપણું કહેવું જોઈએ અથવા બન્નેને આપણાથી ભિન્ન માનવા જોઈએ. પણ ભિન્નતા ક્ષણિક સ્વભાવનું પરિણામ છે. એકતા સમસ્ત અને નિત્ય સ્વભાવનું પરિણામ છે. આત્મભાવે જુદા થઈ શકતા નથી. આ અનુભવ ન થવાનું કારણ આપણે આપણો સ્વભાવ પૂરો જાણતા નથી એ જ છે.

આપણા અજ્ઞાનનું કારણ શું? આપણી દૃષ્ટિ શા માટે બંધાય છે? આ પ્રશ્નનો જવાબ પરિમિત મનને સંતોષ

વિલંબ કર્યો છે. ત્યાંસુધી હું પણ મારી પ્રત્યેક ક્ષણનો ઉપયોગ એકાન્તાવાસમાં કરી મારી ભવિષ્યની સાધનાની પૂર્વ સાધનામાં લાગવાનો છું. આ મહેલ અને સર્વ વૈભવ સામગ્રીનો તો ત્યાગ થશે જ, છતાં રાજકુળનો ત્યાગ હાલ તુરત તો નહીં જ કરવામાં આવે, એટલે હવેથી તમારો કલ્પ એ રહેશે કે–અમારી સંભાવના દૂરથી જ કરવી, નહીં કે નિકટ સંસર્ગથી. કર્તવ્યમાં વધતા જતા અમારા ઉત્સાહ બળથી જ શરીરની આરોગ્ય વાર્તા અનુમાનથી જાણી લેવી, નહીં કે પરિજન મોકલીને. અમારા આહારાદિકને માટે વ્યવસાયાત્મિકા બુદ્ધિનો પણ દેવીએ ત્યાગ જ કરવો. કારણ કે–કલ્પ્ય એવાં તે, અમે અમારી–બાહ્ય દૃષ્ટિથી અનિયમિત છતાં નિયમિત–જરૂરયાત પ્રસંગે જાતેજ મેળવી લેઇશું ”

“ સ્વામિન ! આપની શરણાગતવત્સલ્યના કેમ ભલાશે ? ”

“ નહીં નહીં દેવિ ! હજુ તમારો આ સ્નેહાવેશ છે. હૃદયના ઉંડાણમાં વિવેક પ્રદીપ પ્રદીપ્ત કરો. તત્ત્વ અને પરિણામનો વિચાર કરો. ”

“ આપના અનુગ્રહથી આર્યપુત્ર ! ગુશક્ય છે એ અમારે. ”

“ અવદાતિકે ! દેવીની સંભાવના કર. અમે ઉપરની અગાશી પર જવા ઇચ્છીએ છીએ. ”

કવિ સાથે સંબંધ હોય છે, પણ કોઈક જ કવિને બરાબર સમજી શકે છે. જે તે સમજી શકે છે તે કવિના હૃદયમાં રહેલી નવીનતા પણ પ્રગટ કરી શકે છે અને કવિનો મહિમા વધારે છે. નવીનતાને માટે હંમેશાં દરેકમાં જગ્યા રહે છે. જેમ શૃંગારમાં સ્થાયી ભાવ શૃંગારને વધારે છે, વિદ્યામાં સર્વોત્તમભાવ વિદ્યાનો વિકાસ કરે છે, તેમ કળામાં નવીનતા કળાનો મહિમા વધારે છે.

જેમ જેમ જીવને પોતાના આખા સ્વભાવની ખબર પડે છે, તેમ તેમ તે દરેક સંજોગમાં નવીનતા જોઈ શકે છે અને પોતાની શક્તિ પ્રમાણે નવીનતા લાવી શકે છે. દરેક સંજોગમાં નવાં દૃષ્ટિબિંદુ હોય છે. પોતાને મળેલી વિદ્યાથી અને પોતાની જીવનકળાથી દરેક જીવ દરેક સંજોગને નવું રૂપ આપી શકે છે. આ દૃષ્ટિએ જોતાં જગતમાં નવીનતા લાવવા માટે જીવ ઉત્પન્ન થવા જ જોઈએ.

પણ માત્ર વિચારથી નવીનતા આવતી નથી. વિચારથી આચાર ઉત્પન્ન થાય છે; પણ વિચાર ઉપર મનોબળ જોઈએ, એટલું જ નહિ પણ મનોબળથી ઉપરના ક્ષેત્રમાં રહેલ આત્માની અનંત શક્તિઓને કામ કરવા પોતામાં જગ્યા આપવી જોઈએ. અમુક સંજોગો ઊભા થાય, તેમાં ઘણી મુશ્કેલીઓ દેખાય; છતાં બધી મુશ્કેલીઓમાંથી રસ્તો કાઢી વ્યવસ્થિત કામ કરવાની શક્તિ આવવી જોઈએ. તેને માત્ર બહારના દેખાવ ઉપર આધાર રાખવો જોઈએ નહિ. જગત એક છે, એક જ શક્તિથી ચાલે છે. ઉત્તમ જીવના પુરુષાર્થદ્વારા તેની એકતા નભે છે. જે માણસ તે નવીનતા જોઈ શકે છે તે ખરો

" પધારિયે, સ્વામિન્ ! આ રસ્તે. "

*   *   *   *   *

" અહા ! આ ક્ષત્રિયકુંડગ્રામ, પેલું ભારતવર્ષ, આ જ્યોતિષ્ચક્ર અને પેલું સમસ્ત જગત્,–જે સદા ગતિશીળ છે !

આ રાત્રિ ! જેમાં પ્રાણીઓ નિદ્રાધીન છે !

આ વિધુ ! ચંદ્રમા ! ઔષધિપતિ ! સર્વત્ર સુધા વર્ષાવી રહ્યો છે !

પરંતુ, અરે ! હા ! આ કાળ સર્વનો કોળીયો કરી રહ્યો છે ! !

અહા ! સર્વ અશરણ છે !

અરે આ ચીસો કોની ? શું મને કોઇ બોલાવે છે ? !

હા. અશરણ જગત્ શરણ માટે બોલાવે છે.

બસ, તૈયાર જ છું.

અરે ! આ ધમ્ધમાટ કોનો ?

વિસ્તૃત રાજ્યસંપત્તિનો.

શા માટે ?

રાજ્ય કરવા લલચાવે છે.

બસ, નહીં જોઇએ.

પણ આ કરુણાક્રંદનો શો અર્થ ?

કવિ સાથે સંબંધ હોય છે, પણ કોઈક જ કવિને બરાબર સમજી શકે છે. જે તે સમજી શકે છે તે કવિના હૃદયમાં રહેલી નવીનતા પણ પ્રગટ કરી શકે છે અને કવિનો મહિમા વધારે છે. નવીનતાને માટે હંમેશાં દરેકમાં જગ્યા રહે છે. જેમ શૃંગારમાં સ્થાયી ભાવ શૃંગારને વધારે છે, વિદ્યામાં સર્વોત્તમભાવ વિદ્યાનો વિકાસ કરે છે, તેમ કળામાં નવીનતા કળાનો મહિમા વધારે છે.

જેમ જેમ જીવને પોતાના આખા સ્વભાવની ખબર પડે છે, તેમ તેમ તે દરેક સંજોગમાં નવીનતા જોઈ શકે છે અને પોતાની શક્તિ પ્રમાણે નવીનતા લાવી શકે છે. દરેક સંજોગમાં નવાં દૃષ્ટિબિંદુ હોય છે. પોતાને મળેલી વિદ્યાથી અને પોતાની જીવનકળાથી દરેક જીવ દરેક સંજોગ-ને નવું રૂપ આપી શકે છે. આ દૃષ્ટિએ જોતાં જગતમાં નવીનતા લાવવા માટે જીવ ઉત્પન્ન થવા જ જોઈએ.

પણ માત્ર વિચારથી નવીનતા આવતી નથી. વિચારથી આચાર ઉત્પન્ન થાય છે; પણ વિચાર ઉપર મનોબળ જોઈએ, એટલું જ નહિ પણ મનોબળથી ઉપરના ક્ષેત્રમાં રહેલ આત્મા-ની અનંત શક્તિઓને કામ કરવા પોતામાં જગ્યા આપવી જોઈએ. અમુક સંજોગો ઊભા થાય, તેમાં ઘણી મુશ્કેલીઓ દેખાય; છતાં બધી મુશ્કેલીઓમાંથી રસ્તો કાઢી વ્યવસ્થિત કામ કરવાની શક્તિ આવવી જોઈએ. તેને માત્ર બહારના દેખાવ ઉપર આધાર રાખવો જોઈએ નહિ. જગત એક છે, એક જ શક્તિથી ચાલે છે. ઉત્તમ જીવના પુરુષાર્થદ્વારા તેની એકતા નભે છે. જે માણસ તે નવીનતા જોઈ શકે છે તે ખરો

એ તો કુટુંબીજનોના વિલાપો છે.

શા માટે ?

તમારો વિયોગ અસહ્ય થાય છે, તેથી.

એ સ્થિતિ અનિવાર્ય છે.

આટલો શોરબકોર શો ?

મોહરાજના સૈન્યની તમારા પર ચ્હડાઇ છે.

ઠીક છે, જોઈ લેવાશે.

હું કોણ ?

શુદ્ધ, બુદ્ધ, નિરંજન, પરમાત્મા, જગત્પ્રકાશ, જ્યોતિ-સ્વરૂપ ! અનન્ત બળ–વીર્યશાળી, અચ્છેદ્ય, અભેદ્ય, ચૈતન્ય-સ્વરૂપ છું.

ત્યારે આ શું ? શરીર !

તેને શો સંબંધ ?

તેનો અંતિમ–ત્યાગ, એજ મારી સ્વાભાવિક સ્થિતિ છે.

તે શી રીતે સાધ્ય થાય ? પરમત્યાગથી.

પરંતુ, હા ! વડીલ બંધુનો અનુરોધ આડે આવે છે !!

પણ સ્વજનને અનુરોધ શો ?

લોકસ્થિતિનું યે પાલન તો થવું જોઇએ ને ? અસ્તુ

શું કરવું ?

આત્મભાવ રહેલો હોય છે. જે જીવમાં આત્માની વિશાળતા આવી હોય તે તે રસ્તો તરત જોઈ શકે છે. દરેક સંજોગમાં આત્મા છે. તે સંજોગ આત્મભાવ શોધે છે અને તેથી મહાત્માઓની અસરને તરત તાબે થાય છે. પણ મહાત્માનું મન પ્રભુ જેટલું વિશાળ રહેવું જોઈએ, કારણ કે તે સંજોગોને પણ તેના દ્વારા પ્રભુરૂપ બનવું છે. તેવો ભાવ ન હોય તો સંજોગ તાબે થશે નહિ. જડ જગત જીવદ્વારા ચેતન થાય છે; એ સિદ્ધાંત સમજી જીવની વિશાળતામાં જગત પહેલાં સમાવી દેવું જોઈએ. દરેક મહાન બનાવ જીવોથી બન્યો છે અને દરેક જીવમાં પૂર્ણ શક્તિ ગુપ્તપણે કામ કરે છે, પણ જે જીવ તે શક્તિ પ્રગટ કરી શકે છે, તે જગતમાં મહાન ફેરફાર કરી શકે છે અને મુશ્કેલીમાં નવા રસ્તા કાઢી શકે છે.

દરેક સંજોગમાં માણસની પોતાની માન્યતા રહેલી હોય છે, તે માન્યતા કાઢી લઈએ તો સંજોગોમાં ઘણું નવું જોવામાં આવે છે. તેના દેખાવ ઉપરાંત તેમાં ઘણું નવું જીવન રહેલું હોય છે; તે સમજી શકાય તો સંજોગો ફેરવવાની શક્તિ આવે છે. સંજોગને વશ કરવામાં કાળની અને માણસની શક્તિની જરૂર છે. જે સંજોગ કોઈ વખતે વશ ન થાય તે ઉપર વધારે વખત ધ્યાન આપવાથી વશ થાય છે. તેમજ માણસની સામાન્ય શક્તિથી જે સંજોગોનું માપ થાય છે, તે જ વિશેષ શક્તિથી વધારે સારા કરી શકાય છે. કેટલાક માણસ વેપારમાં અને નોકરીમાં બીજા માણસની નિષ્ફળતા જોઈ નિરાશ થાય છે, પણ જ્યાં કેટલાક માણસ નિષ્ફળ થયા હોય ત્યાં બધા માણસ નિષ્ફળ થાય તેવો સંભવ નથી. કેટ-

બસ, એ જ ! આ સમયક્ષણથી માંડીને ત્યાગીયોગ્ય અવસ્થામાંજ રહેવું. પેલા અંતપ્રાંત શાંત અને એકાંત નિર્જન નિવાસ સ્થળમાં નિવાસ કરવો. મૌનસ્થ, ધ્યાનસ્થ અને સ્થાનસ્થ રહેવું. સર્વ પરિચયનાં પ્રસંગોનો પરિત્યાગ કરવો. વડિલ બંધુની સમ્મતિના પ્રસંગની રાહ જોવી. તક મળ્યે કાર્ય સાધવા બહાર પડી જવું. બસ, એ જ નિશ્ચ–"

" કુમારશ્રી ! પ્રાતઃકાળ સમય નજીક આવી રહ્યો છે. નિદ્રા વેળા વીતી રહી છે. ક્ષણવાર આપ પર્યંકે પધારશો ? ઉન્નિદ્રતાથી વ્યાકુળ દેવી પણ નિદ્રાસુખ અનુભવવા શયનીય તરફ જાય. "

" અવદાતિકે ! શું દેવી હજુ પણ પર્યાકુળ સ્થિતિમાં છે ? અમારા કાર્યક્રમ સાથે હવે દેવીના કાર્યક્રમનો શો મેળ બેસવાનો છે ? જા. કહે-" દેવી ! નિદ્રાધીન થાઓ. હું પણ ક્ષણવાર નિદ્રા અનુભવું છું. "

" તેજ પ્રમાણે નિવેદન કરૂં છું, સ્વામિન્ ! ! જય જય ! કુમાર ! "

* * * * *

થોડીવાર પછી મંગળપાઠકોએ પ્રાતઃમાંગલિક ગાયું–

ભૈરવી.

જાગો રે !—
નિદ્રા ત્યાગો ખોલો દ્વાર.

પુરુષાર્થ જન્મે છે. પણ માત્ર અર્થ અને કામ એ બે પુરુષાર્થથી પરિમિતપણું મટતું નથી. ધર્મમાં પણ જીવભાવ રહે છે. માત્ર મોક્ષમાં જ જીવભાવ મટે છે. ધર્મની કેટલીક રૂઢિઓ, અર્થ અને કામ માણસના બનાવટી વ્યવહારથી નભે છે. તે માત્ર ટૂંકા સમયના દેખાવ છે, તેથી ખરો આત્મભાવ જાગતો નથી. ઊલટું તે પુરુષાર્થમાં આત્માની અનંત શક્તિઓને ટૂંકા ક્ષેત્રમાં કામ કરવું પડતું હોવાથી દુઃખ થાય છે. તેની ઇચ્છા પ્રભુની ઇચ્છાને આડી આવે છે. પ્રભુની ઇચ્છા તરત સમજાતી નથી અને અશાંતિ અને વિક્ષેપ ચાલ્યા કરે છે. જગતને સુધારવાની ઇચ્છા થાય છે અને તે ઇચ્છાની સામે આપણી ટૂંકી ઇચ્છા સંબંધ બાંધે છે. જગત આપણી ખાંધ ઉપર બેઠું નથી. આપણી જવાબદારી રહે છે, પણ તે પહેલાં 'આપણે કોણ?' તે નક્કી કરવું જોઇએ. કોઈ પણ પુરુષાર્થ સિદ્ધ કરવા માટે આપણો પૂરો સ્વભાવ જોવો જોઇએ. આપણામાં રહેલ પ્રભુ તરફ ધ્યાન રાખવું જોઇએ. તેની પ્રભુતા આપણા કામમાં પ્રગટ થવી જોઇએ. વિદ્યા, કળા અને સૌન્દર્યના રસથી આપણો સ્વભાવ મોટો થાય છે અને આપણને મોટા કરે છે. આ ફળની આશાથી જ મનુષ્યનું ટૂંકું જીવન નભી શકે છે. માણસના માનેલા ધર્મ અને કામકાજ સાચા મનાતા હોત તો જીવન કલેશમય થાત અને પુરુષાર્થને જગ્યા ન રહેત. જીવ પ્રભુનો અંશ છે, તેથી જીવના હૃદયમાં પ્રભુની પ્રભુતાના ધબકારા વાગતા રહે છે. પોતાના અહંકારી લક્ષ સિદ્ધ થવા માટે પોતાની દૃષ્ટિ ન સુધારવાથી અસંતોષ થાય છે.

કરેમિ ભંતે!-સૂત્ર

જાગો રે—

અરુણનો ઉદય થયો
ભુવનમાં,
ભાનુ ઉદયને કાજ.

જાગો રે— ૧

પૂર્વે ચળકાટ થયો
ગગનમાં,
ફુરે પ્રકાશની ધાર.

જાગો રે— ૨

પદ્મ વિકસે કુમુદ
સંકોચાયે,
નાસી ફુરે અંધકાર.

જાગો રે— ૩

પંખી કલરવ કરે
વન વિષે,
ગુંજ કરે છે ઝંકાર

જાગો રે— ૪

જાગો રે ! જાગો તેજને
જગતમાં
[illegible]

જાગો રે— ૫

એ કેવા પ્રકારની રાજનીતિ અને કુશળતા કહી શકાય ? અને હાલ ફક્ત ડાન્ઝીક બંદરના નિમિત્તે બધા દેશો લડાઈમાં ઊતરેલ છે,તે તેમની અંદર કેટલા રાગદ્વેષ હતા તે બતાવી આપે છે.

જે દેશમાં ધર્મ અને મોક્ષ પુરુષાર્થરૂપે મનાય છે, તેમાં આવા પ્રસંગ બનતા નથી; કારણ કે ત્યાં શિક્ષણ જ એવા પ્રકારનું હોય છે કે કોઈની જમીન અન્યાયથી લેવાય નહિ. ત્યાં પ્રભુ તરફ દૃષ્ટિ રહે છે, નીતિનું જોર રહે છે; કારણ કે મોક્ષ એટલે પોતાની માનેલી હદમાંથી છૂટવું અને તેથી કોઈ પોતાના ખાસ હકનો વિચાર કરતા નથી, ત્યાં ઉત્તમ પુરુષ પોતાના સુખનો વિચાર કરતા નથી. તે પોતા ઉપર મોટી જવાબદારી લે છે, દુઃખ ખમે છે, ધર્મથી અર્થ અને કામ સિદ્ધ કરે છે; તેનું ફળ તે તેનો આત્મવિકાસ છે, તે જ તેનો પુરુષાર્થ છે. જે સુખ બીજા માણસ માગે છે, તે સુખ આત્માર્થી માણસ માગતો નથી. તે એમ જ માને છે કે, જેટલો પોતે ભોગ આપે તેટલો તેનો વિકાસ વધારે થાય છે. પૈસો ગુણ પ્રમાણે મળતો નથી. ઘણી વખત પૈસાદાર માણસ કરતાં ગુણવાન માણસ જગતનું વધારે ભલું કરી શકે છે; ગુણવાન ગુણવિકાસમાં જ લાભ દેખે છે, તે જગતના કાયદાથી બંધાતો નથી; છતાં દુઃખ ખમવામાં, આત્મભોગ આપવામાં વધે છે. જગતમાં અનંત શક્તિઓ કામ કરી રહી છે, તેને માણસના ટૂંકા મનથી બાંધેલ કાયદામાં બાંધી શકાય નહિ. માણસ જગતમાં જે જુએ છે તે કરતાં જગતમાં ઘણાં વધારે તત્ત્વો રહેલાં હોય છે અને તે વધારે સમજવા માટે નવું જીવન ધરવું જોઈએ, જૂના રસ છોડવાનું

3

પ્રતિજ્ઞા અને પ્રસ્થાન.

ભાઈ ! હવે જરા ઉતાવળા ચાલો.

કેમ ? વખત થવા આવ્યો છે કે શું ?

હા, હા. જુઓને, સૂર્ય કેટલો ચડ્યો છે ? મોડા પહોંચીશું તો જોવાની મઝા નહીં રહે.

હાં હાં, ચાલો, ત્યારે જલ્દી ચાલીયે.

જુઓ ! પેલું દેખાય તે ક્ષત્રિયકુંડ નગર. હવે ઘણું દૂર નથી હો !

• • • • •

ગતિ આપવા માટે તે જરૂરનાં હોવાથી જગતમાંથી તદ્દન નિર્મૂળ થતાં નથી. આપણા જીવનના સંજોગો, એ અપૂર્ણતા અને પૂર્ણતા વચ્ચેની ખેંચતાણ છે અને પૂર્ણતા મેળવવી જરૂરની હોવાથી ખેંચતાણનું દુઃખ અને વિરહ ભોગવવાં પડે છે.

પડે છે. પણ તે પહેલાં જીવન બગડે નહિ તેવી ધાર્મિક કેળવણી આપવી એ દરેક રાજ્યની પહેલી ફરજ છે. એવી કેળવણી નહિ આપવામાં આવે તો લડાઈનો અંત આવવાને બદલે માણસના સારા સંસ્કારનો અંત આવશે અને માણસો પશુ જેવા બની જશે. તેથી બધા દેશોમાં સંયમી, ડાહ્યા અને નિઃસ્વાર્થી પુરુષો વધે એવી વ્યવસ્થા કરવાનું કામ અને એવી કેળવણી આપવાનું કામ ખાસ જરૂરનું છે.

હિંદનું રાજ્ય કોઈએક રાજાના હાથમાં હોત, ઈંગ્લૅંડના રાજાના હાથમાં હોત તોપણ જ્યારે બન્ને પ્રજાના મહાપુરુષો સારી સૂચના આપે ત્યારે તે રાજા ઉપર તેની અસર થાય અને પોતાની મરજી પ્રમાણે કરવા તે સ્વતંત્ર હોય તેથી સુધારા પણ જલદી થઈ શકે અને લોકોનું જીવન લોકોના આદર્શ પ્રમાણે સુધારી શકાય; પણ હિંદનું રાજ્ય કોઈ એક રાજાના હાથમાં નથી. હિંદના ગવર્નર જનરલ પણ પરતંત્ર છે. તેના ઉપર હિંદના વજીર, તેના ઉપર અંગ્રેજી પાર્લામેન્ટની સત્તા અને પાર્લામેન્ટ પણ બહુમતિના ઠરાવ પ્રમાણે ચાલે. એ બહુમતિ પણ પાંચ છ વર્ષે અથવા તે પહેલાં ફરી બેસે. એટલે કોઈને બીજાના લાભની ચિંતા રહે નહિ. બધાને સ્વાર્થનો વિચાર, ઈંગ્લૅંડનું કેમ ભલું થાય તેનો જ માત્ર બહુમતિ વિચાર કરે.

હિંદની પ્રજા ઉપર અંગ્રેજી પ્રજાનું રાજ્ય છે. તે આખી પ્રજાના વિચાર ફેરવવાનું કામ સહેલું નથી. તેની સામે આ દેશની આખી પ્રજા અવાજ કરે ત્યારે જ તે અવાજ સંભળાય તેમ છે.

તો વ્યુત્ત થઈ ખુલ્લામાં ધીમે ધીમે ચંક્રમણ કરી નિદ્રા ઉડાડતા હતા; પાછા ધ્યાનમાં લીન થતા હતા. છતાં કોઈ વખત અનિવાર્ય સ્થિતિમાં ધ્યાનમાં રખડવા ન થાય એ ક્ષણ માત્ર નિદ્રાનો અનુભવ પણ કરી લેતા હતા. પરંતુ આ રીતે તેમણે માત્ર ક્વચિત્ જ નિદ્રા લીધી છે. એટલે લગભગ અનિદ્રિત સ્થિતિમાં જ રહ્યા છે.

મહાનિષ્ક્રમણ પછી તેમણે અહિંને જ્યારે દક્ષિણ વાચાળથી ઉત્તર વાચાળ નામના ગામ તરફ તેઓ જતા હતા, અને જ્યારે વચ્ચે રૂપ્યવાલુકા અને સુવર્ણવાલુકા નામની બે નદીઓ ઓળંગવાની હતી, ત્યારે સુવર્ણવાલુકાને કિનારે, [illegible]

[illegible]

સ્વદેશભક્તિનું નામ આપવામાં આવે છે તે ખુલ્લે મોઢે આખા જગતમાં બધે ઘેર ઘેર વાસ કરી રહેલ છે. તેવી સ્વદેશભક્તિ એક બહુ મોટો સદ્‌ગુણ મનાય છે. તેણે પોતાનો ચેપી તાવ આખી દુનિયા ઉપર પ્રસારી મૂક્યો છે અને તે તાવની લાલી પોતાના મુખ ઉપર આવે તો જ સારામાં સારી તંદુરસ્તીનું નિશાન મનાય છે. ઘણા નિર્દોષ લોકોને પણ એમ લાગે છે કે, 'એવા તાવની ગરમી સન્નિપાત જ્વરથી પટકાયલા આપણા પાડોશી જેટલી આપણને કેમ ચઢી નથી, બીજી પ્રજાઓ જેટલી લડાયક છે તેટલી આપણી પ્રજા શા માટે થઈ શકતી નથી ?' આવી લાગણીથી તેઓ મનમાં અસંતોષ માને છે.

વળી જે પ્રકારના જીવનને જેટલી કિંમત પશ્ચિમના દેશોમાં અપાય છે તે જીવનને તેટલી કિંમત અહીં અપાતી નથી. યુરોપના દેશોમાં વસ્તીના પ્રમાણમાં ખાવાની વસ્તુઓ ઉત્પન્ન થતી ન હોવાથી, તેઓને બહારના દેશો જીતવાની અને વેપાર વધારવાની જરૂર પડી. તેને માટે બીજા દેશોને તાબે રાખવાની જરૂર લાગી, તેમના જીવનનો મુખ્ય આદર્શ વેપાર વૃદ્ધિ કરવામાં રહ્યો. જેમ વેપાર વધે, પૈસો વધે તેમ તેનું રાજ્ય સારું ગણાય. ત્યાં એક જ મુખ્ય પુરુષાર્થ અને તે અર્થપ્રાપ્તિ અને તેના પરિણામમાં થતી કામતૃપ્તિનો બીજો પુરુષાર્થ. જેવી વિદ્યા તેવી કળા, જેવી રાજ્યપદ્ધતિ તેવી સમાજવ્યવસ્થા. યુરોપમાં કેટલાક દેશમાં પ્રજાને હંમેશાં લડવાની તૈયારી રાખવી પડે છે, તેથી દરેક માણસને લડાઈનું કામ શીખવું પડે છે; દેશની મરજી પ્રમાણે ચાલવું પડે છે

નવ **ચાતુર્માસિક**, છ માસિકમાં પાંચ દિવસ
સુધી **અભિગ્રહધારણ**, એક **છ માસિક**, અને
ણુ **પ્રતિમાઓ** (તેમાં ૧૬ ઉપવાસ અને જુદી
ાન ધરવાનું હોય છે.) વહન કરી લાંબા વ-
ાતિ ઉગ્ર નિર્જળ તપ કર્યો છે.

ય તપ દરમ્યાન માત્ર ત્રણસો ને ઓગણપચ્ચાસ
કર્યાં છે. એટલે લગભગ સાડાબાર વર્ષમાં
ોગણપચ્ચાસ દિવસ જ ભોજન લીધું છે; અને
જ વખત.

તેઓ આહારની શોધમાં નીકળતા હતા, ત્યારે
કેવો ? કેવી રીતે બનાવેલો ? તથા કેવી
? " વિગેરે બાબતમાં બહુ જ સૂક્ષ્મ
ા હતા. પોતાને લેવાનો આહાર પોતાને ઉદ્દે-
થયેલો હોવો જોઇએ. પાપવ્યાપારથી થયેલો ન
જોઇએ. આપનારને બોજા રૂપ થવાય તેવી રીતે
જ લેવો જોઇએ. બીજાં ભિક્ષુકો અથવા કાગડા
બીજા પ્રાણીને નડતો અટકીને ખોરાક પોતાને
રીતે તે લેતા જ ન્હોતા. કોઇને ઘેર જતાં કોઈ
અન્ય પ્રાણી અર્થી તરીકે હાજર હોય તો તેઓ
હેતા અને ધીમે ધીમે આવતા હતા. બધાને
ો પોતાને મળે, તે જ એ મહાભિક્ષુક લેતા હતા.

વૃત્તિવાળાં મન સટોરિયા જેવી પ્રવૃત્તિવાળાં થઈ જાય છે. ભૂતકાળનો અનુભવ શોધ્યા વગર, વર્તમાન સ્થિતિ જોયા વગર, આતુર મન ભવિષ્ય શોધવા નીકળે છે અને સાધન વિના ફળ ઇચ્છે છે. વર્તમાનથી અસંતુષ્ટ ચિત્ત દૃષ્ટિ આગળ ઊડતું ભવિષ્ય ઝડપે છે અને એ ભવિષ્યની પાછળ ઊભેલું ભવિષ્ય દૃષ્ટિએ પડતાં કંપારી ખાય છે.'

આવી વિદ્યાએ સાંચાકામનો ઉપયોગ ઝડપથી સ્વીકારી લીધો છે; કારણ કે તેનાથી ધન ઓછી મહેનતે વધે છે. પણ જ્યારે ધનવાન વધારે ધનવાન થાય છે ત્યારે ગરીબ વધારે ગરીબ થાય છે. હાથવણાટની જગ્યાએ કાપડની મિલો, ઘંટીને બદલે લોટ દળવાની મિલો, ચોખાની મિલો, તેલની મિલો, શણની મિલો, ગાડાને ઠેકાણે રેલવે, મોટરો વગેરેના ઉપયોગથી ગરીબ માણસની રોજી તૂટી છે. જ્યારથી યુરોપની પ્રજા આવી, અહીંનો વેપાર તોડી ધન લઈ જવા માંડી ત્યારથી લોકોને નવા વિચાર કરવા પડ્યા. લોકોએ જોયું કે, હવે માત્ર ધર્મ અને મોક્ષ આદર્શ તરીકે નભી શકે તેમ નથી. નવા સંજોગોમાં નવાં કર્મ, નવા ધર્મ દાખલ થયા. જેમ બીજા દેશોમાં ધનવાનોના જુલમ સામે મજૂરોની હડતાલ વગેરે થવા લાગ્યું, તેમ અહીં પણ બીજા પ્રકારની હડતાલ કે જેનું નામ સત્યાગ્રહ અથવા અસહકાર કહેવાય છે તેનો જન્મ થયો. આ બધા દુઃખનું કારણ તો બધા દેશમાં એક જ છે અને તે એ છે કે, પ્રજાના સંઘો ભેગા થઈ કેવળ પૈસા વધારવાના ઉદ્દેશથી જ બીજાના દેશો જીતવા માંડ્યા. તેની અસર બીજા દેશો ઉપર થઈ. પરિણામમાં વિદ્વાન કરતાં ધનવાનને વધારે માન મળ્યું.

વાળા ઉપર ઓછો જુલમ કરતા નથી.

પ્રજાતંત્ર રાજ્યમાં લોકોની ચૂંટણીની પદ્ધતિ દાખલ કરવામાં આવી છે તે પણ એટલી ખર્ચાળ છે–એટલે કે જેને ધારાસભામાં જવું હોય તેને એટલું ખર્ચ થાય છે કે મોટે ભાગે પૈસાદાર લોકો જ તેમાં ભાગ લઇ શકે છે. ગરીબ માણસ હોય, તે વિદ્વાન હોય, રાજ્યમાં સારા ફેરફાર કરવા માટે સલાહ આપવા જેટલી તેનામાં બુદ્ધિ હોય; તેને ધારાસભામાં જવાની તક મળતી નથી. કેટલાક અપવાદ બાદ કરતાં ધન અને વિદ્યા એક ઠેકાણે રહેતાં નથી. તેથી સારા વિદ્વાનોને ધારાસભામાં બેઠક મળતી નથી. હિંદની રેલવેનું આવકજાવકનું બજેટ દર વર્ષે લગભગ બે અબજનું થાય છે. તેના ઉપર ચર્ચા કરવા અનુભવી માણસની જરૂર છે. તેવા માણસ હિંદમાં બહુ થોડા છે. તેમાંથી કોઈ ધારાસભામાં જવા મહેનત કરી, ખર્ચ કરે, પણ તે સફળ થતા નથી.

જેમ સ્વતંત્ર રાજાના રાજ્યમાં રાજા સદ્ગુણી ન હોય તો અનેક ભૂલો થવાનો સંભવ છે, તેમ બહુમતિથી ચાલતા પ્રજાતંત્ર રાજ્યમાં પ્રજા સદ્ગુણી ન હોય તો પણ અનેક ભૂલો થવાનો સંભવ છે. ઘણા મૂરખ માણસનું કામ એક ડાહ્યા માણસના કામથી વધારે સારું થતું નથી. ઘણા ધનવાનો ધારાસભામાં જાય તે કરતાં ગરીબ પણ વિદ્વાન પુરુષો પણ ત્યાં જઈ શકે તેવી યોજના હોવી જોઇએ અને થોડા મતવાળાની વાતને પણ વજન આપવું જોઇએ.

ધનવાનોના રાજ્યની સામે થવામાં મુખ્ય બળવો રશિયાના મજૂરોએ કરેલ છે. ત્યાં બોલ્શેવિકો એટલે કામદાર

જ્યોતિ: સદા જાગ્રત્ રાખતા હતા. ”

“ અહો ધન્ય ! અહો ધન્ય ! અતિ ઉગ્ર તપસ્વી એ મહા શ્રમણને અમારાં સહસ્ર વંદન હો ! અહો ! ખરેખર, વિહારના ક્રમે કરીને જે ગામ, શહેર કે સ્થાનને એ મહાત્મા પવિત્ર કરતા હશે, ત્યાંના વતનીઓના કેવા અહોભાગ્ય હશે ? તેઓ આવા મહાપુરુષના દર્શન–વંદન–સ્તુતિ કરતા હશે અને આહારાદિક પ્રતિલાભી કેવા કૃતકૃત્ય થતા હશે ?

બ્હેનો ! જ્યાં જ્યાં એ મહાનુભાવ વિચરે, ત્યાં ત્યાં લોકો તેમનો કેવો કેવો ભારે સત્કાર કરતા હતા ? રાજ્ય-કુટુંબના પૂર્વ પરિચયને લીધે ઘણા મોટા મોટા આગેવાનો તેમને સર્વ પ્રકારની કેવી કેવી અનુકુળતાઓ કરી આપતા હતા ? ત્યાં કેવો આનંદ અને ઉત્સવ પ્રવર્તી રહેતો હતો ? વિગેરે જરા વિગતથી સંભળાવો તો. ”

“ પોતાનો પૂર્વપરિચય તેઓ ક્યાંયે જાહેર જ કરતા નહીં. કોઈની સાથે ઓળખાણ રાખવાની કે કાઢવાની તો વાત શી ? કદાચ કોઈ ઓળખીતું મળી જાય અને પૂજા સત્કાર કરે, તોપણ તેઓ તો મૌન અને તટસ્થ ભાવે જ રહે. ખરી સ્થિતિ તો એ હતી કે—પરિચિત સ્થળોનો ત્યાગ કરીને અપરિચિત સ્થળોમાં જ તેઓ વિહાર કરતા હતા અત્યારા પ્રદેશોમાં જ જઇ ચડતા હતા, અને પછી જે સંજોગો આવી પડે તેનો તટસ્થપણે અનુભવ કરતા હતા.

ક્રોધ વધે છે. આ દુર્ગુણો દાબવા માટે સાચી કેળવણી-ની જરૂર છે તે માટે નીચેની બાબત ઉપર વિચાર કર-વાની જરૂર છે.

(૧) કેળવણી શાને કહેવી?
(૨) શું શીખવું?
(૩) શિક્ષણનો હેતુ શો છે?
(૪) કોને શીખવવું?
(૫) ક્યારે શીખવવું?
(૬) ઘરમાં શું શીખવવું અને નિશાળમાં શું શીખવવું?
(૭) કેવી રીતે શીખવવું?
(૮) શિક્ષક કેવા જોઈએ?

મહાત્મા ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમનો મુખ્ય હેતુ સત્ય સમજાવીને સત્યાગ્રહની કેળવણી આપવાનો હતો, પરંતુ ત્યાં પણ શરીરના કર્મ ઉપર બહુ ભાર દેવાથી, સત્ય-રૂપ આત્માનું જ્ઞાન આશ્રમવાસી લઈ શક્યા નહિ; અને તેથી આશ્રમનું નામ 'ઉદ્યોગમંદિર' રાખવું પડયું હતું. મનનું કામ એ પણ કામ છે, એ વાત ત્યાં ભૂલી જવાઈ હોય તેમ લાગે છે; એટલું જ નહિ પણ સ્વરાજ્યની ચળવળમાં બુદ્ધિની કેટલી જરૂર છે તે ઘણા અસહકારી માણસો સમ-જવાનો પ્રયત્ન કરતા નથી. આગળના વખતમાં પણ જ્યારે પ્રજા, રાજા સાથે અસહકાર કરી સામે થતી ત્યારે પણ બન્નેના ટંટાનો ફેંસલો પ્રજાના બુદ્ધિવાન માણસો, કે જે મહાજન કહેવાતા હતા તેમની મદદથી થતો હતો.

વૈદિક કાળમાં બ્રાહ્મણો અર્થાત્ જ્ઞાની પુરુષોના કહેવા પ્રમાણે રાજ્ય ચાલતું. પાછળથી ક્ષત્રિયો સ્વતંત્ર થયા અને જ્ઞાની પુરુષો ઓછા થયા; તેથી ક્ષત્રિયો તેમનું કહેવું માનતા નહિ. તે પછી યુરોપના સંબંધથી અને સાંચાકામની શોધ-



[illegible]

હોજરીને કહે કે, અમે કમાઈએ તે તને શા માટે આપીએ? તો હોજરી કહેશે કે, હું અન્ન પચાવીને જે રસ તૈયાર કરું તે હાથ અને પગને શા માટે આપું ? એ ખોટી દશા છે. માટે સૌએ પોતાના અધિકાર પ્રમાણે સેવા કરવી જોઈએ અને એમ માનવું જોઈએ કે, તેનો લાભ બીજાને મળે તોપણ અંતે પોતાને મળે છે; તેથી ચરણને માથાની જગ્યાએ મૂકવા ન જોઈએ–એટલે કે, જે મજૂરી કરે તે માણસને બુદ્ધિવાન કરતાં મોટો માનવો ન જોઈએ. બાળકના જન્મ વખતે માથું પહેલું નીકળે છે અને ચરણથી જ્યારે જન્મ થાય છે ત્યારે કસુવાવડની બીક રહે છે.

મજૂરો વેપારની હરીફાઈ બંધ કરી શકશે, મજૂરીના આદર્શ આપી શકશે, બિનરોજગારને રોજી આપી શકશે; પણ ઋષિમુનિઓના ધર્મ આપી શકશે નહિ. તેથી માણસનું જીવન તદ્દન સુખી થઈ શકશે નહિ. પરિણામી વસ્તુઓમાંથી મળતું સુખ, કાયમનું સુખ આપી શકશે નહિ. આપણા પશુ જેવા સ્વભાવનું બંધન એ ખરી રીતે પરદેશનું બંધન છે.

હાલ દરેક વર્ષે ઉત્પન્ન થતી પ્રજા અજ્ઞાનના સંસ્કાર શીખે છે. તેનાથી કામ-ક્રોધ વધે છે. તે જંગલીપણાનો વધારો કરે છે. નાની ઉંમરમાં ખોટું શીખવાનો બોજો વધી પડે છે. જ્યારે વાઘ અને સિંહ જેવા માણસો વધે છે ત્યારે જગત જંગલ જેવું થઈ જાય છે. સિનેમા, છાપખાનું, રેડિયો, કેળવણી, ન્યૂસપેપર વિગેરેથી રાજ્યકર્તા પ્રજા ઉપર ધારે તેવી અસર કરી શકે છે અને જ્યારે રાજ્ય કરનાર વેપારી અને સ્વાર્થી હોય ત્યારે પ્રજાનાં મન પણ સ્વાર્થી થવા લાગે છે.

ક્રૂર સ્વભાવના, અસંસ્કારી મનુષ્યોની વસ્તીવાળા પ્રદેશોમાં બે એકથી વધારે વાર જઇને વિહાર કર્યો. એ વિહાર પ્રસંગે જે મુશ્કેલીઓ પડી છે, તેનું વર્ણન શબ્દાતીત છે. અને એ મુશ્કેલીઓ વખતે તેમણે જે આત્મિક સામર્થ્ય દાખવ્યું છે, તે પણ તેવી જ રીતે કલ્પનાતીત છે.

ત્યાંના લોકો ભારે જડ સ્વભાવના, કડક મિજાજના, અને નિર્દય હતા. સ્હેજસાજ વાતમાં મારફાડ કરતાં વાર ન કરે. એ મહા તપસ્વી રાજકુમાર ગામ તરફ જતા હોય, ત્યાં તો રસ્તામાંથી જ કાઢી મૂકવા માંડે. કદાચ ગામ પાસે પહોંચે તો ગામમાં પેસવા જ ન દે. ગામમાં પ્રવેશ કર્યો, તો પછી હાથમાં જે કંઇ હથીયાર કે લાકડી વિગેરે હોય તેથી માર્યા વિના ન રહે. કુતરાઓ કરડાવે, કુતરાઓને પાછળ સીસકારે, ને તે ઉઝરડા કરે. તેવે વખતે જરા પણ ભય, કે અંગ સંકોચ વિના સમાન ભાવે બધું સહન કરે. બીજા કોઇથી એ પ્રદેશોમાં લાકડી કે એવા સાધનો સિવાય જઈ જ ન શકાય, એવા ભયંકર એ ઉગ્ર પ્રજાના શીકારી કુતરાઓ હતા. ત્યારે આમની પાસે તેવું સાધન તો કંઈ હતું જ નહીં.

અરે ! એકાદ વખત ત્યાં તેમનું માંસ પણ કાપવામાં આવ્યું હતું. કોઈ કોઈ વખતે હુમલો કરી ઉપર પડી જઇને તેઓ યથેચ્છ માર મારતા હતા. રાડો પાડતા હતા. ધુળ

પહેલા હિંદુસ્થાન ઉપર જ્યારે પરદેશી રાજાઓ ચઢાઈ કરતા ત્યારે એક વાર ધન લઈને જતા રહેતા અથવા મોગલોની માફક કાયમને માટે અહીં રહેતા. અંગ્રેજી રાજ્યમાં તો દર વર્ષ અનેક માણસ અનેક રીતે ધન લઈ જાય છે; તેથી દુકાળ માટે પણ સંગ્રહ રહી શકતો નથી.

પરદેશી રાજ્ય પોતાની આસુરી શક્તિથી રાજ્ય કરે છે તેથી તે શક્તિની અસરથી પરતંત્ર પ્રજા વધારે પરતંત્ર બને છે. તે પ્રજામાં હિંમત, આત્મભોગ, સ્વમાન વગેરે આવતાં નથી; તેથી હિંદનો ઈંગ્લેંડ સાથેનો સંબંધ હિંદની મરજી પ્રમાણે થવો જોઈએ, ઈંગ્લેંડ તરફથી ફરજિયાત હોવો જોઈએ નહિ.

ઉપર કહ્યું તેમ મોટા રાજ્યમાં ગરીબ માણસ તરફ પૂરતું ધ્યાન રહેતું નથી. અમેરિકા નાનાં નાનાં રાજ્યોનું બનેલું હોવાથી ત્યાં લોકોના લાભ સારી રીતે જળવાય છે. દરેક લડાઈમાં કોઈ મોટું રાજ્ય નાનું થાય છે અને કોઈ નાનું રાજ્ય મોટું થાય છે. લગભગ દરેક લડાઈમાં ઈંગ્લેંડે પોતાની સત્તા વધારવાની મહેનત કરી છે અને તેને પરિણામે તેનું રાજ્ય એટલું વધી ગયું છે કે તેની પાર્લામેન્ટની સત્તા તેની ઉપર રહી શકતી નથી. અંતે કેનેડા, દક્ષિણ આફ્રિકા કે આયર્લેંડ જેવા તેના રાજ્યના બહારના ભાગ લગભગ સ્વતંત્ર થવા લાગ્યા છે. એક રીતે તેનાથી પૃથ્વીમાં વધારે શાંતિ રહેશે. મોટું રાજ્ય નાનાને દબાવે, પણ જ્યાં ઘણાં નાનાં રાજ્ય હોય ત્યાં કોઈ બળવાનની બીક રહેતી નથી. અંગ્રેજી સામ્રાજ્યના આ પ્રમાણે ભાગ થયા પછી માત્ર દક્ષિ-

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

તેમ કરવાથી માણસનો સ્વભાવ પશુ જેવો બને છે અને જ્યાં માણસ પશુ જેવા થાય ત્યાં સ્વરાજ્ય મળે તે સ્વરાજ્ય કહેવાય નહિ.

એ ઉપરથી એમ નથી સમજવાનું કે, હિંદમાં કુશળ રાજનીતિજ્ઞ માણસો નથી. એવા ઘણા માણસો છે કે જે ઈંગ્લેંડના વડા પ્રધાન કરતાં પણ ચઢી જાય. આવા પુરુષો દેશી રાજ્યોમાં દીવાનોની પદવી ભોગવે છે, અને કાઉન્સિલના મેમ્બરોમાં પણ કેટલાક સારા બુદ્ધિશાળી માણસો જોવામાં આવે છે.

તેથી હિંદના સ્વરાજ્યમાં માત્ર વ્યાવહારિક લાભ જોવાના નથી, માત્ર પૈસો વધે એ જ સ્વરાજ્યનો હેતુ હોવો ન જોઈએ. દેશમાં માત્ર પૈસો જ વધારવો હોય તો દરેક માણસે દેશના લાભ માટે લડાઈમાં ઊતરવા માટે તૈયાર રહેવું જોઈએ, વિધવાઓને ફરીથી પરણવાની છૂટ આપવી જોઈએ, સ્ત્રીઓને લડાઈનાં સાધન બનાવવાનું કામ શીખવવું જોઈએ, મોક્ષની વાત કરે તેનો દંડ કરવો જોઈએ, બીજાના દેશો લૂંટી આવે તેને ઇનામ દેવું જોઈએ અને ન્યૂસપેપરોને પૈસાની મદદ આપી, લૂંટને પુરુષાર્થના રૂપમાં લોકો સમજે તેવાં લખાણ આપવાં જોઈએ.

પણ આવી રીતે લાભ મળે તો હિંદની પ્રજા લઈ શકશે નહિ. તેનું કારણ હિંદમાં ધર્મ અને નીતિનું સારું જોર છે; તેથી હિંદના સ્વરાજ્યના વિચારમાં વ્યાવહારિક લાભ સાથે પારમાર્થિક લાભ પણ જોવો જોઈએ.

પારમાર્થિક દૃષ્ટિથી જ્યારે સ્વરાજ્યનો વિચાર થાય

યોગ્યતા બરાબર સાબીત કરી આપી છે. અને આ વિકટ જીવનમાં કોઈ વખત જરા યે પાછી પાની કરી નથી.

જરા પણ થાકયા વિના, કંટાળ્યા વિના, મનમાં દુઃખી થયા વિના, જરા પણ પસ્તાયા વિના, રસપૂર્વક, વેગપૂર્વક, સાવધાનીપૂર્વક, જેટલી રીતે પ્રયત્નશીલ રહી શકાય તેટલી રીતે પ્રયત્નશીલ રહીને પોતે સ્વીકારેલી ભગીરથ સાધનાને સિદ્ધ કરવા મથ્યા જ રહ્યા છે.

આધ્યાત્મિક સાધનાના સર્વ અંગો–જેવાં કે–તપ, ધ્યાન, બાહ્ય મુશ્કેલીઓ, એકાન્તવાસ, મૌન, પરિચયનો ત્યાગ, જ્ઞાનજાગૃતિ, સાવધાની, દયા, પ્રેમ, સત્ય વિગેરે વિગેરે નાના મોટા સાક્ષાત્ કે પરંપરાએ આધ્યાત્મિક સ્થિતિમાં મદદ કરનારા દરેક અંગોને–યથાસ્થાને યથાસમયે ઉચિત સ્થાન આપી આચારમાં પાળી બતાવી આધ્યાત્મિક જીવનનો ઉત્કૃષ્ટ પ્રયોગ–ઉત્કૃષ્ટ નમુનો જગતને પૂરો પાડ્યો છે.

સામાયિકની પ્રતિજ્ઞા રૂપી આધ્યાત્મિક બીજને, ગમે તેવા જોખમમાં મુકીને પણ નિઃસંગતા રૂપી વાડથી બચાવી લીધું છે; અને ધ્યાન રૂપી પોષક ખોરાક આપીને સમતા રૂપી રસને ખૂબ પોષણ આપ્યું છે. એટલે આજે તેમનું આધ્યાત્મિક રૂપ ફાલીફૂલી અનેક શાખાપ્રશાખાથી વ્યાપ્ત થઈ ગયું છે. સમતા રસની એટલી બધી જમાવટ થઈ

રદ કરવું જોઇએ. એટલે કે રાજતંત્ર એવી રીતે ચલાવવું કે દેશ દેશ વચ્ચે યુદ્ધ થાય નહિ. એવા પ્રસંગ આવે તો અટકાવવા અથવા તેનો બીજી રીતે નિર્ણય લાવવો જોઇએ. કોઇ દેશને અન્યાય આપવો નહિ. આ પ્રમાણે પશ્ચિમમાં પણ જીવનનો આદર્શ અને સ્વરાજનો હેતુ ફરવા લાગ્યા છે. પ્રભુની ઘટનામાં આવા ફેરફારમાં ગર્ભિત સંકેત રહેલા હોય છે કે જે ઉતાવળથી વિચાર કરનાર માણસ એકદમ સમજી શકતા નથી.

એવા જ ફેરફાર કાંઇક અંશે એશિયામાં થવા લાગ્યા છે. ધર્મથી દાખલ થયેલ કેટલીક ખોટી રૂઢિઓ તુર્કસ્તાનમાં નાબૂદ થઇ છે. હિંદમાં પણ ધર્મમાંથી ખોટા રિવાજ નાબૂદ કરવાની જરૂર છે.

પણ માત્ર સંખ્યા વધારવાથી સંઘબળ વધે નહિ, હિંદુ ધર્મ અને મુસલમાન ધર્મમાં જે સારા સંસ્કાર છે, તે પ્રગટ કરવા જોઈએ. માત્ર આર્થિક ઉન્નતિ તરફ જ ધાર્મિક સંસ્થાએ લક્ષ રાખવું જોઈએ નહિ.

આર્થિક ઉન્નતિની જરૂર છે, પણ તેની સાથે મનુષ્યજીવનનો વિકાસ થાય એવા બીજા ઊંચા આદર્શ ભૂલવા જોઈએ નહિ.

ઉત્તમ વિચારથી ઉત્તમ જીવન મળી શકશે. આપણા ખ્યાલમાં ન હોય તે દિશામાંથી મદદ આવશે. કાળની પ્રવૃતિમાં ઈશ્વરની પ્રેરણા છે, તે જે આપે તે ખુશીથી સ્વીકારવું. કારણ કે તે ભૂલ કરે તેવા નથી. બીજા દેશોના રાજ્યધર્મ અહીં કામ આપી શકે તેમ નથી. કોઈ પણ એક દેશની

છે કે જગતમાં કોઈ પણ વસ્તુ ઉપર પોતાને રાગ કે દ્વેષની જરા પણ વૃત્તિ રહી નથી. એ તેમણે અનેક વિકટ-મહાવિકટ અનુકૂળ તથા પ્રતિકૂળ સંજોગોમાં પસાર થઈ સાબીત કરી દીધું છે. અને તેથી જ લોકોએ કે શ્રમણ (શ્રમણ ભગ) નામથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

ક્યાં [illegible], ક્યાં [illegible], ક્યાં [illegible], ક્યાં [illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible]

તરફ બેદરકાર રહી શકે નહિ; તેમને પણ તેમનું જીવન સુધા રવા માટે પૂરતી સગવડ મળવી જોઈએ. તેમનો આત્મ બીજા આત્માથી જુદો નથી. ન્યાય અને પ્રેમથી ખરું સ્વરાજ્ મળશે. પ્રભુની શક્તિએ આ દેશને જાગ્રત કર્યો છે, તે શકિ અહીંના લોકોને ચલાવશે, લોકો તે સમજી શકશે નહિ પણ આ દેશનું સારું ભવિષ્ય તૈયાર છે તે વાત સમજી સ્વીકારીને અમલમાં લાવવી જોઈએ.

કાળના ધર્મ પ્રમાણે વર્તમાનકાળમાં અર્થની તંગી દૂ કરવી એ જ જીવનના આદર્શ તરીકે ઘણે ઠેકાણે મનાય છે. આદર્શ સિદ્ધ થાય એટલી સ્વતંત્રતા મળે તેને વર્તમા કાળનું સ્વરાજ્ય કહી શકાય.

બધા પ્રકારથી મનુષ્યજીવન નિત્ય સુધરે તેને નિત્ સ્વરાજ્ય કહી શકાય. માત્ર પૈસાથી બધું જીવન સુધર નથી. ઊલટું ઘણી જગ્યાએ જ્યાં પૈસો વધારે હોય છે અ તેના પ્રમાણમાં સારા સંસ્કાર હોતા નથી, ત્યાં પૈ માણસનો સ્વભાવ બગાડવાનું સાધન બને છે. તેથી અથ પ્રાપ્તિ કરતાં વિદ્યાની વૃદ્ધિ સ્વરાજ્ય માટે વધારે ઉપયોગ માનવી જોઈએ. ત્યાં સુધી અંગ્રેજ જેવી ધનવાન પ્રજા માત્ર ધનનો લાભ છે અને અહીંની પ્રજા ધન ઉત્પન્ન ક આપે છે ત્યાં સુધી અહીંની પ્રજાને અંગ્રેજી રાજ્ય તરફ પૂરતી કેળવણી મળશે નહિ; કારણ કે કેળવાયેલી પ્ર પોતાના હક બરાબર સમજે છે. હિંદના સ્વરાજ્યમ ફરજિયાત મફત કેળવણી દરેક ગામડે શરૂ કરવી જોઈએ કે જેથી લોકો સારું-ખોટું સમજી શકે, પોતાના વખતન

વિલંબ છે. ફડેનો ! અત્યારે સ્વામી ક્યાં બિરાજતા હશે ? લગભગ તમને ખબર હશે. જ્યાં હોય ત્યાં આ ક્ષણે જ અમને લઈ ચાલો. ”

“ આપનો આદેશ અમારે સર્વથા પ્રમાણ છે. પ્રભુજી જ્યાં હશે, તે સ્થાન લગભગ અમને અવગત છે. તેઓશ્રી હાલમાં આ માગધ મંડળને જ શોભાવે છે. બારમું ચાતુર્માસ ચંપાનગરીમાં કોઇ અગ્નિહોત્રિની શાળામાં રહી યોગ્ય પાત્ર સ્વાતિદત્ત બ્રાહ્મણને આત્મસ્વરૂપનું ભાન કરાવી ચાતુર્માસ પુરૂં થયે જૃંભક ગામ થઇ મેઢક ગામે ગયા હતા. મેઢક ગામેથી તેમણે પણમાની ગામ તરફ વિહાર કર્યો અને અમે આ તરફ આવ્યા. ઘણે ભાગે તેઓશ્રી આપણને ત્યાં જ મળશે. પધારિયે આ રસ્તે—”

* * * * *

હક્ક મળે એવી સમાજ બનાવવા કરતાં ગુણકર્મ પ્રમાણે સમાજની વ્યવસ્થા થાય તો વધારે સારું. જેઓ વિદ્યા આપી શકે તેવા હોય તેમને લડવાનું કામ સોંપવું જોઈએ નહિ. ૧૯૧૪–૧૭ની યુરોપની લડાઈમાં જ્યારે જર્મન પ્રોફેસર ઇન્સ્ટીનને લશ્કરની ભરતીમાં લઈ જવામાં આવ્યા અને જર્મન કેસરને તેની ખબર પડી ત્યારે તેણે તરત જ હુકમ કાઢ્યો કે, 'પ્રો. ઇન્સ્ટીનને લશ્કરમાંથી રજા આપો, અને તેને ૪૫૦૦ માર્કનું વર્ષાસન બાંધી આપી તેને તેની શોધ કરવા દો.' આ પુરુષે એટલી શોધ કરી છે કે હજુ-સુધી યુરોપમાં તેના જેવી શોધ સાયન્સમાં કોઈએ કરી નથી. તે વિષે પાંચમા પ્રકરણમાં વધારે લખેલું છે. જેઓ રાજસી વૃત્તિવાળા હોય તેમને રાજ્ય કરવાનું કામ સોંપવું જોઈએ. સાત્ત્વિક વૃત્તિવાળા સલાહ આપી શકે. જે વેપાર કરી શકે તેને તે કામ આપવું જોઈએ અને જે મજૂરી જ કરી શકે તેમને મજૂરીનું કામ આપવું જોઈએ. કોઈએ એમ ન માનવું જોઈએ કે, પોતાનું જ કામ સારું અને બીજાનું ખરાબ છે. મિસિસ સરોજિની નાઈડુ જેવી અને મિસિસ બિસેન્ટ જેવી અદ્‌ભુત બુદ્ધિવાળી સ્ત્રીઓને આખો દિવસ રેંટિયો આપવો જોઈએ નહિ. તેવી સ્ત્રીઓએ સ્ત્રીઓનું જીવન સુધારવા માટે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ. તે બાબત પણ સ્વરાજ્યમાં ઓછી ઉપયોગી નથી. આ પ્રમાણે વ્યવસ્થા કરવાથી સમાજ સુધરે છે અને રાજ્યવ્યવસ્થા પણ સારી ચાલે છે. તેથી જ વૈદિક કાળમાં જ્ઞાની પુરુષોને ભિક્ષા માગવાની છૂટ આપવામાં આવી હતી, કે જેથી તેઓને જ્ઞાન માટે પૂરતી ફુરસદ રહે અને

૬

ફ્યુઝીને શિખરે.

[illegible]

રજોગુણમાં એક એ લાભ છે કે, તે તમોગુણી સ્વભાવને સુધારે છે, પણ એક એવો દુર્ગુણ છે કે તે સાચા જ્ઞાનને અટકાવે છે; તેથી હાલના પ્રવૃત્તિમય રજોગુણી વાતાવરણમાં હલકા લોકોનું જીવન વધારે સારું થવાનો સંભવ છે; પણ તે વાતાવરણ વિદ્વાનોને આત્મવિકાસમાં વિઘ્નરૂપ છે; તેથી જ એમ કહેવાય છે કે, આ કાળમાં મોક્ષ મળવો દુર્લભ છે. હાલ જ્ઞાનની કિંમત નથી. પૈસાની અને કર્મની કિંમત છે; છતાં કર્મમાં ઘણે ઠેકાણે નિષ્ફળતા જોવામાં આવે છે, તેનું કારણ તે કર્મ જ્ઞાન વગરનું હોય છે. જ્ઞાની માણસ કર્મ કેમ કરવું તે જાણે છે, તેનો રસ્તો બતાવી શકે છે. પોતે ક્રિયામાં આસક્ત ન હોવાથી ઘણાં કર્મ કરતો નથી, છતાં તેના થોડા કર્મનું પરિણામ ઘણું આવે છે.

હાલના કાળમાં આખી પૃથ્વીનાં રાજ્યોને એક બનાવી કેવી રીતે ચલાવવું તે બતાવનારની ખોટ છે. એવું સમજાવનાર અને કરી બતાવનાર નીકળશે ત્યારે એવું રાજ્ય ઉત્પન્ન થશે.

ખરું સ્વરાજ્ય તે જ કહેવાય કે જેમાં રાજાને રાજ્ય કરવામાં કાંઈ મહેનત પડે નહિ, જ્યાં લોકો પોતાના ધર્મ સમજી પોતાનું જીવન પોતાની મેળે સુધારતા રહે, જ્યાં જ્ઞાન એટલું ફેલાયેલું હોય કે ગમે તેવા પ્રસંગમાં સાચું શું, ખોટું શું, એ દરેક માણસ સમજી શકે; બીજાને દુઃખી કર્યા વગર પોતે સુખ લઈ શકે અથવા પોતે દુઃખી થાય તોપણ બીજાને સુખી જોઈ, પોતાને સુખી માને. આવા સંજોગોમાં જનક જેવા જ્ઞાની રાજ્ય કરી શકતા. આવા સ્વરાજ્ય માટે કેળવણીમાં મોટો ફેરફાર થવો જોઈએ. પહેલાં

થઇ સ્થિર રહ્યા હશે. ”

“ જલ્દી ચાલો ત્યારે, આપણે શોધી કાઢીયે. ”

* * * * *

“ જુઓ, દૂર સામે. કોઇ ભવ્ય મુખાકૃતિ જણાય ! ”

“ હા, એ જ પૂર્વપરિચિત મુખાકૃતિ ! હવે તે તરફ જલ્દી ચાલો. ”

“ વાહ ! એ જ કદાવર-પ્રૌઢ કાયા ! ! આ બાળ-સૂર્ય સાથે સ્પર્ધા કરતી શરીરની એ જ સુવર્ણમય કાંતિ ! ! બન્ને બાહુ જાનુ સુધી લંબાવી, દૃષ્ટિ નાસિકાના અગ્ર ભાગ પર સ્થિર કરી ધ્યાનમાં લીન થઈ કેવા એ ઉભા છે ? જગતની સર્વ કુદરત્ કેમ જાણે તેમની જ તરફ ઝુકી રહી હોય ! કેમ જાણે—

[ગઝલ]

“ જીવન મ્હારૂં મહા કુદરત્—
તણી મૂર્તિ ગણું હું હું.
રહી આધીન સદા, તેને—
પ્રતિક્ષણ સાચથી સેવું-૧ ”

એ મહત્ કર્તવ્યની સિદ્ધિની પરાકાષ્ઠાએ પહોંચ્યા હોય ! ! ”

“ સહસ્ર વંદન, ઓ ! જ્ઞાતવંશવિભૂષણમણિ ! ઓ ! સર્વોત્કૃષ્ટ મહાન્ વીર ! કોટિ કોટિ વંદન તમને; અને

નથી. જે ધર્મ સંન્યાસી અને સાધુ સરળતાથી પાળી શકે તે ધર્મ બધાએ પાળવો જોઈએ એવું કહી શકાય નહિ. દેશમાં બંડ ઊઠે ત્યારે પોતાના કુટુંબનું રક્ષણ કરવું એ ગૃહસ્થોનો ધર્મ છે. અહિંસા એ તો મહાત્માનો ધર્મ છે. તેથી દરેક માણસ પોતાના જીવનચક્રમાં સંભાળથી રહે તો તેમાંથી નીકળી ધીરે ધીરે કેમ સંસ્કારી થઈ શકે તેવી સમાજની અને રાજની યોજના જોઈએ. હાલ જે લડાઈ ચાલે છે તેમાં બધા લોકોના સ્વાર્થ સમાયેલા છે. પહેલાંના વખતમાં ફક્ત ક્ષત્રિયો જ લડતા, તેથી બ્રાહ્મણ, વૈશ્ય અને શૂદ્રો પોતાનો ધંધો શાંતિથી ચાલુ રાખી શકતા. પણ હવે લડાઈ વખતે ઉંમર પ્રમાણે બધાએ લશ્કરમાં જોડાવું જોઈએ એવી આજ્ઞા રાજ્ય તરફથી થાય છે, એટલે સમાજમાં મોટા ફેરફાર થશે અને તે કેમ કરવા તેનો વિચાર કરવો પડશે. વિધવાઓ વધશે અને તેનો રસ્તો કરવો પડશે. તેનાથી માણસનું બી બગડી જવાનો સંભવ પણ છે. તેથી હવે આખી પૃથ્વી ઉપર એક રાજ્ય કર્યા વગર લડાઈ કાયમને માટે અટકશે નહિ.

હાલના સંજોગોમાં મૂડીવાળા અને મજૂરીવાળા પોતપોતાના સ્વાર્થમાં પડેલા છે. તેને અંગે હરીફાઈ વધી ગઈ છે અને ઘણા લોકોને દુઃખી કરી થોડા લોકો સુખી થવા મથે છે. તેના પરિણામમાં નીતિ અને વિદ્યા જતી રહે છે. મૂડીવાળા અને મજૂરીવાળાનો ઝઘડો ત્યારે જ મટશે કે જ્યારે બન્નેમાં સેવાભાવ આવશે. તે સિવાય લડાઈ બંધ થશે નહિ અને સુલેહ ગોઝારી જ—એટલે કે કરારનામાથી જ થોડો વખત નભશે, શાંતિ નિત્ય રહેશે નહિ. જ્યારે સેવા-

તમારી આ મહા-વીરતાને. ”

“ બસ રહો, આપણે અહીં જ સ્થિર રહો; તે સામેના પ્રિયાપટ પર બેસી જઈએ. ત્યાં બેઠાં બે રૂપનું નિહાળીએ-આજની દિનચર્યા, અને જે કંઈ તે બધું. સર્વથા તટસ્થ ભાવે જ બધું જોયા કરીએ ”

“ બરાબર છે, એ સંકલ્પ બરાબર છે. ”

• • • •

“ ભાઈ ! નક્કી કારના ગે ઉદય પામી છે. [illegible] દિવસનો [illegible] [illegible] છે.

[illegible] ....

[illegible] મુનિ [illegible] [illegible] ...! [illegible]

• • • •

[illegible]

હતી અને મહાત્મા ગાંધીજી રાજકીય ચળવળદ્વારા આત્મ-સાક્ષાત્કારની આશા રાખે છે.

આધ્યાત્મિક માણસ માણસના બનાવેલા કાયદા માનશે નહિ. તે માત્ર અંદરથી મળતા પ્રભુના આદેશ પ્રમાણે ચાલશે અને તે પ્રમાણે વર્તવાની તેને છૂટ જોઇએ. હાલની રાજ્યપદ્ધતિ એમ હુકમ કરે છે કે, મનુષ્યનું ગમે તે થાય પણ રાજ્યનું ભલું થવું જોઈએ; તેથી પ્રજા તરીકે દરેક મનુષ્યે બધા સંજોગોમાં રાજ્યને તાબે રહેવું જોઇએ. ત્યાં એમ મનાય છે કે, પ્રજા કરતાં રાજ્ય વધારે મોટું છે. આ ભાવે વર્તમાનકાળમાં જોર કર્યું છે. તે કહે છે કે, જીવે સમસ્ત સમાજના લાભ માટે પોતાના જીવનનો ભોગ આપવો.

તેથી રાજ્યપદ્ધતિ બરોબર ગોઠવવી હોય તો પ્રજા-સત્તાક રાજ્યથી કામ ચાલશે નહિ. જ્યાં આખી પ્રજાને રાજ્ય વિષે વિચાર કરવો પડે અને આખી પ્રજાને લડાઈ માટે તૈયાર રહેવું પડે ત્યાં લોકો પશુ જેવા થાય છે. તેથી આગળના કાળમાં હતું તેમ રાજ્ય ક્ષત્રિયોના હાથમાં રાખવું અને તેમને સલાહ આપવા માટે બ્રહ્મજ્ઞાની ગુરુઓ જોઇએ કે જેથી તે રાજાઓ અનીતિ કરે નહિ. જ્યાં અજ્ઞાની પ્રજાનું પ્રજાસત્તાક રાજ્ય હોય ત્યાં પરદેશી રાજ્ય જેવું જ રહેશે કારણ કે અજ્ઞાનનું પરિણામ સ્વાર્થમાં આવે છે. ઇંગ્લૅંડમાં પ્રજાસત્તાક રાજ્ય છે પણ ત્યાં જેવો સ્વાર્થ પાર્લામેન્ટમાં છે તેવો બીજે ક્યાંય જોવામાં આવતો નથી. એક રાજા સ્વાર્થી હોય તો તેનું મન ફેરવવું સહેલું છે અથવા તેને ગાદી

" એ પેલો ગોવાળ દોડતો આવે. આ તરફ જ આવે છે. બળદો નહીં જુવે, તો બિચારો કેવો ગભરાશે ?"

" આપણે તો એ બધું તટસ્થ રહી જોયા જ કરવાનું છે. "

*　　　*　　　*　　　*　　　*

" અરે ! પણ, મારા બળદ ગયા ક્યાં ? અહીં તો એકે ય નથી. ક્યાં ગયા હશે ? પેલી બાવળની કાંટીમાં ચરતા હશે ? લે, તપાસ કરૂં........ના, ત્યાં તો નથી. કોઈ લઈ ગયું હશે ? પેલી ટેકરી પાછળ નિચાણમાં ચરતા નહીં હોય ? તપાસ તો કરૂં........ના, રે ! ના. ત્યાંયે નથી. ત્યારે ગયા ક્યાં ? ત્યારે આને પૂછું. મેં એને ભળાવ્યા હતા. એ ભાળ આપશે.

ઓ ! દેવાર્ય મુનિ ! ક્યાં ગયા મારા બળદ ? બતાવો.

કેમ બોલતા નથી ? ક્યાં સંતાડ્યા ? લાવો મારા બળદ. લાવો છો કે નહીં ?

અરે ! પણ બોલો છો કે નહીં ? મેં તમને ભળાવ્યા છે. બોલો કોને આપ્યા ? બોલો. નહીંતર હવે જોયાજેવું કરીશ.

કેમ ? નથી બોલવું કે ? અરે ! નીચ સાધુડા !

હતી અને મહાત્મા ગાંધીજી રાજકીય ચળવળદ્વારા આત્મ-સાક્ષાત્કારની આશા રાખે છે.

આધ્યાત્મિક માણસ માણસના બનાવેલા કાયદા માનશે નહિ. તે માત્ર અંદરથી મળતા પ્રભુના આદેશ પ્રમાણે ચાલશે અને તે પ્રમાણે વર્તવાની તેને છૂટ જોઇએ. હાલની રાજ્યપદ્ધતિ એમ હુકમ કરે છે કે, મનુષ્યનું ગમે તે થાય પણ રાજ્યનું ભલું થવું જોઈએ; તેથી પ્રજા તરીકે દરેક મનુષ્યે બધા સંજોગોમાં રાજ્યને તાબે રહેવું જોઇએ. ત્યાં એમ મનાય છે કે, પ્રજા કરતાં રાજ્ય વધારે મોટું છે. આ ભાવે વર્તમાનકાળમાં જોર કર્યું છે. તે કહે છે કે, જીવે સમસ્ત સમાજના લાભ માટે પોતાના જીવનનો ભોગ આપવો.

તેથી રાજ્યપદ્ધતિ બરોબર ગોઠવવી હોય તો પ્રજાસત્તાક રાજ્યથી કામ ચાલશે નહિ. જ્યાં આખી પ્રજાને રાજ્ય વિષે વિચાર કરવો પડે અને આખી પ્રજાને લડાઈ માટે તૈયાર રહેવું પડે ત્યાં લોકો પશુ જેવા થાય છે. તેથી આગળના કાળમાં હતું તેમ રાજ્ય ક્ષત્રિયોના હાથમાં રાખવું અને તેમને સલાહ આપવા માટે બ્રહ્મજ્ઞાની ગુરુઓ જોઇએ કે જેથી તે રાજાઓ અનીતિ કરે નહિ. જ્યાં અજ્ઞાની પ્રજાનું પ્રજાસત્તાક રાજ્ય હોય ત્યાં પરદેશી રાજ્ય જેવું જ રહેશે કારણ કે અજ્ઞાનનું પરિણામ સ્વાર્થમાં આવે છે. ઇંગ્લેંડમાં પ્રજાસત્તાક રાજ્ય છે પણ ત્યાં જેવો સ્વાર્થ પાર્લામેન્ટમાં છે તેવો બીજે જોવામાં આવતો નથી. એક રાજા સ્વાર્થી હોય તો તેનું મન ફેરવવું સહેલું છે અથવા તેને મારી

જવાબ તો દે. એમ નહીં પણ નહીં, મારા બાળક
કોને આપ્યા છે ?

અરે ! પણ આ તો કશું યે જવાબ દેતો નથી

આહા ! શું તારા કાન-બાન બહેરા છે કે !
તો નથી ? અરે ! પણ કહું છું કે મારા બાળ

છે ? જવાબને ?

કેમ તે નહીં બતાવે કે ? જોઉં તો તે ક્યારે

• • • •

" અરે ! [illegible]

[illegible]

કાળમાં બધા દેશના માણસોની પોતાના દેશ પ્રત્યે લાગણી એટલા માટે રહે છે કે તેથી અર્થપ્રાપ્તિમાં વિઘ્ન આવે નહિ. તેથી જ પોતાના આર્થિક સ્વાર્થ માટે બીજા દેશોની પ્રજા ગરીબ થઈ જાય, ખોટા વ્યસનમાં પડે, તો પણ તેની દરકાર થતી નથી.

નિશાળના વિદ્યાર્થીને ડગલો પહેરાવીને એમ કહેવું કે, તારે આ ડગલા કરતાં મોટા થવું નહિ એ મૂર્ખાઈ છે. રાજનીતિ એવી ન જોઈએ કે, માણસના વિકાસને અટકાવે. માણસમાં ઉત્તમ ગુણ આવવા જોઈએ, સમાજ-જીવન પણ તે પ્રમાણે ફરવું જોઈએ અને રાજ્યપદ્ધતિ પણ તે પ્રમાણે ફરવી જોઈએ.

પણ સાયન્સની શોધથી બધા દેશો એકબીજાની એટલા નજીક આવી ગયા છે કે તેઓની હાંસિક રાજનીતિ ખુલ્લી થવા લાગી છે. અર્થપ્રાપ્તિના મદમાં ઊછરેલ મૂડી-વાળાની સામે મજૂરીવાળા થયા છે અને તેની અસર બધા દેશો પર થવા લાગી છે. જુદી જુદી પ્રજાઓએ સંપ-થી રહેવાનો વખત નજીક આવી ગયો છે.

પણ આ સંપ બહારનાં સાધનથી નભશે નહિ. તે માટે માણસનાં મન ફરવાં જોઈએ. માણસનાં મન ફર્યા વગર પ્રજાસંઘ જેવી સંસ્થા પણ બહુ ઉપયોગી થઈ શકે નહિ. તેને માટે ધર્મ તરફ વૃત્તિ વળવી જોઈએ. યુરોપમાં એક વખત પોપની સત્તા રાજ્ય કરતાં પણ વધારે હતી; પણ ધર્મના વિકાસ વાસ્તે અનુકૂળ સંયોગો ન હોવાથી તે સત્તા રાજ્યસત્તાથી દબાઈ ગઈ. આ પૃથ્વીના લોકોમાં

ઉતાવળો ઘરચે જાય છે. હાય ! શું કરશે ? ”

*   *   *   *   *

“હું........, તું નથી સાંભળતો ? તારા કાનનાં કાણાં નકામાં છે. ખરૂં ને ? મારી પેઠે બીજો કોઇ બિચારો વિ-શ્વાસથી આ રીતે છેતરાય નહીં. તેને બંધ કરી દેવા જ સારા છે. બસ. એ જ ઠીક છે.

હં........, બરાબરા પેસી ગયા. તોપણ જરા પત્થ-રથી ઠોકું. હં, બસ. હવે બરાબર પેસી ગયા. પણ લાવ જરા બહારના ડોંડા મોરી નાંખું. કોઇ પકડીને ખેંચી ન કાઢી શકે.

હં, હવે ઠીક થયું. બસ, નિકળે જ નહીં. મારા બગદ ન બતાવ્યા; ચાખ્યું ફળ ?

જાઉં ઝટ, હું જ શોધી કાઢું. બસ, ગમે ત્યાંથી શોધી કાઢું. ”

*   *   *

“ અરે ! પેલો પાપી ઘોર કૃત્ય કરીને ચાલ્યો જાય. બસ, કેવો નિર્દય ! ! ”

“ બસ, શાંત રહો. આપણે તો તટસ્થતા જ રાખ-વાની છે. ”

“ હાય ! શું થશે ? આપણે કેવા નિર્ભાગ્યશેખર !

કાળમાં બધા દેશના માણસોની પોતાના દેશ પ્રત્યે લાગણી એટલા માટે રહે છે કે તેથી અર્થપ્રાપ્તિમાં વિઘ્ન આવે નહિ. તેથી જ પોતાના આર્થિક સ્વાર્થ માટે બીજા દેશોની પ્રજા ગરીબ થઈ જાય, ખોટા વ્યસનમાં પડે, તો પણ તેની દરકાર થતી નથી.

નિશાળના વિદ્યાર્થીને ડગલો પહેરાવીને એમ કહેવું કે, તારે આ ડગલા કરતાં મોટા થવું નહિ એ મૂર્ખાઈ છે. રાજનીતિ એવી ન જોઈએ કે, માણસના વિકાસને અટકાવે. માણસમાં ઉત્તમ ગુણ આવવા જોઈએ, સમાજ-જીવન પણ તે પ્રમાણે ફરવું જોઈએ અને રાજ્યપદ્ધતિ પણ તે પ્રમાણે ફરવી જોઈએ.

પણ સાયન્સની શોધથી બધા દેશો એકબીજાની એટલા નજીક આવી ગયા છે કે તેઓની દાંભિક રાજનીતિ ખુલ્લી થવા લાગી છે. અર્થપ્રાપ્તિના મદમાં ઊછરેલ મૂડી-વાળાની સામે મજૂરીવાળા થયા છે અને તેની અસર બધા દેશો પર થવા લાગી છે. જુદી જુદી પ્રજાઓએ સંપ-થી રહેવાનો વખત નજીક આવી ગયો છે.

પણ આ સંપ બહારનાં સાધનથી બંધાયે નહિ. તે માટે માણસનાં મન ફરવાં જોઈએ. માણસનાં મન ફર્યાં વગર પ્રજાસંઘ જેવી સંસ્થા પણ બહુ ઉપયોગી થઈ શકે નહિ. તેને માટે ધર્મ તરફ વૃત્તિ વળવી જોઈએ. યુરોપમાં એક વખત પોપની સત્તા રાજા કરતાં પણ વધારે હતી; પણ ધર્મના વિકાસ વાસ્તે અનુકૂળ સંયોગો ન હોવાથી તે સત્તા ધાર્મિકમાંથી ખસી ગઈ. આ પૃથ્વીના લોકોમાં

કાળમાં બધા દેશના માણસોની પોતાના દેશ પ્રત્યે લાગણી એટલા માટે રહે છે કે તેથી અર્થપ્રાપ્તિમાં વિઘ્ન આવે નહિ. તેથી જ પોતાના આર્થિક સ્વાર્થ માટે બીજા દેશોની પ્રજા ગરીબ થઈ જાય, ખોટા વ્યસનમાં પડે, તો પણ તેની દરકાર થતી નથી.

નિશાળના વિદ્યાર્થીને ડગલો પહેરાવીને એમ કહેવું કે, તારે આ ડગલા કરતાં મોટા થવું નહિ એ મૂર્ખાઈ છે. રાજનીતિ એવી ન જોઈએ કે, માણસના વિકાસને અટકાવે. માણસમાં ઉત્તમ ગુણ આવવા જોઈએ, સમાજ-જીવન પણ તે પ્રમાણે ફરવું જોઈએ અને રાજ્યપદ્ધતિ પણ તે પ્રમાણે ફરવી જોઈએ.

પણ સાયન્સની શોધથી બધા દેશો એકબીજાની એટલા નજીક આવી ગયા છે કે તેઓની દાંભિક રાજનીતિ ખુલ્લી થવા લાગી છે. અર્થપ્રાપ્તિના મદમાં ઊછરેલ મૂડી-વાળાની સામે મજૂરીવાળા થયા છે અને તેની અસર બધા દેશો પર થવા લાગી છે. જુદી જુદી પ્રજાઓએ સંપ-થી રહેવાનો વખત નજીક આવી ગયો છે.

પણ આ સંપ બહારનાં સાધનથી નભશે નહિ. તે માટે માણસનાં મન ફરવાં જોઈએ. માણસનાં મન ફર્યા વગર પ્રજાસંઘ જેવી સંસ્થા પણ બહુ ઉપયોગી થઈ શકે નહિ. તેને માટે ધર્મ તરફ વૃત્તિ વધવી જોઈએ. યુરોપમાં એક વખત પોપની સત્તા રાજ કરતાં પણ વધારે હતી; પણ ધર્મના વિકાસ વાસ્તે અનુકૂળ સંયોગો ન હોવાથી તે સત્તા રાજ્યસત્તાથી દબાઈ ગઈ. આ પૃથ્વીના લોકોમાં

દુષ્કર્મના વિપાક કાળે એ બિચારાની શી દશા થશે ?

"ઉપેક્ષ્ય છે એ ક્ષુદ્ર બિચારો. પરંતુ બ્હેન પ્રબુદ્ધ-પ્રજ્ઞે ! એ અજ્ઞ પામર પ્રાણી જ્યારે પોતાને ઉચિત વર્તન કરતો હતો, તે વખતે પ્રભુજીના મનોરાજ્યમાં–આંતર્ સ્થિતિમાં શી પરિસ્થિતિ ચાલી રહી હશે ? "

"બ્હેન વિશુદ્ધબુદ્ધે ! એ અગમ્ય ભાવોનો યથાર્થ ખ્યાલ આપવો દુઃશક્ય તો છે જ. તો પણ કહું છું—જેમ સામે ભારોભાર વજન મુકવાથી જ વસ્તુનું વજન નક્કી કરી શકાય છે. તેમ 'આત્મિક પ્રગતિ કેટલી થઈ ?' તેનો આંક કાઢવામાં આવા પ્રસંગો એમને ઘણા જ ઉપયોગી થઇ પડે છે. આ વેદના જેમ અતિ ભારેમાં ભારે છે, તેમ, જે શાંતિ આપણે જોઈ છે, તે ઉપરથી સમજી શકાય છે કે તેની ભારોભાર આત્મવિકાસનો ભંડાર પણ હવે તેમનો ભરપૂર ભરાયો છે.

સ્વાભાવિક ચાલુ રહેતા આંતરિક પ્રયત્નોથી જે વિકાસ થતો હોય છે, તેના કરતાં જ્યારે આવા પ્રસંગોની સાથે ભેટો કરવો પડે છે, ત્યારે સ્વાભાવિક રીતે જ વિકાસમાં વેગ આવે છે; અને એકદમ બળપૂર્વક કેટલાં યે આત્મવિકાસનાં પગથિયાં ચઢી જવાય છે. કેમકે સામે તેટલું જ બળ વાપરવું પડે છે. એટલે વાસ્તવિક રીતે આવા પ્રસંગો કેમ ભલે ઉત્સવના પ્રસંગો હોય, તેમ આવા બ-

જ્યાં સુધી માણસનાં મન સુધર્યાં નથી, ત્યાં સુધી કાયદાની મદદથી સુલેહશાંતિ રાખવી પડશે. તે કાયદામાં શુદ્ધ હેતુ હોવો જોઇએ. અને કાયદા રદ થવા જોઈએ. યુરોપ અને અમેરિકામાં ધર્મના પૂરા ફણગા ફૂટ્યા નથી. તેનું જીવન વ્યવસાયવાળું હોવાથી ત્યાં ઉત્તમ ભાવ મોટા પ્રમાણમાં ઊગતા નથી. તેવા જીવનની અસર રાજ્યકર્તા ઉપર થાય છે, તેથી બ્રાહ્મણના શુદ્ધ ધર્મો એટલે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, તપ, યોગ વગેરે ખીલતાં નથી. તેની જગ્યાએ વૈશ્ય અને શૂદ્રના ધર્મોથી મૂડીવાળા અને મજૂરીવાળાની બે નાતો ઊભી થયેલી છે. આગલા કાળમાં વૈશ્ય અને શૂદ્રની વૃત્તિઓ બહુ જોર કરી શકતી નહોતી; કારણ કે પ્રજામાં જ્ઞાની પુરુષોનું માન હતું.

પૃથ્વીની શાંતિ માટે પ્રજાસંઘ સ્થાપેલ હતો, પણ તેના કાયદા પળાવવા જેટલી તેનામાં શક્તિ ન હતી. જો બહારનાં લડાઈનાં સાધનથી તે શક્તિ રાખે તો તેની સત્તાથી કેટલાક દેશો એટલા દબાઈ જાય કે સ્વતંત્રતાને સ્થાને નવી પરતંત્રતા ઉત્પન્ન થાય. શાંતિમાં સુખ મળે છે, પણ માત્ર ભૌતિક સુખથી પ્રજાને લાભ નથી. હિંદમાં જેમ અંગ્રેજી રાજ્યથી શાંતિ મળી છે, તેમ તે શાંતિથી બીજી કેટલીક હાનિ પણ થઈ છે. તેના સંસ્કારની અસરથી અહીંની સમાજવ્યવસ્થા અને તેમાં રહેલી કેટલીક સારી પ્રણાલિકા તૂટી ગઈ છે. તેથી એક મોટા રાજ્ય કરતાં ઘણાં નાનાં રાજ્યોનો સંઘ આત્મોન્નતિમાં વધારે ઉપયોગી થઈ શકે. હાલના સંજોગોમાં મોટા કુટુંબના માણસોને આત્મવિકાસમાં બહુ વિઘ્ન નડે છે. મોટા કુટુંબમાં સામાન્ય-

જરૂર મળી રહે.

અંગ્રેજી રાજ્ય આવ્યા પહેલાં ગામડાઓમાં કેળવણીનાં બહુ સારાં સાધન હતાં. ગામડાના માણસો ગામડાના શિક્ષકોને સારું માન આપતા અને શિક્ષકો પણ તેના બદલામાં ખેડૂતો પાસેથી અનાજ લેતા. તેટલું અનાજ વધારે ઉત્પન્ન કરવામાં તેમને કાંઈ મહેનત પડતી નહિ. આ પ્રમાણે કેળવણી સસ્તી હતી. હાલ શિક્ષકોનો પગાર રોકડા રૂપિયામાં આપવો પડે છે અને ગરીબ ખેડૂતો પાસે ફાજલ રકમ રહેતી નથી; તેથી ખેડૂતો પણ પોતાનાં છોકરાંને કેળવણી આપતા નથી. કમાણી અને કેળવણીના અભાવે કેટલાક માણસો શહેરોમાં વસવા લાગ્યા અને ગામડાંમાં રહેવાનાં સાધન ઓછાં થયાં. સાદું જીવન ગાળવાવાળા માણસોને હજુ કોઈ જગ્યાએ ગામડાની પડતર જમીનમાંથી નિર્વાહ મળી શકે તેમ છે; પણ કેળવણીનાં સાધન પાછાં ગામડાંમાં દાખલ થાય તો ગામડાં પાછાં સજીવન થવાનો સંભવ છે. વળી ગામડાંનું જીવન વધારે કુદરતી હોવાથી આધ્યાત્મિક ભાવને પોષણ આપે છે. શહેરોમાં નાટક, સિનેમા, ન્યૂસપેપરો, સુંદર પોષાક વગેરે લેવામાં આવે છે; પણ આ વસ્તુઓ આધ્યાત્મિક ભાવને પોષણ આપતી નથી. ખરું સુખ નિરપેક્ષિત છે. જે સુખ માટે કોઈ વસ્તુની જરૂર ન રહે તે સ્વાભાવિક છે, નિત્ય છે; તે આત્મામાંથી મળે છે. સરકાર મિલકત ઉપર કર નાખી શકે છે, આત્મા ઉપર કર નાખી શકતી નથી.

આગળ જણાવ્યું તેમ માત્ર બહારની રચનાથી સર્વસિદ્ધિ થશે નહિ. પૂર્વેમાં માન્ય થાય એવો ધર્મ ઉત્પન્ન

* * * * *

"મિત્ર સિદ્ધાર્થ ! માનો કે ન માનો. પરંતુ હું મારા વૈદ્યકના જ્ઞાનથી કહું છું કે–આ મહાત્માના શરીરને કંઈક ભારે અડચણ છે."

"હેં એ...! શું કહો છો? જે હોય તે જલ્દી શોધી કાઢો, મિત્ર !"

"હું કયારનો એ જ તપાસુ છું. પણ કાંઈ પત્તો જ લાગતો નથી."

"બરાબર તપાસો. જે હશે, તે હમણાં જ જાણી શકશો."

"અરે હા ! ! આ કાનમાં જ કંઈક છે. અરરર ! કોઈ મહા દુષ્ટે દર્ભ મૂળ ખોસી ઘાલ્યાં છે !"

"અહાહા ! કેવો પાપી ?

ન ડર્યો રાજ દંડથી, ન ડર્યો નરક પાતથી.

ન ડંખ્યું મન પોતાનું, ન ડર્યો લોકાપવાદથી. ૧.

પરંતુ મિત્ર ! બીજું બધું છોડો ! માત્ર આ શલ્યો કાઢવાનો જ ઉપાય કરો. જેમ બને તેમ જલ્દી કરો. મારાથી એ જોયું જતું નથી."

"કોઈથી યે શી રીતે જોવુ જાય ? પરંતુ મિત્ર ! શી રીતે કરવું ? એ જ મને સુઝતું નથી !"

"કેમ ? શી અડચણ છે ? મારા સર્વસ્વને ભોગે બિલકુલ બેધડક થઈને આ કામ કરો."

ભૂલવા જોઈએ નહિ, નહિતર ખરું સ્વરાજ્ય મળશે નહિ.

આ ઉપરથી એમ સમજવાનું નથી કે, જે માણસને પોતાના દેશનું અભિમાન ન હોય તે પોતાના દેશનું ભલું કરી શકે નહિ. ખરી રીતે તો હિંદમાં જે જે વખતે સારા સંસ્કાર ઉત્પન્ન થયા છે, જેનાથી માણસનાં જીવન સુધર્યાં છે, તે ફેરફાર નિરભિમાની પુરુષોએ જ તે તે વખતે કરેલા છે. નિરભિમાની પુરુષો જ ખરા કર્મયોગી થઈ શકે છે. મહાત્મા ગાંધીજીની મોટાઈ તેમની દીનતામાં છે. અંગ્રેજી રાજ્ય સામે થવામાં તે અંગ્રેજી પ્રજા ઉપર પ્રેમ રાખી શકે છે અને તેથી બીક વગર લડી શકે છે. બીક મૂકવાથી વ્યાવહારિક સ્વરાજ્ય મળે છે, અભિમાન મૂકવાથી પારમાર્થિક સ્વરાજ્ય મળે છે, બીક અને અભિમાન મૂકવાથી ખરું સ્વરાજ્ય મળે છે. તેમાં સાહસ છે, જોખમ છે; પણ સાહસ અને જોખમને રસ્તે જ મુક્તિ છે.

સ્વરાજ્ય માટે દરેક બાબતની ચળવળમાં ઐક્યની બહુ જરૂર રહે છે. અમલદાર પણ ઐક્ય વિના [illegible] કરી શકતો નથી. ઐક્યની ઉપયોગિતા દેશના કેટલાક નેતાઓ પૂરી સમજતા નથી અને જાહેર પત્રોમાં કેટલીક વાર એકબીજાના દોષ કાઢે છે, તેથી દુશ્મનોને નવું હથિયાર મળે છે. પરદેશ સાથે રાજનીતિની ચર્ચા થાય ત્યારે આ દેશના માણસોએ એકસંપથી એક અવાજ કાઢવો જોઈએ. અંદરના મતભેદ શત્રુઓને દેખાડવામાં લાભ નથી.

જ્યારે મતભેદ ઉત્પન્ન થાય અથવા અણબનાવ હોય ત્યારે દેશના નેતાઓએ, અભિમાન મૂકી એકબીજાને રૂબરૂ મળીને

ખાસ અનુભવની જરૂર નથી, કારણ કે પરમાત્માની પ્રેરણા પોતામાંથી નીકળ્યા કરે છે; તેને મિત્રોની જરૂર નથી, કારણ કે તેના જીવનની મીઠી સુગંધથી બીજા માણસ તેના તરફ આકર્ષાઇ આવે છે. જ્યારે આવા માણસો ઘણી સંખ્યામાં તૈયાર થાય ત્યારે સ્વરાજ્યનો નવો અર્થ કરવો પડે. જે કાળે જે દેશમાં જેવા માણસો હોય ત્યારે ત્યાં તેવું રાજ્ય ઉત્પન્ન થાય છે. છતાં દરેક દેશમાં, દરેક કાળે થોડા ડાહ્યા માણસો જરૂર હોય છે અને તેઓની અસરથી સામાન્ય માણસનું જીવન સુધરે છે.

હાલ આ દેશમાં સ્વરાજ્યનો આદર્શ ખાસ કરીને ગરીબાઈ દૂર કરવામાં રહેલો છે. તે કામ પણ જરૂરનું છે. દેશમાં અતિશય ગરીબાઈ હોય ત્યારે પણ જીવનના વિકાસમાં વિઘ્નો આવે છે; કારણ કે નબળા શરીર અને નબળા મનમાં શુદ્ધ આત્મા કામ કરી શકતો નથી, પણ ખરા સ્વરાજ્યમાં બધા પ્રકારનું જીવન સુધરવું જોઈએ, તેને માટે વેપારી બુદ્ધિવાળી રાજનીતિ અથવા મજૂરવર્ગની બુદ્ધિવાળી રાજનીતિથી જ સુધારા કરવા ઠીક નથી. ડાહ્યા અને આત્મજ્ઞાની પુરુષોની બુદ્ધિ શું કહે છે તે પણ સમજવું જોઈએ.

સ્વરાજ એટલે સ્વનું રાજ એટલે ઉત્તમ આત્માનું હલકી પ્રકૃતિ ઉપર રાજ્ય. એવું રાજ્ય સ્થાપવા માટે નવી રાજ્યપદ્ધતિની જરૂર છે. જે કોલોની એટલે સંસ્થાનો માટે યુરોપનાં રાજ્યો વારંવાર લડે છે તે બધાને સ્વતંત્રતા આપવામાં આવે તો લડાઈનું ઘી ઘણું ખરું બની

" હા, ફ્રેડેન ઘદ્દે ! મને પણ એમ જ લાગે છે. "

* * *

" મિત્ર સિદ્ધાર્થ ! મજુરો આવી પહોંચે એટલે તેલ-કુંડીમાં બેસારી પ્રથમ મર્દન કરવું પડશે. "

" અરે ! આ બધા આવી પહોંચ્યા. "

" હાં, લાવો મોટી કુંડી. તેમાં જાળવીને પ્રભુજીને સાડો. ને માંડો મર્દન કરવા. શરીરમાં લોહી છુટું થઇ વા માંડે, એટલે સળીયા કાઢતાં જરા યે વાર નહીં થાય. કેમ ? બસ, મર્દન પુરૂં થયું ? "

" હા, જી ! "

" ઠીક. ચાલો ત્યારે. તમે બન્ને ઠીક બળવાન છો. ન્ને જણ આ એકેક સાણસી પકડો, અને બન્ને બાજુએ ભા રહો. જુઓ, કાનમાં આ દર્ભમૂળ છે. તેને બરાબર નેરથી દબાવીને બરાબર પકડો.

હં, બસ.

હવે હું સૂચના આપું કે તુરત બન્ને એકી સાથે ખૂબ જોરથી ખેંચજો પણ જો જો હો—જ્યાંસુધી ખીલા બહાર નીકળી ન જાય ત્યાંસુધી ખેંચજો. જરા પણ જોર ઓછું ન કરતા. "

" ઠીક, એમ જ કરીશું. "

" હાં. સંભાળજો. ખેંચો. ખેંચો. ખૂબ જોરથી ખેંચો. ૨ું ખેંચો. ખેંચો. બાઈ ! ખેંચો. "

થી જે પુરુષ આ દેશમાં ઉત્પન્ન કરી શકશે તે ભવિષ્યના સ્વરાજ્યમાં ગવર્નર-જનરલ અથવા વડો પ્રધાન થઈ શકશે. જે માણસોને આ પદવી જોઈતી હોય તેમણે આ બાબત ખાસ ધ્યાનમાં રાખવાની છે. હિંદમાં ધર્મને નામે અને જ્ઞાતિને નામે ઘણા ભેદ થઈ ગયા છે. તે દૂર કરી શકે તેવા પુરુષોની જરૂર છે. ત્યારે જ ખરું સ્વરાજ્ય મળશે; પણ આવો સંપ આત્મજ્ઞાન વિના નભવો મુશ્કેલ છે, તેથી લોકોએ આત્મજ્ઞાની પુરુષોની સેવા કરી તેમની સંખ્યા વધારવી જોઈએ. જેમ મોક્ષ માટે કેટલુંક દુઃખ ભોગવવું પડે છે, કેટલુંક જોખમ ખેડવું પડે છે, કેટલુંક સાહસ કરવું પડે છે; તેમ સ્વરાજ્ય માટે પણ દુઃખ ભોગવવું પડે છે, જોખમ ખેડવું પડે છે, સાહસ કરવું પડે છે. દુઃખ વગર મેળવેલું સુખ, સુખ આપતું નથી; જોખમ વગર માણસની શક્તિ વધતી નથી; સાહસ વગર અલભ્ય લાભ મળતો નથી.

જે માણસ મુક્ત ન હોય તે સમજી શકે નહિ. શ્રદ્ધા ઊપજવા માટે જે જે પુરુષો મુક્તદશાને પામ્યા હોય તેમના અનુભવ સરખાવવા જોઈએ.

ધર્મ, અર્થ અને કામ, એ ત્રણ પુરુષાર્થ પણ સુખને માટે કરવામાં આવે છે; પણ તે સુખ કાયમ રહેતું નથી. મોક્ષનું સુખ મળવું મુશ્કેલ છે, પણ મળે છે ત્યારે કાયમ રહે છે. પુરુષાર્થના ફળમાં આ પ્રમાણે ફેર પડવાથી મોક્ષ મુખ્ય પુરુષાર્થ તરીકે મનાય છે. મનુષ્યજન્મ એટલા માટે દુર્લભ મનાય છે કે તે જન્મમાં પુરુષાર્થ કરે તો માણસ મુક્ત થઈ શકે છે. તેથી પહેલા ત્રણ પુરુષાર્થ સિદ્ધ ન થાય તોપણ ચોથો પુરુષાર્થ સિદ્ધ કરી શકે તે પુરુષોને હિંદમાં ઘણું માન અપાય છે.

અંગ્રેજી કેળવણીમાં ઉછરેલ જુવાનો એમ કહે છે કે, મોક્ષ માટે જે પ્રકારનો પ્રયત્ન થાય છે તે એક પ્રકારનું અભિમાન છે. પોતાના મોક્ષની એટલે સુખની ઇચ્છા કરવા તે કરતાં પોતે દુઃખી થઈને બીજાને સુખ આપવું એ અંગ્રેજી કેળવણી પ્રમાણે વધારે સારું જીવન મનાય છે. આ મતમાં પણ બીજાને સુખ આપવાથી અંતે પોતાને સુખ મળશે એવી ઇચ્છા તો રહેલી હોય છે. બીજાને સુખી રાખવાનું કારણ પણ એ છે કે તેનાથી પોતાને સુખ મળે. જે જે વસ્તુઓ પોતાને સુખ આપે તે પ્રિય લાગે છે. આ દૃષ્ટિથી જોતાં બીજાનું સુખ ઇચ્છનાર માણસ પણ ખરી રીતે પોતાનું સુખ ઇચ્છે છે અને તેમાં પણ એક પ્રકારનું અભિમાન રહે છે.

વળી અંગ્રેજી કેળવણીના ફળરૂપે જે સુખ મનાય છે તે

" વાહ ! સિદ્ધાર્થ ! વાહ ! ! ધન્ય ! ખરક ! ધન્ય ! તમે પણ જન્મ સફળ કર્યો. સુમહોજ્જ્વલ પુણ્ય ઉપાર્જન કર્યું. "

" અહો ! મહદ્ આશ્ચર્ય તો જુઓ ! ખીલા ઠોકનાર ગોવાળ પર કદાચ ક્રોધ તો ન કર્યો, પણ વૈદ્ય ખરક પર પક્ષપાત પણ નહીં ! ખીલા નીકળ્યા તેની ખુશાલી નહીં ! કાઢ્યા તેની શાબાશી નહીં ! ધન્યવાદના બે શબ્દો યે નહીં ! પણ તેવી લાગણી યે બતાવી નહીં ! બસ, પાછા પોતાની કાર્યસિદ્ધિમાં જ ! "

" ખરેખર, સમાન ભાવ–સમતા–હવે પરમકોટિએ પહોંચી ચુકે છે. "

" બસ, આ જ ભાવ કેળવવામાં તેમણે આજ સુધીના સાડાબાર વર્ષ ગાળ્યા છે. હવે તો ખરેખર એ સ્થિતિ પરમકોટિએ પહોંચી ચુકી છે. ખરેખર આવી મહા સાધનાથી જ એ મહાવીર છે. મહાવીર વર્ધમાનકુમારના જીવનની આ જ વિશિષ્ટતા છે. આવી વિશિષ્ટતા કોઇએ સિદ્ધ કર્યાનું જોયુ, જાણ્યું કે સાંભળ્યુ નથી. "

" ખરેખર આજનો બનાવ ભારે અદ્‌ભુત ! "

" ખરેખર અદ્‌ભુત છે. આવા ભયંકર અને કટોકટીના બનાવો બનવા એ તો કે બહુ જ સંભવિત છે. પરંતુ તેમાં બન્ને બાજુએ સામ્યાવસ્થા ટકાવી રાખવી એ જ ખરેખર અદ્‌ભુત છે. "

નાર માણસો તાત્કાલિક ફળ માગે છે, તેનાથી સંતુષ્ટ રહે છે; તે લાંબા કાળનો કે ભવિષ્યનો વિચાર કરતા નથી. જે માણસ મોક્ષનો ચોથો પુરુષાર્થ સિદ્ધ કરવાની ઇચ્છા રાખે છે તે હમેશાં કાળનો વિચાર કરે છે. તે વિચાર માટે પૂરતો વખત લે છે અને તેને પરિણામે તે કાળને જીતે છે, મૃત્યુને પગ નીચે દાબી શકે છે.

એક મુશ્કેલી એવી નડે છે કે ઘણાને મોક્ષનો વિચાર આવ્યા પહેલાં પોતાનો સંસાર એટલે છોકરાં, સગાં વગેરે વધી જાય છે. તેઓને પોતાની જવાબદારી એટલી બધી ભારે લાગે છે કે મોક્ષનો વિચાર પણ કરી શકાતો નથી. આ સંજોગોમાં પણ દૃઢ માણસ તો પોતાનો રસ્તો કરી લે છે. સમજણ આવ્યા પછી છોકરાં વધે નહિ તેની સંભાળ રાખે છે. પોતાની સ્ત્રીને હમેશાં બોધ આપી એવી સુધારે છે કે તે વિઘ્નરૂપ થાય નહિ. ફુરસદનો વખત આત્મચિંતનમાં ગાળે છે અને વ્યવહારમાં જેટલા વખતની ખાસ જરૂર હોય તેટલો જ ગાળે છે. આવા દૃઢ મનવાળા માણસની દૃઢતા આગળ તેના સંજોગો ફરી જાય છે અને વહેલો કે મોડો તેનો રસ્તો ખુલ્લો થાય છે; એટલું જ નહિ પણ તે પોતાના કુટુંબને પણ સારા સંસ્કાર આપતો જાય છે. જે પોતાના કુટુંબને વ્યાવહારિક લાભ આપે છે તે સમજે છે કે, હું મારા કુટુંબનું ભલું કરું છું; પણ આ સુખ લાંબો વખત નભતું નથી, તેથી ઊલટું જે માણસ પોતાના કુટુંબને મોક્ષનો માર્ગ બતાવી શકે છે તે તેનું વધારે ભલું કરે છે.

આત્મા જેવી કોઈ વસ્તુ જ ન હોય તો જિંદગીના

માણસ શું જાણે છે અને શું નથી જાણતો એ જાણવું એ તેની પહેલી ફરજ છે. સામાન્ય માણસ પોતાને જાણતો નથી, જાણનારને જાણતો નથી તેથી જાણેલું જાણતો નથી. એટલું જાણવું એ મુશ્કેલ છે. તેથી તે માટે પુરુષાર્થની જરૂર છે. તેણે તે જાણ્યું તે કેવી રીતે જાણ્યું તે જાણવાની તેમજ તેણે જે ન જાણ્યું તે કેવી રીતે ન જાણ્યું તે જાણવાની પણ જરૂર છે. એટલું સમજાય તો જાણવાનું જાણી શકાય.

છાપખાનાની કળા આ દેશમાં આવી ત્યારથી જેવાં પુસ્તકો જોઈએ તેવાં મળી શકે છે અને સ્ત્રી-પુરુષો વાંચી શકે છે. વળી સારાં ધાર્મિક પુસ્તકો વાંચવાથી કેટલેક અંશે સત્સંગ જેવું કામ થાય છે. પણ છાપખાનાની સગવડને લઈને બીજું વાચન અને ન્યૂસપેપરો અને હલકાં નોવેલો એટલાં વધી પડયાં છે કે શાસ્ત્રના વાચનની સારી અસર બહુ ટકતી નથી. તેથી ધાર્મિક સિદ્ધાંતો પ્રમાણે વર્તવાની શક્તિ સમાજમાંથી ઘણી ઓછી થઈ ગઈ છે. ખરા મુમુક્ષુઓ બહુ થોડા છે; બાકી કુતૂહલતા છે, પણ મુમુક્ષુત્વ નથી. પશુઓને બાંધ્યાં હોય તેમને છોડવાનો વખત આવે ત્યારે તેમને છૂટવું ગમે છે; પણ માણસને મુક્તિ એમના જેટલી પણ ગમતી નથી. અંગ્રેજી કેળવણીના સંસ્કારથી અને આર્થિક દારિદ્ર વધારે વ્યાપક થવાથી જનસમુદાય પર ભોગવૃત્તિનું પ્રધાનપણું આવી ગયું છે. માટલીમાં કાણું હોય તો તેમાં પાણી રહે નહિ, તેમ જે માણસોનાં મન ઇન્દ્રિયોના સુખમાં લોલુપ રહે છે તેમને આત્મજ્ઞાન લાગતું નથી. સૂતા માણસને જગાડી શકાય પરંતુ જે જાણી જોઈને સૂતો છે,

સંગ્રામ આદર્યો જાય છે એ વિગેરે અદ્ભૂત અને દિલને હચમચાવે તેવી અનેક ઘટનાઓ શી રીતે કહી જાય ? ”

“ ખરેખર એ બધી ઘટનાઓ વિસ્તારથી રસપૂર્વક સાંભળવાનું મન થાય છે ”

“ જરૂર સાંભળવી જોઈએ. પરંતુ હવે તો આપણે પ્રભુજીની પાછળ ને પાછળ જવાનું છે. સ્વસ્થાને ગયા પછી કથા પ્રસંગે આ જ ઘટનાઓ સાંભળીશું, વારંવાર આવર્ત કરી કરીને સાંભળીશું. ને કૃતકૃત્ય થઈશું. ”

“ હાલ તો એ વિચાર જ ઠીક છે. ”

“ પરંતુ હું નિશ્ચયપૂર્વક કહું છું કે—

આ મહા પ્રતિજ્ઞાના પાલનમાં મહાન્ સિદ્ધિઓ સમાયેલી છે અને તે સર્વે આ મહાપુરુષે સિદ્ધ કરી છે. પરિણત–જ્ઞાનયોગ, કે અથવા ભક્તિયોગ : જે કહો તે સર્વ ભૂમિકાઓ જેમાં અંતર્ભૂત થઈ જાય તેવી સર્વોચ્ચ આધ્યાત્મિક-ભૂમિકાને શિખરે એ ચઢી ચૂક્યા છે ગમે તેવી મરણાન્ત–કસોટીઓમાંથી પસાર થઈને પણ છેવટે પોતાની સાધ્ય-સિદ્ધિ તેમણે સિદ્ધ કરી છે. અને એ “ સમતા ” નામની આધ્યાત્મિક ભૂમિકાને બરાબર પોતાના વર્તનથી સિદ્ધ કરનાર આ એક જ મહાત્મા છે. नान्यः कश्चिद्भवति न भविष्यति. ”

તેવો નથી, તેનો સ્વભાવ વિલક્ષણ છે.

જૈન ધર્મમાં કહે છે કે, જગતનો કોઈ કર્તા નથી; વૈષ્ણવધર્મવાળા કહે છે કે, જગતનો કર્તા છે. બન્ને સાચા છે. આત્માની ક્રિયા વિલક્ષણ છે. માણસ જેમ પોતાના કર્મથી બંધાય છે, તેમ પરમાત્મા પોતાના કર્મથી બંધાતા નથી; તેથી તે કર્તા છતાં અકર્તા છે. અકર્તા હોવાથી તેનો અનુભવ સામાન્ય જ્ઞાનથી થતો નથી. બહારની ઇન્દ્રિયોના અનુભવમાં તે આવતો નથી. જે વૃત્તિ અંતરાત્મા તરફ વળે છે, તેનાથી તે અનુભવમાં આવે છે. તેથી વૃત્તિઓને બહાર જવા દેવી જોઇએ નહિ.

તેવો નથી, તેનો સ્વભાવ વિલક્ષણ છે.

જૈન ધર્મમાં કહે છે કે, જગતનો કોઈ કર્તા નથી; વૈષ્ણવધર્મવાળા કહે છે કે, જગતનો કર્તા છે. બન્ને સાચા છે. આત્માની ક્રિયા વિલક્ષણ છે. માણસ જેમ પોતાના કર્મથી બંધાય છે, તેમ પરમાત્મા પોતાના કર્મથી બંધાતા નથી; તેથી તે કર્તા છતાં અકર્તા છે. અકર્તા હોવાથી તેનો અનુભવ સામાન્ય જ્ઞાનથી થતો નથી. બહારની ઇન્દ્રિયોના અનુભવમાં તે આવતો નથી. જે વૃત્તિ અંતરાત્મા તરફ વળે છે, તેનાથી તે અનુભવમાં આવે છે. તેથી વૃત્તિઓને બહાર જવા દેવી જોઇએ નહિ.

તે માટે શરીરના તમોગુણી ધર્મ, પ્રાણના રજોગુણી ધર્મ અને મનના સત્ત્વગુણી ધર્મ જીતવા જોઇએ.

શરીરનું જડપણું, શંકા, ભય, આવરણ, હઠ, ક્ષુદ્રતા, આળસ, ટેવ ફેરવવાનો અણગમો વગેરે તમોગુણી સ્વભાવ દૂર કરવા જોઇએ, કે જેથી આત્માનો આનંદ શુદ્ધ શરીરમાં રહી શકે.

પ્રાણની ઇચ્છા, વાસના, તેની માગણી, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, સત્ય તરફ તિરસ્કાર વગેરે દૂર કરવાથી પ્રાણ શુદ્ધ થાય છે. તેમાં આત્માની શક્તિ આવી રહે છે.

મનની કલ્પના, વિચાર, મત, આગ્રહ, પસંદગી, અભિમાન, દંભ વગેરે મૂકવાથી મન શુદ્ધ થાય છે અને શુદ્ધ મનમાં આત્માનું જ્ઞાન પ્રવેશ કરે છે.

જેમ જેમ આત્માનો આનંદ, આત્માની શક્તિ, આત્માનું જ્ઞાન, પોતાની અંદર આવતાં જાય, તેમ તેમ

મુસાફરી કરી થાકી ગયેલું સૂર્યમંડળ આજે જાણે અહીં જ રાતવાસો રહેવા ઇચ્છતું હોય તેમ ધીમે ધીમે-અનિચ્છાએ અસ્તાચળ તરફ પ્રયાણ કરે છે !

પ્રસન્નમુખી દિશાઓ પ્રકાશ અને પ્રસન્નતા ઝીલી રહી છે, અને જગતમાં પાછા ફેંકી રહી છે !

સર્વત્ર-અંદર અને બહાર શાંતિ અને પ્રસન્નતા છવાઈ રહ્યા છે !

સૌના મુખમાંથી માંગળિક શબ્દો જ નીકળે છે. સૌ મંગળકાર્યને જ ઇચ્છે છે !

સૌના કાર્યમાં પ્રેમ ને પ્રેરણા ઉભરાઇ રહ્યા છે ! ”

“ શાથી ? ”

“ કોણ જાણે ? શાથી ? પરંતુ આ વખતે વસ્તુ-સ્થિતિ આ જાતની છે, એ ચોક્કસ. ”

“ બરાબર. પરંતુ, પેલા શ્યામાક ગૃહસ્થના ખેતરમાં કોણ બેઠું છે ? ”

“ ક્યાં ? ”

“ જુઓ, પેલા જુના ચૈત્યના ખંડેર પાસે શાલના ઝાડ નીચે કોઈ બેઠું છે. ”

“ચાલો આપણે નદીને કિનારે ફરતા ફરતા જઇએ.”

“ હા, ચાલો. જે હશે, તે જણાશે. ”

“ અરે ! પણ એ કોઇ બેઠું નથી. પરંતુ ઉત્કટિકા આસને ધ્યાનમાં લીન છે. ”

પ્રત્યક્ષ દર્શન થાય છે અને તેઓ તેની સાથે વાત કરે છે.

જ્ઞાની પુરુષ ભગવાન પાસે નવી દૃષ્ટિ માગે છે; કારણ કે માણસની દૃષ્ટિથી પ્રભુ દેખાતા નથી. ભક્ત પ્રભુને એમ કહે છે કે, 'હું મારી દૃષ્ટિથી તમને જોઈ શકું તેમ નથી; તેથી મારી દૃષ્ટિથી જોઈ શકાય અને મારી વાણીથી વાત થઈ શકે એવું રૂપ તમે ધારણ કરો.' બન્નેના ભાવ સારા છે; કારણ કે પ્રભુ સર્વમય છે તેમજ સર્વથી અતીત છે. ખરો જ્ઞાની પુરુષ આત્માના અનુભવ સિવાય રહેતો નથી અને ખરો ભક્ત ભગવાન સિવાય કાંઈ માગતો નથી. જ્ઞાનીનો અદ્વૈતભાવ તે જ ભક્તોનો અનન્યભાવ છે. પુરાણોની ભાષા સમાધિભાષા છે. એટલે પુરાણોમાં મુખ્યત્વે સમાધિના અનુભવ આપેલા છે. તે દૃષ્ટિએ રાસલીલાના પ્રસંગ પણ સમાધિમાં મળતા આત્માના રસના અનુભવ સમજવામાં ઉપયોગી થાય છે.

એ રસ જેમ જેમ મળે છે, તેમ તેમ તેની વધારે અને વધારે ઇચ્છા થાય છે; અને જેમ જેમ વધારે ઇચ્છા થાય છે તેમ તેમ પ્રભુ સાથે જીવ વધારે જોડાય છે અને જેમ જેમ જીવ વધારે જોડાય છે, તેમ તેમ તેને લાગે છે કે આ રસની મધુરતા કહી શકાય તેવી નથી અને માપી શકાય તેવી નથી. આ રસનો અનુભવ સમાધિદશામાં રહે છે, એટલું જ નહિ પણ ટેવ પડ્યા પછી વ્યુત્થાનદશામાં પણ રહે છે, કારણ કે પ્રભુ સર્વ અવસ્થામાં હાજર હોય છે અને ટેવાડી તે વાતનું સતત સ્મરણ રહે છે. જે જ્યારે જે વખતે મનુષ્યની પ્રવૃત્તિનું જોર રહે છે તે વખતે તે

રહે છે. તે વીર્યથી પુત્ર પિતા થાય છે. નામ અને રૂપ છોડી દઇએ તો બધામાં એક જીવન લાગશે. તે જીવન વરસાદથી ઘાસરૂપે પૃથ્વીમાંથી ફૂટી નીકળે છે, વનસ્પતિમાં પાંદડાં, ફૂલ, ફળરૂપે વિકાસ પામે છે, સમુદ્રમાં મોજાંરૂપે ઊછળે છે, ભરતી અને ઓટના દેખાવ સમુદ્રમાં બતાવે છે અને જન્મ અને મરણના દેખાવ માણસના જીવનમાં બતાવે છે. માણસનું શરીર ખોરાકથી બંધાય છે, પણ માણસનું રૂપ ખાધેલા ખોરાક પ્રમાણે બનતું નથી. તે રૂપ અંદરના આત્માના સ્વભાવની અસરથી બંધાય છે. પશુ અને ઝાડનાં રૂપ પણ તેમની અંદર રહેલો આત્મા બાંધે છે. તે જ આત્મા માણસના વીર્યમાંથી માણસનું શરીર બનાવે છે. સાયન્સની નવી શોધથી મરઘીનાં ઇંડાં 'ઇન્કયુબેટર' નામના સંચામાં ગરમી આપી સેવાય છે. તે સંચામાંથી જે બચ્ચાં નીકળે છે તે પણ ઊભાં રહી શકે છે, ઊડી શકે છે, દાણા ઓળખી શકે છે. તે ઉપરથી જણાશે કે, તેનો આત્મા ગુસપણે ત્યાં પણ કામ કરતો હોય છે. દરેક જાતનાં જીવ, જંતુ વગેરેમાં એ જ નિયમ છે. જો કે માણસ ઘણે ભાગે પ્રકૃતિને વશ થઈ પોતાની ઇચ્છા વગર પણ જન્મમરણના ધમોંમાં આવે છે, તોપણ મહાપુરુષો પોતાની ઇચ્છાથી લોકના કલ્યાણ અર્થે જન્મ લઈ શકે છે અને તેથી જ તેમનું કહેવું માનવું પડે છે. કેટલાંક બાળકોમાં પણ અસાધારણ શક્તિ દેખાય છે, તેથી વંશપરંપરા જે સ્વભાવ આવે છે અને વ્યક્તિગત જે સ્વભાવ આવે છે તેમાં ફેર લાગે છે. આત્મવિકાસની દૃષ્ટિએ બાપ અને દીકરા વચ્ચે અથવા ભાઈ ભાઈના સ્વભાવ વચ્ચે કંઈ સંબંધ નથી. મહાત્મા ગાંધીજીના

પ રિ ણા મ

આખા યે વિશ્વમાં પ્રકાશનો એક અદ્‌ભૂત ચમકારો ક્ષણ વાર ચમકી ગયો!

શાંત નામે રસરાજ આ ક્ષણે બની ધણી,
રેલાવે શાંતિ વિશ્વમાં અપૂર્વતા ભરી ઘણી.
હિંચે, હસે, રમે, કૂદે, રે! તત્ત્વ સૌ પ્રકૃતિનાં,
તાલ દઈ, થૈ નાચતાં, રે! વિશ્વરંગ ભૂમિમાં.—૧

આનન્દના રસે ઝીલે રે તત્ત્વ સૌ પ્રકૃતિનાં.
અવનવા ધરીને સ્વાંગ, પૂરી સૂર ગીતનાં—
ગાન ગાય શાશ્વતાં. રે! તત્ત્વ સૌ પ્રકૃતિનાં.
ઘૂમે, મચાવે ધૂન ધૂમ ધૂમ વિશ્વમાં.—૨

"અહા! આ બધો શો ચમત્કાર?"

"પ્રભુજી અર્હંત્ થયા. સર્વજ્ઞ થયા, તેનો આ બધો ચમત્કાર છે!"

"અરે! હા, એ તો પેલી મહા પ્રતિજ્ઞાનું અન્તિમ મહા પરિણામ!"

"હા. એ જ. સાડાબાર વર્ષ અને એક પખવાડીએ પરિણામ આવ્યું."

"ધન્ય દિવસ! ધન્ય ઘડી! ધન્ય પળ! આજનો આ પવિત્ર દિવસ હંમેશાં જરૂર સ્મરણમાં રાખવો જ જોઇએ."

"આજે વૈશાખ શુદી ૧૦ મ છે. ચંદ્ર હસ્તોત્તરા નક્ષત્રમાં બિરાજે છે. અને દિવસનો ચતુર્થ પ્રહર પસાર થાય છે."

'કહેવા આવ્યો છું.'

દેહમાં આત્મબુદ્ધિ લૌકિક છે. તે આત્મનિશ્ચય થતાં સુધી પ્રમાણ છે. સમષ્ટિ અભિમાન બાધક નથી. વિશ્વ મારું છે અથવા તે હું છું એવું અભિમાન બાધક નથી; પણ થોડામાં 'હું અને મારું' કરવું એવું વ્યક્તિગત અભિમાન દુઃખ ઉપજાવે છે કારણ કે તેની સામે ઘણા રહી જાય છે. અભિમાન એ બંધનું કારણ છે, માયાનું સાંનિધ્ય એ બંધનું કારણ નથી. સુષુપ્તિમાં અભિમાન ન હોવાથી સુખદુઃખ, મોહ વગેરે થતાં નથી. સુખદુઃખ બુદ્ધિનિષ્ઠ છે, પણ જીવ એને પોતાનું સ્વરૂપ માની લે છે, તેથી સુખદુઃખ આત્મામાં હોય તેમ લાગ્યા કરે છે. જેને સંસાર સાચો લાગે છે તેને છૂટવા માટે યોગમાર્ગ છે. જેને સંસાર મિથ્યા લાગે છે તેને માટે જ્ઞાનમાર્ગ છે. જે તત્ત્વના ઊહાપોહમાં કુશળ છે તેને માટે જ્ઞાનમાર્ગ છે. જે તે બાબતમાં કુશળ નથી તેને માટે યોગમાર્ગ છે. જેનામાં રાગ અને દ્વેષ છે અને જેને તે રાખવા છે તે જ્ઞાનીની પેઠે આત્મા અને અનાત્માનો વિવેક કરે અથવા યોગીની પેઠે ચિત્તનો નિરોધ કરે તોય મોક્ષને લાયક થતો નથી. તેથી બન્ને માર્ગે રાગદ્વેષ છોડવાના છે અને બન્નેનું ફળ નિર્વિકલ્પ સમાધિ છે.

દરેક જગ્યાએ દરેક વખતે માત્ર પરમાત્મા જ છે, તો બીજા કોઈની સત્તા રહેતી નથી. તેથી જેણે જે કર્મ કરવાનાં હોય તે તે સત્તા સાથે યુક્ત રહીને કરે તો તે ભાવ તેના કર્મમાં જરૂર પ્રગટ થશે. તેથી અપરતત્ત્વને વ્યવહારમાં લાવવું, આત્માનો પરિચય લઈને દરેક પ્રમયી આત્માનો

પોતાની માયાનો આશ્રય થાય છે અને પોતે જ પોતાની માયાનો વિષય થાય છે. તેથી જ જ્યાં ભેદ નથી ત્યાં ભેદ દેખાય છે, નિરુપાધિક તત્ત્વમાં ઉપાધિ દેખાય છે અને તે ઉપાધિમાં અંતઃકરણના ભેદ પ્રમાણે અનેકત્વ જણાય છે. સૂર્યનું પ્રતિબિંબ જળમાં પડયું હોય ત્યારે જો કે મૂળ સૂર્યને અસર થતી નથી છતાં જળમાં પડેલું પ્રતિબિંબ જળના સ્વભાવ પ્રમાણે કંપ વગેરેનો અનુભવ કરે છે. તે પ્રમાણે અંતઃકરણમાં પડેલું ચૈતન્ય 'હું કરું છું, ભોગવું છું'' એમ માને છે; તેથી જ્યારે તે અંતઃકરણગત સ્વભાવથી બનેલ જીવ મૂળ બિંબરૂપ પરમાત્માને શરણે જાય છે, ત્યારે જેવો ભાવ તે ભગવાનને અર્પણ કરે છે તેવો તેને પાછો મળે છે; કારણ કે ભગવાનને કોઈ લાભની અપેક્ષા નથી. તેથી જેમ દર્પણમાં દેખાતા મોઢા ઉપર ચાંદલો કરવો હોય તો ખરા મોઢા ઉપર કરવાથી દર્પણમાં રહેલને થાય છે, તેમ જીવને જે લાભ જોઈતો હોય તે ભગવાનને અર્પણ કરવાથી જીવને પાછો મળે છે; અને આવી રીતે તે લાભ પાછો મળે છે, એ ભગવાનની કૃપાનું પરિણામ છે અને જીવના પુરુષાર્થનું ફળ છે. ભગવાનમાં જે જે ધર્મ માનીએ તે જીવમાં પાછા આવતા જણાય છે. ભગવાનમાં સર્વ પ્રકારના ધર્મ છે એમ માનવાથી જીવને પણ એવું લાગે છે કે, પોતે સર્વરૂપ છે. તેમાં કાળનો નિયમ નથી. બત્તી થાય અને અંધારું જાય તેમ અજ્ઞાન જતું રહે છે અને અજ્ઞાન જવાથી અજ્ઞાનનું કાર્ય પણ જતું રહે છે.

જ્ઞાની પુરુષ આત્માને દેહકાળના ભાવથી રહિત જુએ

આવો ! આવો ! આજે મહાન્ ઉત્સવ છે !

જ્ઞાતવંશવિભૂષણમણિ શ્રી વર્ધમાનકુમાર આજે સર્વજ્ઞ, સર્વદર્શી, સિદ્ધ. બુદ્ધ, અર્હન્ થયા છે. તેનો આજે ઉત્સવ છે.

જ્યારે જગત્‌માં કોઈ પણ જાતનો નાનો કે મોટો સામાન્ય પણ ઉત્સવ પ્રવર્તે છે, ત્યારે લોકો આનંદ અને હર્ષથી ઘેલા બને છે, સર્વ શુભ સામગ્રીઓ ત્યાં એકત્ર થાય છે, અને મારે પણ ત્યાં યથાયોગ્ય અનુકૂળ પરિસ્થિતિ રજુ કરવી પડે છે. તો પછી—

આ રાજકુમાર સ્વભાવે જ પ્રિયદર્શની હતા. જગત્‌માં મેળવી શકાય તે બધી ઉપભોગની સામગ્રી તેમને સંપ્રાપ્ત હતી. તેનો જીવન પર્યન્ત ઉપભોગ કરવાનો પણ તેમને હક્ક હતો. પરંતુ તે દરેકે-દરેક સામગ્રી તેણે જગત્‌માં જ રહેવા દીધી—સ્વહસ્તે જ મને પાછી સોંપી દીધી, અને વ્હાલામાં વ્હાલું-કોઈ પણ પ્રાણીને વ્હાલામાં વ્હાલું-શરીર પણ મારે ખોળે જ મૂકી દીધું.

માત્ર અંદર રહેલા મહાચૈતન્યના ભંડારરૂપ આત્માને સ્વાભાવિક વિકાસની પરમ કોટિએ પહોંચાડવાને તેમણે મહા ભગીરથ પુરુષાર્થ ઉપાડ્યો. ખરેખર, મારા એ મહાન તત્ત્વના વિકાસનો પ્રયોગ ઉપાડી લઈ, તેમણે મારા ઉપર તેમ જ જગત્ ઉપર મહાન ઉપકાર કર્યો છે.

અને વિશેષમાં, તમે જાણીને ખુશી થશો, તમને

માણસનો કાળ માણસનો બનાવેલો છે, માણસની જગ્યા પણ માણસની બનાવેલી છે. માણસ તે ફેરવી શકે છે.

દરેક માણસને મોટા થવું ગમે છે અને ઘણાં વર્ષ જીવવું ગમે છે. આત્મજ્ઞાનથી માણસ એવો મોટો થાય છે અને એવો નિત્ય સ્વભાવવાળો થાય છે કે તેની સામે કોઈ રહેતું નથી. તે પૂર્ણ થાય છે. જેઓ આત્મજ્ઞાનથી મોટા થઈ શકતા નથી તે સમાજસેવાથી અથવા દેશસેવાથી પોતાનું જીવન વિશાળ બનાવે છે. છતાં તે પૂર્ણ વિશાળ બનતું નથી.

જ્યાં બીજા કોઈ સામે રહી જાય ત્યાં ખરું સ્વરાજ્ય ભોગવી શકાતું નથી. તેથી જ ઋષિમુનિઓએ બ્રહ્મજ્ઞાનની જરૂર માનેલી છે. તેનાથી સામે કોઈ રહેતું નથી અને પૂર્ણ વિશાળ જીવન મળે છે પણ તે માટે નાનું જીવન છોડવું પડે છે. તેથી કેટલીક મુશ્કેલીઓ ઊભી થાય છે.

કર્મયોગી, ભક્ત અને જ્ઞાનીને પણ વિઘ્ન નડે છે. તેઓ પણ ભૂલ કરે છે. તે ઉપરથી જણાય છે કે, મોક્ષનો માર્ગ સરળ નથી. તેમાં ચોથી ઉત્તમ પુરુષાર્થ રહેલો છે અને તેનું ફળ પણ ઉત્તમ છે.

કર્મયોગીનો ઉત્સાહ કોઈ વખતે કોઈ જગ્યાએ મંદ થઈ જાય છે. વળી તેને શરીરનું અભિમાન હોય છે તેથી કોઈ વખતે કોઈ જગ્યાએ તે રાગદ્વેષ અને અભિમાનને વશ પણ થાય છે, અને શરીરમાં રોગને જગ્યા આપે છે. પણ હઠયોગી રોગથી પીડાતા જણાય છે. રાજયોગીને સિદ્ધિનાં આવરણ રહે છે.

તત્ત્વજ્ઞાન અને વાસનાક્ષયની જરૂર છે. દુઃખનું કારણ શરીર છે, શરીરનું કારણ કર્મ છે, કર્મનું કારણ રાગદ્વેષ છે, રાગદ્વેષનું કારણ અજ્ઞાન છે અને અજ્ઞાનનું કારણ આત્માનો વિચાર કર્યો નથી, એ છે.

જ્ઞાની જગતના વિષયો તરફ સારો વૈરાગ્ય રાખે છે અને બધા વિષયોને અને જગતને તુચ્છ સમજે છે; પણ તેમાં કેટલીકવાર ધ્યાન ન રહે તો એવું બને છે કે, તે તુચ્છભાવ આત્મા તરફ પણ વળે છે; એટલે કે આત્મા તરફથી શાંત ચિત્તમાં મળતી અલૌકિક અસરને કલ્પના સમજી તુચ્છકારે છે. તેથી જે આનંદ, પ્રેમ, શક્તિ, તેજ, વિશાળતા વગેરે આત્માના અલૌકિક ભાવ ભક્તને મળે છે, તે જ્ઞાનીને મળતા નથી; તેથી જ્ઞાની ભૂલે તો શુષ્ક થઈ જાય છે અને કોઈ વખતે નાસ્તિક પણ થઈ જાય છે.

બધા સાધક આવી ભૂલો કરે છે એમ નથી. ભૂલોને માટે મોક્ષમાર્ગમાં જગ્યા રહે છે; તેથી સાવધ રહેવાની જરૂર છે. ભૂલ થવાનું મુખ્ય કારણ એ છે કે, આત્માની અસર લાગ્યા પછી પણ પહેલાંનો સ્વભાવ યાદ આવે છે. તે મૂકવો ગમતો નથી; અને જ્યાં સુધી તે સ્વભાવ ન મૂકી શકાય, ત્યાં સુધી આત્માનો મૂળ સ્વભાવ જોર કરતો નથી. ઢોરને ખાડામાં પડવું હોય તો પણ જાણે અંદરથી મંજૂરી મળતી હોય તેમ પહેલાં લાગે છે, તેથી સંભાળ રાખવી જોઈએ. આત્માના અલૌકિક ભાવને માટે અંદર જગ્યા કરવી જોઈએ, ઇન્દ્રિયોના લૌકિક ભાવને માટે જગ્યા આપવી નહિ.

જેમ ચોપડીની બની કરવા માટે તેના પોઝિટિવ અને

દિલમાં પ્રમોદ જાગ્રત્ થયો હોય; તો, એ મહાન્ ઉપદેશ પધારે-આ ભૂમિને પાવન કરે, તે પહેલાં જ તમારૂં કર્તવ્ય બજાવવાને તત્પર થઇ જાઓ. અને તમારા મુખ્ય મુખ્ય કાર્યાલયો દ્વારા સર્વ સામગ્રી પુરી પાડોઃ—

તમારા સંદેશવાહક સૂક્ષ્મ તત્ત્વો દ્વારા જગતભરમાં વિજળીને વેગે આ મંગળ સમાચાર પહોંચાડી દોઃ ત્રિલોકમાં સર્વ સ્થળે ચળવળ પ્રસરાવી દોઃ ભાવિતાત્માઓના દિલમાં હર્ષોલ્લાસ ઉત્પન્ન કરોઃ જગતભરના સત્ત્વોને આ તરફ આવવા પ્રેરો, અને તેઓના માર્ગ કલ્યાણમય બનાવોઃ તથા એ મહા સાત્ત્વિકશિરોમણિના એ માર્ગમાં તેઓ જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં આજુબાજુ અને સર્વત્ર ઉપદ્રવ કંટકો દૂર કરી અનુકૂળતાનું વાતાવરણ ફેલાવ્યા કરોઃ વિશેષમાં પેલા મહાસેન વનમાં યજ્ઞવાટકોની બાજુમાં જ થોડે દૂર વ્યાખ્યાનપીઠ અને બીજી બધી સર્વ સામગ્રીઓ સાથે ધર્મોપદેશ માટે એક મહાન્ મંડપ [સમવસરણ] રચી કાઢો.

આવા મહાન્ ધર્મોપદેશને લાયક, તેમના મહાન ધર્મોપદેશને લાયક, જગતભરમાંથી ઉતરી પડતા તેવા જ શ્રોતાઓને લાયક, અને જગતભરમાં ધર્મોપદેશનો સંદેશો પહોંચાડવાને સમર્થ એવો સર્વ જગત્માટે, સર્વ જંતુહિતકર એ મંડપ રચો. અને તે કેવો ? સર્વ શ્રેષ્ઠ, સર્વથી ભવ્ય અને સુંદર, તથા સર્વોત્કૃષ્ટ, એવો એ મંડપ રચો.

વલ્લભાચાર્ય, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય વગેરે આચાર્યોએ ભાષ્યો કરેલાં છે. તે બધાના મત આ નાના પુસ્તકમાં સમજાવી શકાય તેમ નથી.

કેટલાક માણસ એવા મતના હોય છે કે, કર્મથી દેહાભિમાન જાય છે; કેટલાક કહે છે કે, ભક્તિથી દેહભાન વીસરી જવાય છે; કેટલાક કહે છે કે, જ્ઞાનથી દેહભાન રહેતું નથી. આ ત્રણે મતમાં હેતુ સમાન છે. કોઈ પણ રીતે દેહનું અભિમાન છોડવાનું છે. ત્યારે જ આત્મસાક્ષાત્કાર થાય છે.

ગીતાનો ઉપદેશ સરળ ભાષામાં ઉત્તમ રીતે ઉત્તમ અધિકારીને આપેલ છે. તેમાં વેદધર્મનું રહસ્ય આવી જાય છે. પણ ગીતામાં અર્જુનનો અધિકાર અને લડાઈનો પ્રસંગ જોઈને શ્રીકૃષ્ણે ઉપદેશ આપેલ છે. તે ઉપદેશ કેટલાક વિદ્વાનો કેવળ નિષ્કામ કર્મમાર્ગમાં જ વાળે છે; પણ એ વાત ભૂલવી ન જોઈએ કે, ઉદ્ધવજીને શ્રીકૃષ્ણે નિવૃત્તિનો ઉપદેશ કરેલ છે. માત્ર કર્મનું ફળ છોડવાનું નથી પણ કર્તાપણાનું અભિમાન પણ છોડવાનું છે.

પ્રવૃત્તિના ધર્મો અને નિવૃત્તિના ધર્મો કેટલાક વિદ્વાનો સ્પષ્ટ સમજી શકતા નથી. જે પ્રવૃત્તિ નિવૃત્તિ તરફ લઈ જાય, તે પ્રવૃત્તિ નિવૃત્તિરૂપ જ છે; અને જે નિવૃત્તિ પ્રવૃત્તિ તરફ લઈ જાય તે નિવૃત્તિ પ્રવૃત્તિ જેવી જ છે. દૃષ્ટાંત તરીકે સંન્યાસીઓની પ્રવૃત્તિ નિવૃત્તિ ઉત્પન્ન કરે છે; પણ પેન્શન ઉપર નિવૃત્ત (રિટાયર્ડ) થયેલ સરકારી નોકરોની નિવૃત્તિ પ્રવૃત્તિ ઉત્પન્ન કરે છે; કારણ કે તે વખતને વખત કેમ ગાળવો તે તેમને ખબર હોતી નથી. અર્જુનને જે પ્રકારની પ્રવૃત્તિ

જોયું અને તેથી તેમને મૂર્છા આવી. શુદ્ધિમાં આવતાં તેમણે એક દેવદૂત જોયો. તે દૂતે એક રેશમી રૂમાલ તેને બતાવ્યો. તે રૂમાલમાં કાંઇક લખ્યું હતું, તે બતાવી દૂતે કહ્યું કે, "વાંચ!" મહમ્મદ પયગમ્બર (સલ) સાહેબે કહ્યું કે, "મને વાંચતાં આવડતું નથી." દૂતે કહ્યું કે, "જે ખુદાએ આ જગત રચ્યું છે, જેણે લોહીના કણમાંથી માણસ બનાવ્યો છે, તેના ઉપર શ્રદ્ધા રાખી વાંચ; જેણે માણસને અક્ષર આપ્યા છે, લખવા માટે લેખણ આપી છે, વાંચવા માટે આંખો આપી છે, સમજવા માટે મન આપ્યું છે, જેણે દિવ્ય જ્ઞાન માટે આત્મા આપ્યો છે તેના ઉપર શ્રદ્ધા રાખી વાંચ."

આ સાંભળી મહમ્મદ સાહેબ (સલ) ની બુદ્ધિમાં દિવ્ય તેજ આવ્યું અને રૂમાલ ઉપર શું લખ્યું હતું તે વાંચ્યું. તે પૂરું થઈ રહ્યું ત્યારે દૂતે કહ્યું કે, "હવે તું ખુદાનો સેવક થયો છે." ત્યાર પછી જે જે હકીકત તે રૂમાલમાં પયગંબર સાહેબે વાંચી હતી તે કુરાનમાં બતાવી છે. તે રૂમાલને 'વહી' કહે છે.

હિંદુ ધર્મની માફક કુરાનમાં પણ વૈરાગ્યનો ઉપદેશ છે, ખુદાને અનન્યભાવે શરણ જઈ તેમનો અનુગ્રહ મેળવવાની તેમાં ખાસ આજ્ઞા છે. મુસલમાનો 'બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહિમ' એ નામની માળા ફેરવે છે તેનો અર્થ એવો છે કે, દયાળુ અને કૃપાળુ પ્રભુના નામથી હું ઉઠું છું.

ઈસ્લામી ભાઈઓ એમ માને છે કે, માત્ર મુસલમાની ધર્મમાં જ એકેશ્વરવાદ છે અને હિંદુ ધર્મમાં અનેક દેવ-દેવતાઓ હોવાથી ઘણા ઈશ્વર છે, પણ આમાં તેમની ગેર-

ળો અને સર્વ શુભ નિમિત્તો ! હમણાં તમારે અહીં હાજરી આપવાની છે ! જગત્માં જુદે જુદે સ્થળે કાર્ય તી રહેલા પ્રકૃતિ માતાનાં બીજાં પણ સર્વ શુભ તત્ત્વો ! મારા અધિકારનું બધું કાર્ય તમારે હમણાં અહીં જ જાવવાનું છે !

'જગદુદ્ધારનું કાર્ય છે, જગતની આબરૂનો સવાલ છે. ટે કોઈએ કશી કચાશ રાખવાની જ નથી.' એમ શ્રી પ્રકૃતિ તાનો આદેશ છે. અને સાથે સાથે એવો પણ આદેશ છે —' એ મહાનુભાવ પુરુષની, તેમના કાર્યની અને તેમની થે સંબંધ ધરાવતી કોઈ પણ વસ્તુની સર્વ દ્રવ્ય, સર્વ ત્ર, સર્વ કાળ અને સર્વ ભાવમાં સેવા કરવી. કારણ કે ા જ જગતના શાશ્વત્ કલ્યાણનો માર્ગ છે.'

સર્વત્ર શાંતિ : શાંતિ : શાંતિ : "

*   *   *   *   *

" ॐ इन्द्राय स्वाहा ! ॐ वास्तोष्पतये स्वाहा ! ॐ ब्रह्मणे स्वा—"

" અહો ! ગુરુજી ! ગુરુજી ! આ શું ચાલી રહ્યું છે ? આપ જરા દૃષ્ટિપ્રદાન તો કીજીએ, જી ! "

" કેમ ? શું છે ? બટુકો ! "

' જી ! આપણા યજ્ઞવાટકની પાસે જ આ ધમાલ ! મસ મોટો કોઈ કાર્ય સમારંભ ચાલી રહ્યો છે ! દેવો, દાનવો, યક્ષો, ગાંધર્વો, ભૂતો, પિશાચો, કિન્નરો, વિદ્યાધરો, આર્ય-અનાર્ય સર્વ જાતિના માનવો, સિંહ, હાથી, ગાય,

અને તેથી આનંદમય છે; છતાં તે જ વખતે તેને સુખદુઃખ પણ થયા કરે છે. આત્માના આવા વિલક્ષણ સ્વભાવને લઈને મતમતાંતર થયા છે. જે આનંદઘન છે તેને દુઃખ કેમ થાય છે? તે બાબત માયામાં રહેલ બુદ્ધિ સમજી શકે તેમ નથી; છતાં દુઃખ કાયમને માટે મટી શકે છે એ બાબત બધા ધર્મવાળા કબૂલ કરે છે.

બુદ્ધદેવે કહ્યું છે કે, અનિત્ય વસ્તુઓમાં ચિત્ત જવાથી દુઃખ થાય છે, તેથી તેમાંથી ચિત્તને હઠાવવું જોઈએ. શ્રીશંકરાચાર્ય કહે છે કે, આત્માના અજ્ઞાનથી અનિત્ય વસ્તુઓમાં ચિત્ત જાય છે, માટે આત્મજ્ઞાનથી દુઃખ મટશે. શ્રીવલ્લભાચાર્ય કહે છે કે, આત્મજ્ઞાનથી દુઃખ જશે પણ (આત્માનો) અલૌકિક રસ ભગવાનના અનુગ્રહથી જ મળશે.

હઝરત મહમ્મદ પયગમ્બર (સલ) ના જીવન વિષે અને તેમના સિદ્ધાંત વિષે લોકોમાં અને ખાસ કરીને હિંદુઓમાં ઘણું અજ્ઞાન રહેલું છે. દરેક માણસને આત્મસાક્ષાત્કાર માટે દરેક ધર્મના સિદ્ધાંતો જાણવાની જરૂર પડતી નથી. સામાન્ય લોકો બહારના આચાર ઉપરથી ધર્મનું માપ કાઢે છે; તેથી જેમ હાલના ક્રિશ્ચિયનોમાં વેપારી બુદ્ધિના જોરને લઈને પાપવૃત્તિ જણાય છે અને તેથી ક્રિશ્ચિયન ધર્મ ઉપર ટીકા થાય છે, તેમ તે પહેલાંના કાળમાં મુસલમાનોમાં લડાયક સ્વભાવના જોરને લઈને અને તેમનામાં હિંદુધર્મની અણસમજને લઈને કેટલાક દોષ દેખાવા લાગ્યા અને તેથી મુસલમાની ધર્મ ઉપર પણ ટીકા થવા લાગી. પણ તેથી ક્રિશ્ચિયન ધર્મના સાચા સિદ્ધાંતો અને મુસલમાની ધર્મના

જોયું અને તેથી તેમને મૂર્છા આવી. શુદ્ધિમાં આવતાં તેમણે એક દેવદૂત જોયો. તે દૂતે એક રેશમી રૂમાલ તેને બતાવ્યો. તે રૂમાલમાં કાંઇક લખ્યું હતું, તે બતાવી દૂતે કહ્યું કે, "વાંચ!" મહમ્મદ પયગમ્બર (સલ) સાહેબે કહ્યું કે, "મને વાંચતાં આવડતું નથી." દૂતે કહ્યું કે, "જે ખુદાએ આ જગત રચ્યું છે, જેણે લોહીના કણમાંથી માણસ બનાવ્યો છે, તેના ઉપર શ્રદ્ધા રાખી વાંચ; જેણે માણસને અક્ષર આપ્યા છે, લખવા માટે લેખણ આપી છે, વાંચવા માટે આંખો આપી છે, સમજવા માટે મન આપ્યું છે, જેણે દિવ્ય જ્ઞાન માટે આત્મા આપ્યો છે તેના ઉપર શ્રદ્ધા રાખી વાંચ."

આ સાંભળી મહમ્મદ સાહેબ (સલ) ની બુદ્ધિમાં દિવ્ય તેજ આવ્યું અને રૂમાલ ઉપર શું લખ્યું હતું તે વાંચ્યું. તે પૂરું થઈ રહ્યું ત્યારે દૂતે કહ્યું કે, "હવે તું ખુદાનો સેવક થયો છે." ત્યાર પછી જે જે હકીકત તે રૂમાલમાં પયગંબર સાહેબે વાંચી હતી તે કુરાનમાં બતાવી છે. તે રૂમાલને 'વહી' કહે છે.

હિંદુ ધર્મની માફક કુરાનમાં પણ વૈરાગ્યનો ઉપદેશ છે, ખુદાને અનન્યભાવે શરણ જઈ તેમનો અનુગ્રહ મેળવવાની તેમાં ખાસ આજ્ઞા છે. મુસલમાનો 'બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહિમ' એ નામની માળા ફેરવે છે તેનો અર્થ એવો છે કે, દયાળુ અને કૃપાળુ પ્રભુના નામથી હું જીવું છું.

ઈસ્લામી ભાઈઓ એમ માને છે કે, માત્ર મુસલમાની ધર્મમાં જ એકેશ્વરવાદ છે અને હિંદુ ધર્મમાં અનેક દેવ-દેવતાઓ હોવાથી ઘણા ઈશ્વર છે, પણ આમાં તેમની ભૂલ-

.છતાં કદાચ જો મારા સંશયોના સમાધાનો આપશે, અભૂતપૂર્વ સર્વજ્ઞ સાથે મેળાપ થશે.

ઠીક છે, બન્ને રીતે ફાયદો છે. બસ, અવિલંબે જ 'વું જોઇએ. "

*　　*　　*　　*　　*

" બંધુ અગ્નિભૂતે ! "

" શો આદેશ છે ? આર્ય ! "

" વત્સ ! એ જાલિકની ચકાસણી માટે મારે આ ણે જ જવું જોઇએ, અને જાઉં છું "

" આપનો આદેશ શિર ચડાવનાર હું હાજર છતાં આપ જાતે શા માટે આ આયાસ સેવો છો ? પૂજ્ય ! "

" વત્સ ! આ કોઈ મહા માયાવી જણાય છે. એમાં મારું કામ નહીં. હું જાતે જ જાઉં છું. તમે યજ્ઞ કાર્ય થરૂ રાખો, અને સાવધાન રહો. "

"शिवास्ते पन्थानः सन्तु ! शिवमस्तु ! भद्रमस्तु !" મુખ્ય દશે ય આચાર્યોએ એકી સાથે આશીર્વચનોનો નિર્ઘોષ કર્યો.

"विजयन्तां, विजयन्तां श्री पूज्यमिश्रा विजयन्ताम्" વિજયઘોષણા કરી વિદ્યાર્થીઓએ એકી સાથે ગગન ગજાવી મૂક્યું. અને પોતાના પાંચસો શિષ્યોના સંઘ સાથે આચાર્ય પદની સર્વ વિભૂષણ સામગ્રીથી સજ્જ થઈ ગૌતમ-ગોત્રીયનન્દનાખ્યાક્ષપૃથ્વીન્દ્રનાતિઆચાર્યવર્યે ચાલવા માંડ્યું.

*　　*　　*　　*　　*

મુસલમાનોના કુરાનનું સૂત્ર "અલેફ્-લામ-મીમ" છે. તેનો અર્થ હિંદુઓના ઉપનિષદ્‌માં "अहं ब्रह्मास्मि" માં આવે છે. અલ્લાહને એટલે ઈશ્વરને નહિ માનનારને તેઓ કાફર કહે છે. તેથી જે હિંદુઓ ઈશ્વરને માને છે તે કાફર કહેવાય નહિ. અલ્લાહ તઆલાનાં જે સુંદર નામો મુસલમાની ધર્મમાં છે તેવાં જ સુંદર નામો હિંદુઓના વિષ્ણુસહસ્રનામમાં છે.

વળી હિંદુધર્મમાં, આત્મસાક્ષાત્કાર માટે જેમ ભક્તમાં નિઃસાધનતા આવે છે અને માત્ર ભગવાનના અનુગ્રહ ઉપર તેનો આધાર રહે છે તેમ મુસલમાની ધર્મની સાધનામાં પણ નિઃસાધનતાનો વખત આવે છે. તે માટે તપસ્વી હુસેન મન્સુર કહે છે કે, "પ્રેમરૂપી આડુશી ભેદભાવ દૂર કર, નિમાજની સાદડી છોડ, વજુનો કૂજો ફોડ, માળા તોડ અને કિતાબો પાણીમાં નાખ; હંમેશાં ખા, હંમેશાં પી; પણ ગફલતમાં ન રહે. 'અનલ હક' બોલ અને હરદમ ધ્યાન કર, ત્યારે જ પ્રભુ મળશે." મુસલમાની ધર્મનાં ઉત્તમ રહસ્યોની વધારે હકીકત મારા 'તે કોણ?' પુસ્તકના બીજા વિભાગમાં સમજાવવામાં આવેલ છે.

યુરોપમાં મોક્ષનો વિચાર ઘણા મહાપુરુષોએ કરેલો છે. પ્લેટો, એરિસ્ટોટલ, સોક્રેટિસ, પ્લોટિનસ, બેકન, કેન્ટ, શોપેન્હોરી, એડવર્ડ કાર્પેન્ટર વગેરે મોટા તત્ત્વચિંતકો થઈ ગયા છે.

ખ્રિસ્તિમાર્ગમાં જેકબ બહેમી, સેંટ ટેરેસા, સેંટ ઓગસ્ટીન, મોલીનસ વગેરે મહાત્મા થયા છે.

શક્યું નહિ અને થોડો વખત વીટમેનના ગ્રંથો પણ પ્રસિદ્ધ થવા દેવામાં આવ્યા નહોતા. જેવો ગીતાનો વિભૂતિયોગ છે, તેવી જ વાણી વીટમેનના મુખમાંથી નીકળી છે.

પશ્ચિમના દેશોના ધર્મ ઉપર ત્યાંના સાયન્સની શોધોની બહુ અસર થઈ છે. ખાસ કરીને પ્રોફેસર ડાર્વિનના 'ઉત્ક્રાન્તિવાદ' (એટલે ઇવોલ્યુશન) નું ત્યાં ઘણું જોર રહ્યું અને હજુ છે. તે મત પ્રમાણે આ પૃથ્વી જ્યારે ઉત્પન્ન થઈ ત્યારે તેમાં જમીન ઉપર વનસ્પતિ અને પાણીમાં માછલાં થયાં હતાં; ત્યાર પછી સર્પ, પશુ, પક્ષી વગેરે ઉત્પન્ન થયાં; ત્યાર પછી વાંદરાંની નવી નવી જાતો થઈ અને અંતે પૂંછડી જતી રહી. અને જંગલી માણસ ઉત્પન્ન થયાં. છેવટે હાલનાં માણસ ઉત્પન્ન થયાં અને હવે કદાચ દેવજાતિ ઉત્પન્ન થાય. સાયન્સ કહે છે કે, માણસનો જન્મ થાય છે ત્યારે પણ પહેલાં તે જીવ તેની માતાના ઉદરમાં માછલા જેવો હોય છે. તે પછી જુદા જુદા પશુ જેવા આકારના ફેરફાર થઈને અંતે માણસરૂપે બહાર આવે છે. બચ્ચામાં શરૂઆતથી મોટી ઉંમર સુધી ઘણા પ્રકારે શરીરનો અને મનનો વિકાસ થાય છે; તેથી તે દૃષ્ટિએ ઉત્ક્રાન્તિવાદને ટેકો મળે છે, પણ માણસની દૃષ્ટિ સાચી નથી.

આ પૃથ્વી ઉપર પહેલા જીવ શી રીતે આવ્યા? તે બાબત સાયન્સ શોધી શક્યું નથી. મન પહેલું શી રીતે આવ્યું તે પણ નક્કી થઈ શક્યું નથી. તેને માટે જુદી જુદી કલ્પનાઓ થયા કરે છે.

વળી હિંદુસ્થાનની પ્રજા ઉત્ક્રાન્તિવાદ સ્વીકારી શકે

ધારીઓના મંડળ સાથે આ કોણ મહાબ્રાહ્મણ ચાલ્યા આવે છે? '

" હશે કોઈ. પુષ્કળ જનસમુદાય ચાલ્યો આવે છે. પરંતુ સાંભળો, પ્રભુજી કંઈક બોલે છે. "

" नमो तित्थस्स. "

" અહો ! મસ્તક નમાવી નમસ્કાર પણ કર્યો. '

" જુઓ. જુઓ ! પાદપીઠ પર ચરણકમળ સ્થાપીને સિંહાસન પર એ જગન્નાથ બેઠા. "

" અહા ! ચારે તરફ વિસ્તરી રહેલા આ મનોહર ભવ્ય સૌન્દર્યનું આબેહૂબ વર્ણન કોઈ કવિજનની કલ્પના કરી શકે ખરૂં ? અને કોઈ ચિત્રકાર જગતમાં જન્મ્યો હશે ? કે જે આ ચિત્ર બરાબર રેખાંકિત કરી શકે ? "

* * * * *

" આ....હ ! ફટાટોપ તો ભારે જબ્બર છે ! "

" આવો, આવો. ગૌતમ ઇન્દ્રભૂતે ! આવો. "

" અરે ! પણ આ વિપ્રવર ઠંડા કેમ પડી ગયા ? "

' દેવાનુપ્રિય ગૌતમ ઇંદ્રભૂતે ! શા વિચારમાં છો ?

હે મહાપ્રાજ્ઞ ! વેદત્રયી, ઉપનિષદ, દર્શનશાસ્ત્ર, પુરાણ, કલ્પ, છંદઃ, જ્યોતિષ, વ્યાકરણ, નિરુક્ત વિગેરે વૈદિક ગુણના અને બીજા શાસ્ત્રીય સાહિત્યના ખરેખર તમે પારગામી છો.

તેનુ શ્રવણ, મનન, ચિન્તન અને કંઈ નિદિધ્યાસન

તેને માટે નહોતું. વખત જતાં, તે વખતનાં પશુઓનાં શરીરોમાં ફેરફાર થવા લાગ્યો અને કેટલાંક પશુઓ અને વાંદરાંની જાતો એવી થઈ કે જેમાં કાંઈક મનનો પ્રકાશ આવવા લાગ્યો અને અંતે એવાં શરીર થયાં કે જેમાં મન સ્વાભાવિક રીતે રહી શક્યું. તે શરીરવાળાં પ્રાણી માણસ કહેવાયાં. તેવી જ રીતે મનથી ઉપર વિજ્ઞાનમય તત્ત્વ છે; અને વર્તમાનકાળમાં કેટલાક મહાત્માઓમાં તે તત્ત્વનો પ્રકાશ આવેલો જણાયો છે, પણ તે તત્ત્વ સ્વાભાવિક રીતે જે શરીરમાં કામ કરી શકે એવું શરીર આ પૃથ્વી ઉપર હજી ઉત્પન્ન થયું નથી. તેથી જો કોઈ પણ માણસ પોતાના શરીર, પ્રાણ અને મનને એવી શાંત દશામાં રાખે કે જેથી વિજ્ઞાનમય તત્ત્વને અવતરવાનો વખત મળે; એટલું જ નહિ પણ તે તત્ત્વની અસરથી શરીર, પ્રાણ અને મન એ ત્રણેના સ્વભાવ ફરી જાય અને વિજ્ઞાનમય પુરુષ, દેવ પુરુષ જેવો થઈ આ પૃથ્વીમાં રહે તો તે પુરુષના જીવનની અસરથી બીજા દેવ પુરુષો પણ થાય અને આ પૃથ્વી ઉપર દેવજાતિ આવે. શ્રી. અરવિંદની યોગસાધનામાં એવો અનુભવ આવે છે કે, આ પૃથ્વી ઉપર હજી સુધી નહિ અવતરેલ એવી દિવ્ય શક્તિ અહીં અવતાર લેવાની રાહ જોઈ રહી છે, તેને યોગ્ય શરીર જોઈએ છીએ; તેથી તે માટે હાલ જે શરીર, પ્રાણ અને મનના સ્વભાવ છે તે ફેરવવા જોઈએ એમ તે કહે છે કે, ભૂતકાળમાં હિંદુસ્થાનમાં જેટલા મહાત્માઓ થઈ ગયા છે તેઓએ આ શક્તિનો મનથી અનુભવ કરેલ હતો અને કોઈ વિરલ મહાત્માઓમાં આ શક્તિની અસરથી પ્રાણમાં ફેરફાર થયેલ છે, પણ હજુ સુધી વિજ્ઞાનમય

શરીરનાં રજકણોને સ્પર્શ કરી શકે અને તે તેજની અસરથી શરીર તેજોમય, દિવ્ય, અમર થઈ શકે. એમ કહેવાય છે કે, શ્રી. અરવિંદના શરીરમાં કંઇક અંશે આવા ફેરફાર થયા છે; પણ હજુ તેમની સાધના ચાલુ છે, એટલે તે વિષે હાલ વધારે કાંઈ કહી શકાય તેમ નથી. આ કામ સૂર્યને પૃથ્વી ઉપર લાવવા જેવું છે. જો કે સૂર્ય પૃથ્વીથી જેટલો દૂર છે એટલો દૂર શરીરથી આત્મા નથી, તોપણ આત્માની બધી શક્તિઓ શરીરમાં આવી શકે કે નહિ અથવા તે આવી શકે તેવું શરીર થઇ શકે કે નહિ અથવા તેમ કરવાની ખાસ જરૂર છે કે નહિ, તે બાબતો દરેક જિજ્ઞાસુએ પોતે વિચારવાની છે. વળી શરીરના વિચારથી શરીરનું અભિમાન પણ મટતું નથી એ વાત પણ ભૂલવાની નથી.

વેદકાળના ઋષિમુનિઓએ એમ માન્યું હતું કે, પરમાત્માએ પશુપક્ષીઓનાં શરીર રચ્યાં ત્યારે તેને સંતોષ થયો નહોતો; પણ માણસનું શરીર રચ્યું ત્યારે તે જોઈ પોતાને સંતોષ થયો અને તે શરીર પોતાને રહેવાને યોગ્ય માની પોતે તેમાં પ્રવેશ કર્યો. આ વાત ઉપનિષદના કેટલાએક મંત્રો ઉપરથી સિદ્ધ થાય છે. ઋષિમુનિઓ માણસના શરીરથી જ પરમાત્માનો અનુભવ કરી શકયા હતા અને આખું જગત પરમાત્મારૂપ છે એવો અનુભવ લઈ શકયા હતા. એક વસ્તુના જ્ઞાનથી સર્વ વસ્તુનું જ્ઞાન થાય છે એવું તે બતાવી શકયા છે; કારણ કે તેઓ આત્મદૃષ્ટિથી જગતને જોતા હતા. આધુનિક કાળના કેટલાએક મહાત્માઓ જગતને ઇંદ્રિયોના સાધનથી જુએ છે અને તે સાધનથી દેખાતું જગત અપૂર્ણ

"विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्यसंज्ञास्ति, इति।" [વિજ્ઞાનઘન આત્મા પંચભૂતોમાં ઉત્પન્ન થઇ. તેમાં જ વિલય પામે છે. મરણ પછી તેની સંજ્ઞા કાયમ નથી. અર્થાત્ પુનર્જન્મ નથી.]

"अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः।" [સ્વર્ગના ઇચ્છુએ અગ્નિહોત્ર હોમ કરવો જોઇએ.]

પહેલા વાક્ય ઉપરથી તમને એમ સમજાયું છે કે, પુનર્જન્મ નથી. અને બીજા વાક્ય ઉપરથી એમ સમજાયું છે કે, પુનર્જન્મ છે આ જ તમારા સંશયનું બીજ છે."

"હા પ્રભો !"

"પ્રથમ વાક્યમાંના **વિજ્ઞાનઘન** શબ્દનો અર્થ આત્મા ન કરતાં, કોઇ પણ વસ્તુનું જ્ઞાન કરતી વખતે પ્રવર્તતો 'ઉપયોગ-જ્ઞાનની પ્રવૃત્તિ કે જ્ઞાનનો વ્યાપાર' એવો કરવો.

એક જ્ઞાન વ્યાપાર ઉત્પન્ન થાય છે ત્યારે પૂર્વનો જ્ઞાનવ્યાપાર નાશ પામે છે. વળી બીજો જ્ઞાનવ્યાપાર ઉત્પન્ન થાય એટલે પ્રથમનો જ્ઞાનવ્યાપાર નાશ પામે છે, એટલું જ નહિ પણ તે જ્ઞાનવ્યાપારનું પૂર્વનું નામ પણ કાયમ રહેતું નથી. દાખલા તરીકે—

કોઈ શ્રીમાન ગૃહસ્થ સુંદર ઘોડાઓ જોડાવી ગ્રીષ્મની વાહનમાં બેસીને રસ્તે જતા હોય, ત્યારે તેમની દૃષ્ટિ એક પછી એક, એમ અનેક પદાર્થો પર પડે છે. તે વખતે

તેવી જ રીતે જ્યારે પરમાત્માને શરીર ધારણ કરવું હોય ત્યારે તે બહુ થોડી શક્તિનો ઉપયોગ કરે છે, નહિતર તેનું શરીર પૃથ્વી ઉપર રહી શકે નહિ; તે વખતે તે અલ્પ શક્તિથી શરીરના ધર્મોનો સ્વીકાર કરે છે.

હિંદની વિદ્યામાં તૈત્તરીય ઉપનિષદ્‌માં અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય કોશનું વર્ણન ઉત્ક્રાન્તિવાદની પેઠે આપેલું છે; છતાં એ પણ ત્યાં સમજાવ્યું છે કે, આત્મા છેલ્લો અનુભવમાં આવે છે તેથી તે છેલ્લો ઉત્પન્ન થયો છે, એમ માનવાનું નથી. આત્મા તો દરેક જીવ ઉત્પન્ન થયા પહેલાં તેમાં રહેલ હોય છે. તેનું જ્ઞાન વહેલું થાય કે મોડું થાય તેથી તે વહેલો કે મોડો ઉત્પન્ન થતો નથી. જ્ઞાન વખતે તે ઉત્પન્ન થતો નથી. ઊલટું, આત્માથી બધું ઉત્પન્ન થાય છે. તે દૃષ્ટિએ જીવનો વિકાસ એ માત્ર દેખાવ છે, પર્યાય છે.

શ્રી. અરવિંદ જે જાતનું શરીરનું રૂપાંતર માગે છે તેવું જ ઋષિમુનિઓ જ્ઞાનનું રૂપાંતર માગે છે, એટલે કે અજ્ઞાનીને જેમ દ્વૈતજ્ઞાન સાચું લાગે છે તેને બદલે જ્ઞાનીને અદ્વૈત જ્ઞાન સાચું લાગે છે. ઢોરના શરીરમાંથી જીવ, શરીર બદલીને માણસના શરીરમાં આવે છે ત્યારે જ્ઞાનમાં જેટલો ફેરફાર થાય છે તે કરતાં વધારે ફેરફાર માણસ મટીને ઋષિ થાય ત્યારે તેના જ્ઞાનમાં થાય છે. તેવા જ્ઞાનના ફેરફાર માટે શરીરના ફેરફારની જરૂર હિંદુઓનાં શાસ્ત્રોમાં માનેલી નથી. તેને બદલે આશ્રમ ફેર કરવાથી નવું જ્ઞાન ટકે છે. એટલે ગૃહસ્થાશ્રમમાંથી વાનપ્રસ્થ આશ્રમમાં અથવા સંન્યાસ આશ્-

જવાબ આપ્યા તે ઉપરથી જે સાર નીકળ્યો હતો તે નીચે પ્રમાણે છેઃ—

ગવર્નર—જો બધું બ્રહ્મરૂપ છે તો અજ્ઞાન (અથવા માયા) ક્યાંથી આવ્યું?

પંડિત—તેનો જવાબ એ છે કે, તે ઉત્પન્ન થયું નથી; કારણ કે તેને આદિ એટલે શરૂઆત નથી.

ગવર્નર—જો માયાને આદિ ન હોય તો તે નિત્ય હોય અને જે નિત્ય હોય તેનો અંત આવે નહિ અને તેથી મોક્ષ મળે નહિ.

પંડિત—મેં એમ કહ્યું છે કે માયાને આદિ નથી, પણ મેં એમ નથી કહ્યું કે માયાને અંત નથી.

ગવર્નર—એવી કોઇ વસ્તુ બની શકે કે જેને આદિ ન હોય પણ જેનો અંત હોય?

પંડિત—તે બની શકે છે. એક ઘડાનું દૃષ્ટાંત લો. ઘડાની ઉત્પત્તિ પહેલાં ઘડાનો અભાવ હતો. ઘડાની ઉત્પત્તિ થઈ ત્યારે તે અભાવનો નાશ થયો.

ગવર્નર—તે વાત સાચી છે.

પંડિત—અને તે અભાવને આદિ નહોતી?

ગવર્નર—તે વાત પણ સાચી છે.

પંડિત—તે ઉપરથી સાબિત થાય છે કે, બધી ઉત્પન્ન થયેલ વસ્તુને આદિ નથી પણ અંત છે.

ગવર્નર—આ વાત સમજાય તેવી છે, પણ બ્રહ્મ જ સર્વત્ર સર્વદા હોય તો માયાને માટે જગ્યા કેમ મળે?

પંડિત—માયા સત્ય નથી, તેમ અસત્ય પણ નથી.

પ્રગટ પ્રકાશ અને તીર્થપ્રવર્તન

" નમોઽસ્તુ—

ભગવન્ અર્હન્ ! આદિકર !
હે સ્વયંસંબુદ્ધ ! ને તીર્થંકર !
હે પુરુષોત્તમ ! પુરુષસિંહ ! અને પુરુષ-વર પુંડરીક !
તમે ખરેખર પુરુષ-વરગંધહસ્તિ છો.
હે લોકોત્તમ !
તમે લોકનાથ છો, તેથી
લોક હિતકર છો;
તમે લોકપ્રદીપ છો, તેથી
લોકપ્રદ્યોતકર છો.
તમે જગત્‌ને નિર્ભય કરો છો,
કેમકે—
તમે જ જગતને જ્ઞાનચક્ષુ અર્પો છો.
અને સાથે સાથે
સત્ય માર્ગ બતાવીને
અશરણ જગતને શરણે લો છો.
એટલું જ નહીં, પરંતુ—
શુદ્ધ બોધ અને શુદ્ધ ધર્મ જગતને દાન કરો છો.
તેથી જ તમે
ખરેખર ધર્મોપદેશક અને ધર્મનાયક છો, ને
માર્ગભ્રષ્ટોને સારથિ થઇ ધર્મમાર્ગમાં દોરો છો,
કેમ કે, તમે

કરેલ છે. તે કહે છે કે, આપણે જેને કાળ કહીએ છીએ તે માણસનો કાળ છે, તે ખરો કાળ નથી. કાળ પોતે સાપેક્ષ છે. માણસની દૃષ્ટિએ તે જેવો લાગે છે તેવો બીજાં પ્રાણીની દૃષ્ટિએ લાગતો નથી. તે શોધ પ્રમાણે દરેક વસ્તુમાં ચાર હદ છે. ઊંચાઈ, લંબાઈ, પહોળાઈ અને વસ્તુનો કાળ. જેમ ઊંચાઈ, લંબાઈ અને પહોળાઈ માપી શકાય છે, તેમ દરેક વસ્તુનો કાળ પણ માપી શકાય છે. આ શોધ ઉપરથી રશિયાના ગણિતશાસ્ત્રી મીન્કોવસ્કીએ કાળનું ગણિત બનાવ્યું છે. તેનાં પુસ્તકો આ દેશમાં આવેલ છે, પણ તે સમજાવે તેવા માણસો હજુ અહીં આવેલ નથી. યુરોપની વિદ્યાપીઠોમાં પણ આ ગણિત હજુ દાખલ થયું નથી અને અહીં દાખલ થતાં કદાચ ૫૦ વર્ષ વીતી જાય. ૫૦ વર્ષ પછી આપણી કૉલેજોમાં વિદ્યાર્થીઓ કાળની ભૂમિતિ અને કાળનું બીજગણિત શીખશે. તે વખતે અહીંની વિદ્યામાં મોટો ફેરફાર થશે.

હાલ તો ક્ષણિક સુખમાં મોજ માનતા માણસો વર્તમાનકાળનો પણ થોડો વિચાર કરે છે; પણ કાળ પોતે શું તત્ત્વ છે તે જાણતા નથી. મોક્ષ માટે કાળનું જ્ઞાન બહુ જરૂરી છે. જીવ અનિત્ય છે, ઈશ્વર નિત્ય છે. એમાં ખાસ ફેરફાર કાળનો જ છે. તે બાબત જ્યારે ગણિતથી સમજાવવામાં આવશે, ત્યારે અહીંના જ્ઞાનમાં નવી દિશા ઉઘડશે.

ખરી રીતે જોતાં આપણો દેહ કે જેને આપણે 'હું' કહીએ છીએ, તે આપણે નથી. એટલું ખરું છે કે, જે સુખદુઃખ થાય તે આપણને લાગે છે, પણ તેથી એમ ન

* * * * *

" હે ભવ્ય જીવો !

તમે સામાયિક કરો :

સામાયિક કરો :

સર્વ સાવદ્યયોગની વિરતિ કરો:

જો તમે કલ્યાણ ઇચ્છતા હો !

જો તમે નિર્વાણ વાંછતા હો !

સર્વ શ્રેષ્ઠ કર્તવ્યોમાંનું પરમ પ્રધાન કર્તવ્ય છે, એ.

પૂર્વના સંખ્યાતીત મહાપુરુષોએ આચર્યું છે, એ.

ત્રિલોકમાં સારભૂત સર્વ અનુષ્ઠાનોમય અનુષ્ઠાન છે, એ.

એમ હું સર્વજ્ઞ સર્વદર્શી થઈને પ્રતિપાદન કરૂં છું.

જગતભરના સર્વ જંતુઓના હિતને માટે પ્રતિપાદન કરૂં છું.

મેં અનુસર્યું છે, તેનું પરિણામ પ્રાપ્ત કર્યું છે;

તેથી પ્રતિપાદન કરૂં છું

તીર્થંકર તરીકેનું મારૂં કર્તવ્ય સમજીને, હું પ્રતિપાદન કરૂં છું.

આ પરમ ધર્મ છે, પરમ યજ્ઞ છે,

નિવૃત્તિમય આધ્યાત્મિક જીવનનું કેન્દ્ર છે.

જ્ઞાનીઓના જ્ઞાનનું, ધ્યાનીઓના ધ્યાનનું, અને

તપસ્વીઓના તપનું એ કેન્દ્ર છે

નિર્દોષ નિર્વિકારી અને સુખપ્રદાયક એવું એ

આધિ, વ્યાધિ અને ઉપાધિનું પરમ વિશુદ્ધતર ઔષધ છે;

કરેલ છે. તે કહે છે કે, આપણે જેને કાળ કહીએ છીએ તે માણસનો કાળ છે, તે ખરો કાળ નથી. કાળ પોતે સાપેક્ષ છે. માણસની દૃષ્ટિએ તે જેવો લાગે છે તેવો બીજાં પ્રાણીની દૃષ્ટિએ લાગતો નથી. તે શોધ પ્રમાણે દરેક વસ્તુમાં ચાર હદ છે. ઊંચાઈ, લંબાઈ, પહોળાઈ અને વસ્તુનો કાળ. જેમ ઊંચાઈ, લંબાઈ અને પહોળાઈ માપી શકાય છે, તેમ દરેક વસ્તુનો કાળ પણ માપી શકાય છે. આ શોધ ઉપરથી રશિયાના ગણિતશાસ્ત્રી મીન્કોવસ્કીએ કાળનું ગણિત બનાવ્યું છે. તેનાં પુસ્તકો આ દેશમાં આવેલ છે, પણ તે સમજાવે તેવા માણસો હજુ અહીં આવેલ નથી. યુરોપની વિદ્યાપીઠોમાં પણ આ ગણિત હજુ દાખલ થયું નથી અને અહીં દાખલ થતાં કદાચ ૫૦ વર્ષ વીતી જાય. ૫૦ વર્ષ પછી આપણી કૉલેજોમાં વિદ્યાર્થીઓ કાળની ભૂમિતિ અને કાળનું બીજગણિત શીખશે. તે વખતે અહીંની વિદ્યામાં મોટો ફેરફાર થશે.

હાલ તો ક્ષણિક સુખમાં મોજ માનતા માણસો વર્તમાનકાળનો પણ થોડો વિચાર કરે છે; પણ કાળ પોતે શું તત્ત્વ છે તે જાણતા નથી. મોક્ષ માટે કાળનું જ્ઞાન બહુ જરૂરી છે. જીવ અનિત્ય છે, ઈશ્વર નિત્ય છે. એમાં ખાસ ફેરફાર કાળનો જ છે. તે બાબત જ્યારે ગણિતથી સમજાવવામાં આવશે, ત્યારે અહીંના જ્ઞાનમાં નવી દિશા ઊઘડશે.

ખરી રીતે જોતાં આપણો દેહ કે જેને આપણે 'હું' કહીએ છીએ, તે આપણે નથી. એટલું ખરું છે કે, જે સુખદુઃખ થાય તે આપણને લાગે છે, પણ તેથી એમ ન

શું બને છે તે જાણવું તેનું નામ 'સર્વજ્ઞતા' નથી. તે કામ યોગસિદ્ધિથી અથવા જેને અંગ્રેજીમાં 'કલેરવૉયન્સ' કહે છે તેવા મામૂલી જ્ઞાનથી થઈ શકે છે. ખરી સર્વજ્ઞતા એટલે બધું પ્રભુમય છે એમ જાણવું તે. સર્વશક્તિમાનપણું એટલે બધું એક શક્તિથી ચાલે છે એમ અનુભવ થવો જોઈએ. તેવી જ રીતે આપણો દેહ નિત્ય રહે તેનું નામ મોક્ષ નહિ, પણ આપણો આત્મા નિત્યમુક્ત છે, બીજાનો આત્મા પણ નિત્યમુક્ત છે, આખું જગત નિત્યમુક્ત છે; એમ અનુભવ થવો જોઈએ. કારણ કે બધું એકરૂપ છે. ભેદદષ્ટિ માયિક છે અને તે માયિક દૃષ્ટિ ઘણા ખોટા પ્રશ્નો ઊભા કરે છે.

આપણને બહાર દેખાતું જગત ખરી રીતે આપણી બહાર નથી. બહાર દેખાવાનું કારણ દેહનું અભિમાન છે. તે અભિમાન જાય તો બહારનું જગત અંદર આવી જાય, અને તે જ વખતે આપણે પોતે ઝાડરૂપ, પર્વતરૂપ, ફળ, ફૂલ, પશુ, પક્ષી, બાળક, સ્ત્રી વગેરે જે જે જોઈએ તે તે મય થઈ જઈએ છીએ. મૂરખને જગત દેખાય છે. જો જગતમાં કોઈ મૂરખ ન હોય તો જગત દેખાય નહિ, બધું બ્રહ્મરૂપ લાગે.

જ્યારે દેહનું અભિમાન જાય છે ત્યારે એમ લાગે છે કે, આપણે અત્યારે જ જીવીએ છીએ એમ નથી. આપણે જગત ઉત્પન્ન થયા પહેલાં હતા અને જગતના પ્રલય પછી પણ રહીશું; કારણ કે જે છે, જે હતું અને જે હશે તે આપણે છીએ. આ દૃષ્ટિએ જન્મ અને મરણ એ માત્ર દેખાવ છે. આપણા મનુષ્યદેહમાં જેમ ઘણા જંતુઓ રોજ જન્મે છે અને મરે છે, છતાં આપણે મરતા નથી, તેમ આપણા વિરાટ

સર્વ પ્રાણીઓના કલ્યાણની વિશ્વપ્રેમી ભાવના રૂપી
તેની ગાઢ છાયામાં હમ્મેશાં આશ્રય લઇ શકે છે.
તેમાંથી નિરંતર ટપકતો ઉપદેશ રૂપી અમૃતરસ,
પ્રાણીઓને ગભરાવી નાંખનારા સર્વવ્યાપી
કામ-ક્રોધાદિક મહાવિષોના પ્રચારો અટકાવે છે.
તમે સર્વ જાણો છો, અને અનુભવો છો, કે—
જગત્માં કોઇને સુખ નથી,
સર્વત્ર જાણે દુઃખ જ વ્યાપી રહ્યું છેઃ
રોગઃ શોકઃ જન્મઃ જરાઃ કલેશઃ આસક્તિઃ ભૂખઃ તરસઃ
સંયોગઃ વિયોગઃ અને આખરે મરણઃ એટલે
કાળના વિકરાળ જડબામાં અશરણ પ્રાણીને હતાશ
થઇ પ્રવેશ કરવો પડે છેઃ

જેમ જાણે બધા જીવાત્માઓ પિંજરમાં પુરાયા હોય,
જેમ જાણે જાળમાં સપડાયા હોય, અને
એવી અનેક યાતનાઓ એકલા અશરણ ભાવે અનુભવતા હોય છેઃ
એ બધું તમે જાણો છો, અને અનુભવો છોઃ
એ જાળની, એ પિંજરની મોહક ખુબી તો એવી છે, કે—
તેમાં રહ્યા રહ્યા જીવાત્માઓ સુખ માને છે, આનંદ માને છે.
કદાચ કોઇ દુઃખ તરીકે સમજાવે તો તેને
હસી કાઢનારા યે પડ્યા છે
હું ખાત્રીપૂર્વક કહું છું, હું ભાર મૂકીને કહું છું કે—
એ જાળને તોડી નાંખવાને, એ પિંજરને છિન્નભિન્ન કરવાને

આવ્યા તોપણ જેઓ તેમનું કહેલું સમજી ન શકયા તે એવા ને એવા જ રહી ગયા. શ્રીકૃષ્ણ જ્યારે કંસને મારવા ગયા ત્યારે મલ્લને મલ્લ જેવા લાગ્યા કંસને કાળરૂપ લાગ્યા, વસુદેવ અને દેવકીજીને બાળકરૂપ લાગ્યા,અને યોગીઓને પરમ તત્ત્વરૂપ લાગ્યા. આ સ્વભાવ જગતની બધી વસ્તુઓમાં છે.વસ્તુ કેવી છે તેનો આધાર જોનાર ઉપર છે.

પ્રો. આઇન્સ્ટીનના નવા ગણિતમાં અચળ વસ્તુને 'ઇનવેરિયન્ટ' કહે છે. તેથી આત્માનો અનુભવ કરવો હોય તો પ્રકૃતિની ગતિ બંધ કરવી જોઇએ. તે વખતે અંદરની પ્રેરણાથી સત્ય જ્ઞાન મળશે, પણ તે જ્ઞાન આવે ત્યારે ધીરજ રાખવી જોઇએ અને પ્રકૃતિની ક્રિયાને શાંત રાખવી જોઇએ. તે વખતે આનંદ આવશે, પણ આનંદ ભોગવવાની ઇચ્છા થશે તો તે આનંદ જતો રહેશે; કારણ કોઈ પણ ઇચ્છાથી પ્રકૃતિ જાગ્રત થાય છે અને તે વખતે આત્મા સુષુપ્તવત્ લાગે છે. જગતમાં બે વસ્તુના સંયોગથી સુખ થાય છે. અહીં એક વસ્તુનું સુખ છે તેથી તે કોઈ પણ બીજા સુખની સાથે સરખાવી શકાય નહિ. પોતે જ્ઞાતા હોવાથી જ્ઞાનની જરૂર નથી, પોતે પ્રમાણ હોવાથી તેને બીજા પ્રમાણની અપેક્ષા નથી; પોતે સ્વયંપ્રકાશ હોવાથી તેને બીજા પ્રકાશની અપેક્ષા નથી. તે સાધન-સાધ્ય નથી, સિદ્ધ છે. ત્યાં જીવ-ઇશ્વરનો સંબંધ નથી, કારણ કે ત્યાં બે વસ્તુ નથી. જ્યાં જીવ છે, ત્યાં જ ઇશ્વર છે. ઇશ્વરને ખોટી રીતે જોવાથી જીવ દેખાય છે. તેથી નાની વસ્તુ અને મોટી, બધી સમાન છે. આ સત્ય આશ્ચર્યકારક છે. આ મન્ત્રનો અનુભવ ન હોય તે જ બંધ છે. તે અનુભવ

માની બેસનાર જીવોની કલ્પનામાં એટલે માણસની
.માં રહેલાં છે.

માયાના વ્યવહાર માટે કાળની જરૂર પડે છે ત્યારે
ને વખતનો કાળ ગ્રહણ કરે છે. કોઈને કાગળ લખવો
તો ગામનું નામ અને તારીખ પહેલાં લખવાં પડે છે,
ર જવાબ આપનાર જવાબ આપી શકે નહિ, અને
। આપનાર પોતાનું ગામ અને તારીખ લખીને જવાબ
છે. માટે કાળનો આધાર સ્થાન ઉપર છે અને સ્થાનનો
ર કાળ ઉપર છે. બન્ને જુદાં પાડી શકાય નહિ. એ
સાયન્સનો મત છે અને આપણાં શાસ્ત્રોને મળતો આવે
ની અહીં આપણે જોઈએ તો પૃથ્વી ઉપર પણ દરેક
એ કાળ જુદો રહે છે. મુંબઈમાં મુંબઈનો ટાઈમ, કલકત્તામાં
ાનો ટાઈમ અને લંડનમાં લંડનનો ટાઈમ. તેથી અંગ્રેજી-
ાડિયાળને ટાઈમ-પીસ કહે છે. લંડનના ખબર રેડિયોમાં
ળવા હોય તો આંહીના ટાઈમ કરતાં પા કલાક મોડો
ો ઉઘાડવો જોઈએ. ત્યાંનું એક વાગ્યાનું સંગીત સાંભ-
હોય તો અહીં ૬॥ વાગે રેડિયો ઉઘાડવો જોઈએ. અહીં
મનો ઠરાવ ૬॥ વાગે પસાર થાય તો તે લંડન તે જ
ે બપોરે ૧ વાગે રેડિયોદ્વારા પહોંચી જાય છે. જે બનાવ
ાખતે બને તે તે વખત પહેલાં બીજી જગ્યાએ પહોંચી
। એ હાલના જમાનાની નવી શોધ છે. તેથી પૃથ્વીની
ાત્તિ એક જગ્યાએ થાય તેની ખબર તે વખત પહેલાં બીજી
યાએ પહોંચી જાય, તો બીજી જગ્યાના માણસોને કેવી
ાઈ લાગે ! આ પૃથ્વીના માણસોનો વ્યવહાર પણ એક

તેને તે જાતનો તે લાભ તેનાથી પ્રાપ્ત થશે.
તમારી સર્વ શુભ પ્રવૃત્તિઓનું તેને કેન્દ્ર બનાવો.
તમારા સર્વ જીવનનું તેને કેન્દ્ર બનાવો.
કારણ કે
તે મંગળમય છે, સિદ્ધિપ્રદ છે.

આ મહત સત્ય—
પરિપૂર્ણ, અનુત્તર અને સંશુદ્ધ છે.

આ જ—
સિદ્ધિનો માર્ગ છે, મુક્તિનો માર્ગ છે, નિર્વાણનો માર્ગ છે,
અને એકંદર સર્વ દુઃખોના નાશનો પરમ ઉપાય છે.

તેને સેવનારા—
સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે,
પરિ નિર્વાણ પામે છે. અને એકંદર
સર્વ દુઃખોનો અંત કરે છે.

જે—
તેના પર શ્રદ્ધા રાખશે,
તેને પ્રાપ્ત કરશે એટલે બુદ્ધિગમ્ય કરશે, અને
તેના પર રુચિ જાગ્રત કરશે;
તેમ કરીને

જે—
તેનો સ્પર્શ એટલે સ્વીકાર કરશે,
તેનું ધીમે ધીમે પાલન કરશે, અને

તરીકે માની બેસનાર જીવોની કલ્પનામાં એટલે માણસની કલ્પનામાં રહેલાં છે.

માયાના વ્યવહાર માટે કાળની જરૂર પડે છે ત્યારે જીવ તે વખતનો કાળ ગ્રહણ કરે છે. કોઈને કાગળ લખવો હોય તો ગામનું નામ અને તારીખ પહેલાં લખવાં પડે છે, નહિતર જવાબ આપનાર જવાબ આપી શકે નહિ, અને જવાબ આપનાર પોતાનું ગામ અને તારીખ લખીને જવાબ આપે છે. માટે કાળનો આધાર સ્થાન ઉપર છે અને સ્થાનનો આધાર કાળ ઉપર છે. બન્ને જુદાં પાડી શકાય નહિ. એ નવા સાયન્સનો મત છે અને આપણાં શાસ્ત્રોને મળતો આવે છે. વળી અહીં આપણે જોઈએ તો પૃથ્વી ઉપર પણ દરેક જગ્યાએ કાળ જુદો રહે છે. મુંબઈમાં મુંબઈનો ટાઇમ, કલકત્તામાં કલકત્તાનો ટાઈમ અને લંડનમાં લંડનનો ટાઈમ. તેથી અંગ્રેજીમાં ઘડિયાળને ટાઈમ-પીસ કહે છે. લંડનના ખબર રેડિયોમાં સાંભળવા હોય તો આંહીના ટાઇમ કરતાં પા કલાક મોડા રેડિયો ઉઘાડવો જોઈએ. ત્યાંનું એક વાગ્યાનું સંગીત સાંભળવું હોય તો અહીં ૬ાા વાગે રેડિયો ઉઘાડવો જોઈએ. અહીં કોંગ્રેસનો ઠરાવ ૬ાા વાગે પસાર થાય તો તે લંડન તે જ દિવસે બપોરે ૧ વાગે રેડિયોદ્વારા પહોંચી જાય છે. જે બનાવ જે વખતે બને તે તે વખત પહેલાં બીજી જગ્યાએ પહોંચી જાય એ હાલના જમાનાની નવી શોધ છે. તેથી પૃથ્વીની ઉત્પત્તિ એક જગ્યાએ થાય તેની ખબર તે વખત પહેલાં બીજી જગ્યાએ પહોંચી જાય, તો બીજી જગ્યાના માણસોને કેવી નવાઈ લાગે! આ પૃથ્વીના માણસોનો વ્યવહાર પણ એક

ની દેખાય છે, તેથી જેટલા જોનારા અને જ્યાં તે બેઠા
તેટલા સવારીના દેખાવ છે. તેમ સિદ્ધાંતમાં જગતને જોવ
વાળા જેટલા જીવ છે, પશુ, પક્ષી, માછલાં, માણસ વગે
અને જે કાળે જે સ્થાનેથી જુએ છે, તેટલા જગતના દેખ
છે. તેથી જગત એક નથી, તે કલ્પિત વસ્તુ છે. સવારી
ઊંટને અથવા ઘોડાને પૂછીએ કે તમારી જાતિમાં કોઇ રા
જેવું કાંઈ છે કે નહિ? અને તેમનામાં જવાબ દેવાની શ
હોય તો તે કહેશે કે, 'એ બધા મનુષ્યપ્રાણીના સંસા
પ્રપંચ છે.' સો વર્ષ પહેલાં જન્મીને જે માણસો મરી
તેમની કલ્પનામાં તેમનો ઇતિહાસ હતો. હાલ આપણે
ભાવે જન્મ્યા એમ માનીએ તો આપણો હાલનો ઇતિ
એ આપણો સ્થાનધર્મ છે. હાલના વખતમાં પણ
આપણે સ્વપ્નામાં હોઇએ ત્યારે સ્વપ્નાનો કાળ ઉત્પન્ન
છે. નિદ્રામાં નિદ્રાનો કાળ રહે છે. સમાધિમાં સમા
કાળ રહે છે. જાગ્રતમાં જાગ્રતનો કાળ રહે છે અને
આધાર પણ જાગ્રતમાં આપણી જગ્યા ઉપર છે. તે
એ નિયત સ્વભાવવાળો નથી, પણ સ્થાનધર્મ છે.

તેથી જગત અને તેના બનાવ એક કાળથી
થાય નહિ. પોપટને પોપટનાં જ્ઞાનનું જગત છે અને

અમને તેના પર શ્રદ્ધા જાગ્રત થઈ છે.
અમને તે બુદ્ધિગમ્ય થઈ ચૂક્યું છે.
અમને તેના પર સંપૂર્ણ રુચિ ઉત્પન્ન થઈ છે.
અમને તેનો સ્પર્શ કરવાની ઈચ્છા થઈ છે.
અમને તેનું પાલન કરવાની ઈચ્છા થઇ છે.
અમને તેનું અનુપાલન કરવાની સંપૂર્ણ ઇચ્છા થઇ છે."

"—તો, એક ક્ષણ વારનો પણ વિલંબ ન કરો, ન કરો."
" 'તથા' ભદન્ત ! 'તથા' ભદન્ત ! 'તથા' ભદન્ત ! "

* * *

" હે મહાસાત્ત્વિકશિરોમણિઓ ! મને શ્રી દેવરાજની પરમ આજ્ઞા છે, જેથી કરીને હું વૈશ્રવણ નામનો તમનો કોષાધ્યક્ષ આપ સર્વેને શ્રમણલિંગની સર્વ સામગ્રી પુરી પાડવા ઇચ્છું છું."

" ઇન્દ્રભૂતિ વિગેરે હે ! વિપ્રવરો ! અને આર્યે ! ચંદને ! તમારે કર્તવ્ય છે, એ

" 'તથા' ભદન્ત ! "

" ત્રણ પ્રદક્ષિણા દઇ [ચૈત્યવૃક્ષ, તીર્થંકર અને શાશ્વત તેમ જ વર્તમાન] તીર્થને વંદન કરો, અને હવે પછી શરૂ થવાના તમારી મહા સાધના અને ઉત્કૃષ્ટ જીવનપ્રયોગની શરૂઆતમાં મહામંગળ રૂપ શાશ્વત પરમેષ્ઠિ મહામંત્રની ભાવ આરાધના કરો."

પણ ફેરફાર થશે અને તે ધીમા ચાલવા લાગશે.
જતાના સંસ્કાર એવા પડી જશે કે વારંવાર તેવી
અને તેવા સુખીની ઇચ્છા થયા કરશે.

આપણી મરજી પ્રમાણે ક્રિયા કરી શકીએ તે
મોક્ષ નથી, પણ આપણને બાંધી શકે એવી કોઈ
રહે તેનું નામ મોક્ષ છે. કોઈ દુઃખ આપે ત્યા
આપનાર પણ આપણું રૂપ છે, એમ માનવું જોઇએ
અભિમાનથી તે સહન થતું નથી, પણ દેહનું
મૂકવાનું છે. ખરી રીતે તે દશામાં દુઃખ દેનાર પ
નહિ; કારણ કે પોતાના દાંત જીભને કચરતા નથી

સામાન્ય માણસ કર્મ પ્રમાણે ફળ માગે છે.
માણસને ગરીબ દેખી મૂંઝાય છે અને અધર્મ
કેમ મળે છે તે તેને સમજાતું નથી; પણ પૈ
મળે કે ઓછો મળે તે ઉપરથી સારું કર્મ કે ખ
માનવાનું નથી. સારું કર્મ તે જ કે જેથી આત્મ
કર્મની જુદીજુદી વાતો, તેના પ્રકાર, તેના
કિંમત, તેનાં ફળ વગેરે સાપેક્ષ છે. તે બધા પ્રશ્નો
મળી શકશે નહિ. તેનું કારણ એ છે કે મા
પોતાને જુદો જીવ માની તે જુદા જીવનાં ટ

વખત પછી તે ચારમાંથી એક માણસનું મૃત્યુ થયું. ત્યાર પછી થોડા દિવસમાં જ્યાં 'પ્રેતાવાહન'ના પ્રયોગો ચાલત હતા ત્યાં એક માણસ કે જે સાધનરૂપ થયો હતો તેણે કહ્ કે તે મરી ગયેલ વિદ્વાન સૂચના કરે છે કે, તેણે અમુ ચાર જગ્યાએ ચાર ઈંટના કટકા દાટ્યા છે. તે ભેગા કરી ઉપર જે લખ્યું છે તે વાંચી જુઓ. એ કટકા ભેગા ક તેમાં કોતરેલું લખાણ વાંચવાથી એમ નીકળ્યું કે, 'હું જીવ જે શરત કરી ગયો હતો તે પ્રમાણે મેં મારું લખાણ એ સીલ કરેલા કવરમાં લખી અમુક બેંકમાં મૂકેલ છે.' તે ઉપ થી બેંકમાં તપાસ થઈ અને જે લખાણ તે મૂકી ગયો હ તે મળી આવ્યું.

ઇ. સ. ૧૯૧૧ની સાલમાં જ્યારે 'ટીટાનીક' નાગ સ્ટીમર ડૂબી હતી; તે વખતે લગભગ ૧૫૦૦ માણસ મરી ગયા હતા, ત્યારે તેમાં 'રિવ્યુ ઑફ રિવ્યુઝ'ના અધિ વીલિયમ સ્ટેડ હતા. તે સ્ટીમર ઊપડી તે પહેલાં કોઈ જોશીએ કહ્યું હતું કે, 'આ મહિનામાં તમે દરિ મુસાફરી કરશો નહિ;' છતાં તેમનું કહેલું ન માની તે સ્ટ માં મુસાફરી શરૂ કરી અને સૌની સાથે ડૂબી ગય વિદ્વાનનો આત્મા પણ એક ...

करन्तं पि अन्नं न समणुजाणामि;].
तस्स-भन्ते ! पडिक्कमामि,
—निन्दामि,
—गरिहामि.
अप्पाणं वोसिरामि. "

" અહો ! સ્વયંબુદ્ધ ભગવંતે પણ મહાભિનિષ્ક્રમણ વખતે આ જ મહાસૂત્ર પાઠ સ્વયં ઉચ્ચાર્યો હતો. "

" હા. પરંતુ ભંતે ! શબ્દો સિવાય. "

* * *

" અહો ! ભગવન્ ! ત્રિકાળદર્શી નાથ !

આ સર્વ મહાનુભાવો અને મહાનુભાવાઓ આ મહા પ્રતિજ્ઞા લઇ જે રીતે નિકળી પડે છે, તે જોઇ અમારૂં અંતઃકરણ આશ્ચર્ય સાગરમાં ડુબી જાય છે. અમે પણ આપના પવિત્ર દર્શનથી કૃતાર્થ તો થયા જ છીએ; પરંતુ ભગવન ! અમારો કાંઇ તરણોપાય ? "

" તમે પણ સામાયિક કરો. સામાયિક કરો. "

"હે નાથ ! અમને તેના પર શ્રદ્ધા જાગ્રત્ થઇ છે. અમે તેને બુદ્ધિગમ્ય કરી લીધું છે. યાવત્ અમને તેનું અનુપાલન કરવાનું યે મન થઈ આવે છે પરંતુ, અમારૂં શું ગજું ? કારણ કે-ધન-ધાન્ય, કુટુંબ-પરિવાર અને જુદા જુદા

બંધ થઈ, અને માત્ર નિશાનીથી જવાબ આપત
વખતે તે ગર્ભમાં હતી અને તેને અંધકાર લાગ
તેની મૂર્છા વધારવામાં આવી ત્યારે તેમાંથી
બુઢ્ઢા માણસનો અવાજ નીકળ્યો. પહેલાં તે
જવાબ આપ્યો નહિ, પણ તેનો જીવ જરા વ
હઠાવવામાં આવ્યો ત્યારે તેણે પોતાના જીવનની
કત કહેવા માંડી અને કહ્યું કે, પોતાનું શરીર છો
તે છોકરીની આસપાસ તે રહેતો અને બાળ
વખતે તેણે તેમાં પ્રવેશ કર્યો. તે બુઢ્ઢા માણ
આગલો જન્મ કહેવાનું કહ્યું; ત્યારે તેમાંથી એક
ખરાબ સ્વભાવની સ્ત્રીનો જન્મ નીકળ્યો; પણ આ
માં તે છોકરીનો જીવ થાકી જવાથી પ્રયો
રાખવો પડ્યો.

ખરા સાધુઓ આવા પ્રયોગો તરફ લક્ષ અ
જન્મ પહેલાં જીવતા હતા તેમ જાણવું અથવા
જીવતા રહેવું તેનું નામ મોક્ષ નથી, પણ વા
આપણો કોઈનો જન્મ થયો નથી એવો નિશ્ચય
અને આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિ
બંધનને માટે છૂટવું તેનું નામ મોક્ષ છે. તે મ

નથી. પ્રો. આઇન્સ્ટીનની શોધ પ્રમાણે કહી શકાય
ઉત્પન્ન થયું જ નથી. અધિષ્ઠાન છે પણ તેને શું કે
આધાર જોનારના જ્ઞાન ઉપર છે.

જગત અને ઈશ્વર વિષે આપણે આપણા વિચાર
દૃષ્ટિથી કરીએ છીએ. તે દૃષ્ટિમાં ફેરફાર થાય એટ
નવા રૂપે દેખાય. બ્રહ્મદૃષ્ટિએ જગત બ્રહ્મરૂપ લા
માણસ આત્મારૂપ દેખાય, બધા નિત્યમુક્ત છે એમ ને

મનુષ્યના મનથી જે જ્ઞાન ઉત્પન્ન થાય
પછી એક વિચાર આવવાથી ઉત્પન્ન થાય છે.
મળતું જ્ઞાન એક ક્ષણમાં એક સાથે વીજળીના
માફક વસ્તુનો પ્રકાશ કરે છે; તેથી જ્ઞાનીને વિચા
જરૂર પડતી નથી. આપણને જગત વિષે અને
જે જ્ઞાન છે તે આપણી લાગણી પ્રમાણે થાય છે
ઉપયોગમાં આવતાં માપ, ફૂટ, ઘડિયાળ વગેરે
અમુક વસ્તુ સારી અને અમુક વસ્તુ નરસી,
આપણી માન્યતા સાપેક્ષ છે. વસ્તુ પોતે સારી
નરસી પણ નથી. બધું બ્રહ્મસ્વરૂપ છે. જેવો
તે દેખાય છે. આપણે સ્થિર હોઈએ ત્યારે
જોઈએ તો તે વસ્તુનાં કિરણ અમુક ગતિએ

પાંચ તીર્થ તરફ અનન્ય રુચિ–પ્રીતિ ધારણ કરી, એટલે કે–મિથ્યા ખ્યાલો રૂપ સાવદ્ય અંશનું પ્રત્યાખ્યાન કરી, **અર્થાત્ શ્રાદ્ધ થઈ સમ્યકત્વ સામાયિક ધર્મની** આરાધના કરો. કેમકે–એટલેથી પણ છેવટે તીર્થમાં તમારૂં સ્થાન રહેશે જ રહેશે. જેથી કરી ઉત્તરોત્તર મહાસામાયિક ધર્મની યોગ્યતા અને સામગ્રી પ્રાપ્ત કરી પરંપરાએ નિર્વાણ જલ્દી પ્રાપ્ત કરી શકશો.

તેમ પણ જેનાથી ન બની શકે, તેણે તીર્થ બહાર રહ્યા રહ્યા તીર્થાભિમુખ ચિત્તવૃત્તિ રાખી પૂર્વસેવાદિક કુશળ કર્મ એવી રીતે કરવાં કે જેથી કરી માર્ગગામી–માર્ગાનુસારી બની સમ્યકત્વ સામાયિકાદિકની યોગ્યતા અને સામગ્રી પ્રાપ્ત કરી પરંપરાએ મોક્ષ પ્રાપ્ત કરી શકાય. ’

“ ભગવન્ ! જરૂર અમે એમાંની તો કોઈ પણ રીતે સામાયિક ધર્મ આરાધી શકીશું જ. ”

“ –તો, તમે જુદી જુદી રીતે દેશ આરાધકો છતાં એકી સાથે યથાવિધિ તીર્થને વંદન કરો, પરમેષ્ઠિ મહામંગળનું સ્મરણ કરો, અને સામાયિકદંડક મહાસૂત્રનો ઉચ્ચાર કરી યથાયોગ્ય પ્રતિજ્ઞા કરો. ’

“ મહાન્ અનુગ્રહ, પ્રભો !

१. **नमो अरिहन्ताणं, नमो सिद्धाणं, नमो आयरियाणं, नमो उवज्झायाणं, नमो लोए सव्वसाहूणं.**

ઉપર છે. તે દૃષ્ટિએ જોઇએ તો જાણે નાટકને પોતાને જોનારથી પૃથક્ કાંઈ સ્વભાવ જ લાગતો નથી. જો જગતનો સ્વભાવ નિયત માનીએ તો તેની સાથે એક થવું બહુ મુશ્કેલ પડે. તેમ માનવાની જરૂર નથી; કારણ કે તે સ્વભાવ નિયત નથી.

પશુઓને આપણા જેવી નીતિ નથી. તેઓને જગતના સૌંદર્યનો ખ્યાલ નથી, ધર્મનો ખ્યાલ નથી; કારણ કે તેની દૃષ્ટિ જુદા પ્રકારની છે. તેથી તે જુદા લોકનાં પ્રાણી છે. તે પોતાના શરીરને જોઈ શકતાં નથી, માણસ પોતાના શરીરને જોઈ શકે છે; મહાત્માઓ પોતાના શરીરને પોતાથી જુદું જોઈ શકે છે અને યોગીઓ બીજાના શરીરમાં પણ પ્રવેશ કરી શકે છે; કારણ કે તેઓને પોતાના શરીર વચ્ચે અને બીજાના શરીર વચ્ચે ભેદ લાગતો નથી. એક માણસ અને બીજા માણસની વચ્ચે જે આકાશ દેખાય છે તે માત્ર પર્યાય છે. તેને માણસ આકાશ કહે છે; પણ તે ખરેખર આકાશ નથી તે પણ કોઈ વસ્તુનો પર્યાય હોવાથી આત્મજ્ઞાનમાં તેનો સમાવેશ થાય છે, તેથી દેશથી અને કાળથી દૂરપણું દૂર થાય છે. નાના ગોળાકારનું મધ્યબિંદુ મોટા ગોળાકારના મધ્યબિંદુ સાથે એક થાય છે. જેવું જ્ઞાન તેવી દૃષ્ટિ અને તેવો અનુભવ.

સૂર્યોદય વખતે અને સૂર્યાસ્ત વખતે જે સૌંદર્ય દેખાય છે તે સાધારણ માણસ અને કળાવાન માણસ એકસરખી રીતે જોઈ શકતા નથી. કળાવાનને તેમાં નવું સૌંદર્ય દેખાય છે. તેવી જ રીતે જગતના બધા પદાર્થનાં અનેક પર્યાય છે. તેનાં અનેક પ્રકારનું સૌંદર્ય છે, પણ તે કળા-

થાય છે. જ્ઞાન એટલે વસ્તુને આખી જોવી. આખી જોવા માટે તેની સાથે એક થવું જોઇએ.

માણસ જેને મરણ કહે છે તે મરણ નથી. મરણ એટલે જે સાધનથી તે જીવ મનુષ્ય તરીકે જીવતો હતો તે સાધન જીર્ણ થવાથી મૂકવું પડે છે. બીજાની દૃષ્ટિએ તે દેખાતો નથી. મનુષ્ય થવા માટે તેણે જે સાધન લીધું હતું તે મૂકી દીધું તેથી તે પોતે પહેલાં હતો તેવો રહ્યો. તેથી કાઠિયાવાડમાં મરી ગયેલ માણસને 'પાછો થયો' એમ કહે છે. જેમ આજના દિવસના સંસ્કાર લઇને રાત્રે નિદ્રા લઈએ છીએ અને સવારે તે સંસ્કાર લઇને ઊઠીએ છીએ, તેમ મરણ વખતે આ જન્મના સંસ્કાર લઈ જીવ નીકળે છે અને તે જ સંસ્કારથી પાછું શરીર લે છે; પણ છતાં જેમ દરરોજ સૂઇને ઊઠયા પછી આપણને મરણ અને જન્મ જેવું લાગતું નથી, તેમ આપણો આત્મા મરતો નથી અને જન્મતો નથી. આપણે જન્મ્યા ત્યારે આપણને જન્મની ખબર નહોતી. બીજાનો જન્મ જોઇને એમ લાગે છે કે આપણે પણ એવી રીતે જન્મ્યા હોઈશું, પણ તે હાલની દૃષ્ટિનું ફળ છે. પૃથ્વીની ઉત્પત્તિ કેવી રીતે થઈ હશે તે માટે સૌ કલ્પના કરે છે, પણ કોઈએ તે વખતે તેની ઉત્પત્તિ જોઈ નહોતી. તે માટે પણ હાલની દૃષ્ટિથી વિચાર થાય છે. મનુષ્ય તરીકે દેહાભિમાનની દૃષ્ટિથી જન્મ અને મરણના બનાવ જેવા દેખાય છે તેવા વસ્તુતઃ નથી. પશુઓને જન્મમરણ માણસના જેવાં લાગતાં નથી; કારણ કે તેમને માણસના જેવી લાગણી નથી. જ્ઞાની તો પોતાને દેહ અને પ્રાણથી અતીત જુએ છે,

" હે ભિક્ષુઓ વા ભિક્ષુણીઓ વા !

હવેથી તમારે તમારા જીવન પર્યંત પ્રત્યેક ક્ષણે—

[૧] એકાગ્ર થઇ સામાયિક ધર્મમાં પ્રગતિ કરવાની છે. તથા

[૨] સર્વ સાવદ્યયોગોના પ્રત્યાખ્યાન રૂપ પંચમહાવ્રતાદિકની પ્રતિજ્ઞા કરી છે, તેથી એ સાવદ્યયોગો તમને કયાંય ભૂલાવો ન ખવડાવે, તે ફાવી ન જાય, માટે તેથી પૂરે-પૂરા સાવચેત રહેવાનું છે.

[૩] આ સાધનાના અંતિમ આદર્શભૂત તીર્થંકરોના હૃદયથી સ્મરણ, સ્તવન અને કીર્તન તમારી આ વિકટ સાધનામાં અવલંબન માટે નિરંતર કરજો. અને

[૪] નિઃસ્પૃહ તથા નિરંતર કલ્યાણૈકતત્પર એવા સદ્ગુરુઓની હાર્દિક પ્રતિપત્તિથી હાર્દિક સહાનુભૂતિ મેળવ્યા વિના આ સામાયિક ધર્મની આરાધના લગભગ અશક્ય જ છે. એટલે જ તેઓના અંતઃકરણ જીતી લેવા ઉપર જ તમારી સર્વ સફળતાનો આધાર છે.

[૫] આ રીતે સાવધાન રહેવા છતાં, જે ક્ષણે તમારા જીવનમાં સ્થૂલ કે સૂક્ષ્મ, માનસિક, વાચિક કે કાયિક સાવદ્યયોગ પ્રવેશ કરી દે, તે વખતે જરા પણ ન ગભરાતાં, તીર્થંકરોનું હૃદયથી સ્મરણ-સ્તવન કરી સદ્ગુરુઓની સમક્ષ બનતા સુધી બ્હારનાં તદ્દન નિખાલસ ભાવે આલોચન, પ્રતિક્રમણ, નિંદા અને ગર્હા કરી શુદ્ધ થજો. હવે પછીના કાળ અને જીવાત્માઓને ધ્યા-

થાય છે. જ્ઞાન એટલે વસ્તુને આખી જોવી. આખી જોવા માટે તેની સાથે એક થવું જોઇએ.

માણસ જેને મરણ કહે છે તે મરણ નથી. મરણ એટલે જે સાધનથી તે જીવ મનુષ્ય તરીકે જીવતો હતો તે સાધન જીર્ણ થવાથી મૂકવું પડે છે. બીજાની દૃષ્ટિએ તે દેખાતો નથી. મનુષ્ય થવા માટે તેણે જે સાધન લીધું હતું તે મૂકી દીધું તેથી તે પોતે પહેલાં હતો તેવો રહ્યો. તેથી કાઠિયાવાડમાં મરી ગયેલ માણસને 'પાછો થયો' એમ કહે છે. જેમ આજના દિવસના સંસ્કાર લઈને રાત્રે નિદ્રા લઈએ છીએ અને સવારે તે સંસ્કાર લઇને ઊઠીએ છીએ, તેમ મરણ વખતે આ જન્મના સંસ્કાર લઈ જીવ નીકળે છે અને તે જ સંસ્કારથી પાછું શરીર લે છે; પણ છતાં જેમ દરરોજ સૂઇને ઊઠયા પછી આપણને મરણ અને જન્મ જેવું લાગતું નથી, તેમ આપણો આત્મા મરતો નથી અને જન્મતો નથી. આપણે જન્મ્યા ત્યારે આપણને જન્મની ખબર નહોતી. બીજાનો જન્મ જોઇને એમ લાગે છે કે આપણે પણ એવી રીતે જન્મ્યા હોઈશું, પણ તે ક્ષાત્રની દૃષ્ટિનું ફળ છે. પૃથ્વીની ઉત્પત્તિ કેવી રીતે થઈ હશે તે માટે સૌ કલ્પના કરે છે, પણ કોઈએ તે વખતે તેની ઉત્પત્તિ જોઈ નહોતી. તે માટે પણ ક્ષાત્રની દૃષ્ટિથી વિચાર થાય છે. મનુષ્ય તરીકે દેહાભિમાનની દૃષ્ટિથી જન્મ અને મરણના બનાવ જેવા દેખાય છે તેવા વસ્તુતઃ નથી. પશુઓને જન્મમરણ માણસના જેવાં લાગતાં નથી; મરણ કે તેમને માણસના જેવી લાગણી નથી. [illegible] પોતાને દેહ અને [illegible] અલગ જુએ છે,

